# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

ટ્રોલિંગ પર કેટરિના કૈફનો જવાબ, બીજાની વાત સાંભળશો તો આગળ નહીં વધી....



**પેજ-09**

રાંચીમાં 249 રન બનાવીને પણ ભારત હાર્યું: ગૌતમ ગંભીર ભડક્યા, ....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 23.00 |
| સુરત | 36.00 | 23.00 |

પેજ 5



રૂપિયો રેકોર્ડ તળિયે પહોંચતાં આખરે રિઝર્વ બૅન્ક એક્શનમાં!

**11** OCTOBER-2026 SUNDAY

રશિયા અમેરિકા ડીઝલ કરારથી સમગ્ર વિશ્વના રાજકારણમાં મોટો ગરમાવો....



પેજ 10

**.....સુવિચાર.....**

દરેક વખતે મનને મનાવવું, એ જિંદગી જીવી કહેવાય, ક્યારેક મન નું પણ માનવું એ જિંદગી માણી કહેવાય

વર્ષ-15 । અંક-327 । વિક્રમ સંવત-2082 । આસો સુદ 01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




# જે યુવાનો જાગૃત થયા છે એ લોકોની હિંમત ને હું બિરદાવું છું અને ગુજરાતના લોકો પણ આ બધું જોઈ રહ્યા છે: મનોજ સોરઠિયા...

## જે રીતે દિલ્હીમાં જંતર મંતર પર થઈ રહેલા આંદોલનને રોકવાની કોશિશ કરવામાં આવી રહી છે, આ રીતે લોકોની વિરુદ્ધમાં જઈને લોકોના અવાજને દબાવવાનું કામ અંગ્રેજોએ પણ કર્યું ન હતું: મનોજ સોરઠિયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે જે રીતે દિલ્હીમાં જંતર મંતર પર થઈ રહેલા આંદોલનને રોકવાની કોશિશ કરવામાં આવી રહી છે આ રીતે લોકોની વિરુદ્ધમાં જઈને લોકોના અવાજને દબાવવાનું કામ અંગ્રેજોએ પણ કર્યું ન હતું. તમામ યુવાનો, GenZ, આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકોને ડિટેઈન કરવામાં આવી રહ્યા છે, બે દિવસથી ખૂબ જ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે કે આ આંદોલન ન થાય, સુપ્રીમ કોર્ટની ના હોવા છતાં પણ ટ્રેનો બંધ કરવામાં આવી, મેટ્રો સ્ટેશનો બંધ કરી દેવામાં આવ્યા, ઈન્ટરનેટ પણ બંધ કરવાનું કામ સત્તામાં બેસેલા ભાજપના તાનાશાહોએ કર્યું છે. આજની સ્થિતિને જોતા લાગી રહ્યું છે કે આ આંદોલન સફળ થઈ ગયું છે, કારણ કે કોઈપણ આંદોલન થાય તો એનો ઉદ્દેશ એ જ હોય છે કે સત્તામાં બેસેલા લોકોના કાન સુધી અવાજ પહોંચે અને સત્તાને જગાડવા માટે આંદોલન થાય છે. અને આ કામ થઈ ચૂક્યું છે અને સાથે સાથે દેશ પણ જાગી ચૂક્યો છે, યુવાનોને જેટલી પણ રોકવાની કોશિશ કરવામાં આવશે એટલા વધુ યુવાનો ભ્રષ્ટ ભાજપની સામે જાગૃત બન્યા છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, આજની સ્થિતિ જોતા લાગે છે કે જનરલ ડાયર અમિત શાહે નરેન્દ્ર મોદીની બચેલી ઈજ્જતને પણ ખતમ કરવાની સોપારી લીધી છે. ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના પુરાવાઓ સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ચૂક્યા છે. સુપ્રીમ કોર્ટે પણ સાબિતી આપી છે કે "હા ઈલેક્શન કમિશનમાં કંઈ ગડબડ છે, એમના કામોમાં ગડબડ છે અને શંકાસ્પદ કામો થયા છે." 13 કરોડ મતદાતાઓના નામ મતદારયાદીમાંથી ડીલીટ કરવામાં આવ્યા છે તો સૌથી મોટો સવાલ એ છે કે આ જ્ઞાનેશકુમાર હજી સુધી પોતાની ગાદી પર કેમ બેઠો છે? આ આંદોલનમાં મુખ્ય ત્રણ માંગો છે કે 13 કરોડ લોકોના નામ ડીલીટ કરવાની પ્રક્રિયા બંધારણની વિરુદ્ધ કરવામાં આવી છે તો આ પ્રક્રિયાને રદ કરવામાં આવે, જ્ઞાનેશકુમારને તેના પદ પરથી હટાવવામાં આવે અને ત્રીજી માંગ કે મુખ્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિની પ્રક્રિયામાં હાલ ભાજપના બે મંત્રી અને એક વિપક્ષના એમ ત્રણ લોકોનો સમાવેશ થાય છે પરંતુ આ પદ્ધતિને રદ કરીને જૂની પદ્ધતિ અનુસાર એક સરકારના મંત્રી એક વિપક્ષના અને ત્રીજા સુપ્રીમ કોર્ટના જજને સામેલ કરવામાં આવે અને આ ત્રણ લોકો દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરની નિયુક્તિ કરવામાં આવે. આજે જે યુવાનો જાગૃત થયા છે એ લોકોની હિંમતને હું બિરદાવું છું અને ગુજરાતના લોકો પણ આ બધું જોઈ રહ્યા છે. ગુજરાતમાં પણ જે ઓટોક્રેસી ચાલી રહી છે એના વિરુદ્ધ પણ હવે લોકો બોલતા થશે અને આ તાનાશાહોની સામે લડતા થશે એવો મને પૂરો ભરોસો છે.

## દિલ્હીમાં સીજેપી, યુવાનો, Gen Z અને વિવિધ પાર્ટીઓના પ્રોટેસ્ટને ડામવા ભાજપ સરકારે કડક ઘેરાબંધી કરી : ઈસુદાન ગઢવી AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે દિલ્હીમાં સીજેપી, યુવાનો, Gen Z અને વિવિધ વિપક્ષી પાર્ટીઓ દ્વારા એક વિરાટ વિરોધ પ્રદર્શન (પ્રોટેસ્ટ) યોજાવાનું હતું. પરંતુ ભાજપ સરકાર એટલી બધી ડરી ગઈ છે કે તેમણે આ અવાજને દબાવવા માટે દિલ્હીના ૫૭ જેટલા મેટ્રો સ્ટેશનો બંધ કરી દીધા છે, ૨૨ રાજ્યોમાંથી આવતી ટ્રેનો રદ કરી દીધી છે અને હજી કદાચ ફ્લાઈટો પણ રદ કરવામાં આવશે. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ૫૦,૦૦૦થી વધુ પોલીસ જવાનો, સીઆરપીએફ અને બીએસએફની ફોજો ઉતારી દેવામાં આવી છે. આ પરિસ્થિતિ જોતાં એવું કહી શકાય કે માત્ર એક જ્ઞાનેશ કુમારને હટાવવા કે બચાવવા માટે ભાજપે આખી દિલ્હી અને આજુબાજુના રાજ્યોને હાઈજેક કરી લીધા છે. આખરે જ્ઞાનેશ કુમારને બચાવવા પાછળ સરકારને એટલો બધો શેનો ડર છે? આપણા વડવાઓ પણ કહેતા હતા કે એવા ખોટા ધંધા જ ન કરવા જોઈએ કે જેના લીધે પ્રજાથી ડરીને આખી સૈન્ય ફોજો રોડ પર ઉતારવી પડે.

'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં ઉમેર્યું હતું કે, ઈતિહાસ સાક્ષી છે કે કૌરવ હોય કે રાવણ, અસત્યના રસ્તે ચાલનારાઓ ગમે તેટલા શક્તિશાળી કે ટોળામાં દેખાતા હોય છતાં અંતે હંમેશા સત્યની જ જીત થાય છે; ભગવાન રામ અને દ્વારકાધીશની જ જીત થાય છે. ભાજપ સરકારે આવી તાનાશાહી બંધ કરીને દેશમાં લોકતંત્રને બચવા દેવું જોઈએ. પહેલી ચૂંટણીમાં જીતીને સત્તામાં આવી ગયા એટલે એનો અર્થ એ નથી કે તમે આખા દેશના લોકતંત્રને જ ખતમ કરી નાખો. આપણને આ આઝાદી ૨૦૦ વર્ષની કઠિન ગુલામી અને હજારો દેશભક્તોના બલિદાનો પછી મળી છે, આ દેશને કોઈ એક ઉદ્યોગપતિના હાથમાં વેચી દેવા માટે અગણિત શહીદોએ શહાદત નથી આપી. ઈસુદાન ગઢવીએ તમામ નાગરિકોને આહ્વાન કર્યું હતું કે, લોકતંત્રની રક્ષા માટે દિલ્હીમાં થઈ રહેલા આ આંદોલનને આપણે અહીં બેઠા બેઠા પણ પૂરેપૂરો નૈતિક સપોર્ટ આપીએ અને સત્યના આ સંગ્રામમાં ભાગીદાર બનીએ.

## જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે જંતર મંતર ખાતે આંદોલનના એલાનથી ભાજપ સરકાર ડરી ગઈ : પ્રવીણ રામ



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે સરકાર અને તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દેશના કરોડો મતદાતાઓના મતનો અધિકાર છીનવી લેનારા જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે જ્યારે દેશના જાગૃત યુવાનો અને વિપક્ષી સભ્યોએ દિલ્હીના જંતર-મંતર ખાતે આંદોલનનું એલાન આપ્યું, ત્યારે ડરેલી ભાજપ સરકારે દિલ્હીના મેટ્રો સ્ટેશનો અને પરિવહનના તમામ માધ્યમો બંધ કરી દીધા હતા. ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીના નેતાઓ પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, અભિજીત દીપકે અને તેમની સમગ્ર ટીમની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હોવા છતાં, હાલમાં દેશભરમાંથી લાખોની સંખ્યામાં યુવાનો અને નાગરિકો લોકશાહીના રક્ષણ માટે દિલ્હી ખાતે ઉપસ્થિત થઈ ચૂક્યા છે. શાસક પક્ષને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં તેમણે ઉમેર્યું હતું કે, સરકારે ગમે તેટલું દમન આચરવું હોય તેટલું કરી લે, પરંતુ જ્યારે દેશની જનતા પરિવર્તન અને લોકશાહી બચાવવા માટે રસ્તા પર ઉતરે છે ત્યારે સરકારની કોઈ તાકાત કે સત્તા કામ લાગતી નથી.ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે ગંભીર આરોપ લગાવતાં પ્રવીણ રામે જણાવ્યું હતું કે, ચૂંટણી જાહેર થતાં પહેલાં જે આખરી મતદાર યાદી ફાઈનલ થઈ ગઈ હતી, તે ચૂંટણી જાહેર થયા બાદ વોર્ડ નંબર ૪ ના આશરે ૧૫૦ થી ૨૦૦ જેટલાં મતદારોના મત ગેરકાયદેસર રીતે રદ કરવામાં આવ્યા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. આ અંગે પાર્ટી દ્વારા સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે અને જરૂરી પુરાવા મળતાં જ આ સમગ્ર કૌભાંડને ગુજરાત તથા દેશની જનતા સમક્ષ ખુલ્લું મુકવામાં આવશે. તેમણે ભારપૂર્વક માગણી કરી હતી કે કરોડો નાગરિકોના મતાધિકાર સાથે ખિલવાડ કરનારા જ્ઞાનેશ કુમાર પાસેથી તાત્કાલિક ધોરણે રાજીનામું લેવામાં આવે. જો સરકાર દ્વારા સ્વેચ્છાએ રાજીનામું નહીં લેવાય, તો લોકશાહી અને બંધારણના રક્ષણ માટે દેશના નાગરિકો ગાંધી ચીંધ્યા માર્ગે અહિંસક આંદોલન ચાલુ રાખશે, જેને રોકવી વર્તમાન ભાજપ સરકાર માટે અશક્ય બની રહેશે.

## આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સહિત અગ્રણી નેતાઓની દિલ્હી પોલીસ દ્વારા અટકાયત

અમદાવાદ | દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા ભારે વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પાર્ટીના અન્ય અગ્રણી નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. અટકાયત પહેલાં મીડિયા સાથે વાતચીત કરતાં અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે તાનાશાહીનું વાતાવરણ ઊભું કર્યું છે, તે અત્યંત ગંભીર છે. દેશમાં ખૂણે ખૂણે પોલીસ અને પેરામિલિટ્રી ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે અને કોઈ પણ નાગરિકને પોતાના ઘરમાંથી પણ બહાર નીકળવા દેવામાં આવતો નથી. પરિસ્થિતિ એવી છે કે



રસ્તાઓ પર સામાન્ય રીતે ચાલતા લોકોને પણ પોલીસ પકડીને લઈ જઈ રહી છે. આટલી હદે તાનાશાહી એટલા માટે કરવામાં આવી છે કારણ કે અત્યાર સુધી વડાપ્રધાન મોદી માત્ર વોટ ચોરી કરીને જ ચૂંટણીઓ જીતતા આવ્યા છે, પરંતુ આ વખતે તેઓ રંગેહાથ પકડાઈ ગયા છે. હવે સરકાર પોતાના આ કારનામાને દબાવવા માંગે છે અને તેને ચાલુ રાખવા માંગે છે. પરંતુ દેશની પ્રજા હવે આ તાનાશાહી ચલાવી લેશે નહીં, કારણ કે આ અન્યાય સામે દેશનો યુવા વર્ગ સંપૂર્ણપણે જાગૃત થઈને ઊભો થઈ ગયો છે.અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યુ હતુ કે CJPના નેતા અભિજીત દિપકે, આશુતોષ રાંકા, સૌરભ દાસ, ધ્રુવ રાઠી અને રત્ના સિંહ સહિતના લોકોની ધરપકડ કરવામાં આવતાં દેશના યુવાનોમાં ભારે ગુસ્સો છે. તેથી હું દેશના તમામ નાગરિકો અને યુવાનોને હાથ જોડીને અપીલ કરું છું કે આપણે સૌએ સાથે મળીને દેશ અને લોકતંત્રને બચાવવું પડશે. તમે દેશમાં જ્યાં પણ હોવ, અત્યારે જ ઘરની બહાર નીકળો અને દિલ્હી તરફ કૂચ કરો. તમે સ્કૂટર, બસ, ટ્રેન કે ફ્લાઈટ–જે પણ સાધન મળે તેના દ્વારા દિલ્હી પહોંચો. દિલ્હી પહોંચતા જો પોલીસ કે સરકાર તમને રસ્તામાં જ્યાં પણ રોકે, ત્યાં જ બેસી જાઓ અને એ આખા સ્થળને જ 'જંતર-મંતર' બનાવી દો. સમગ્ર દેશને જંતર-મંતરમાં ફેરવી નાખો. જો આજે આપણે વડાપ્રધાનને વોટ ચોરી કરતા નહીં રોકીએ તો આ દેશ અને આપણું લોકતંત્ર બચશે નહીં.

## AAP નેતા ડૉ.જ્વેલ વસરાએ ભાજપના મહિલા સાંસદને આપ્યો વળતો જવાબ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.જ્વેલ વસરાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપના એક સાંસદ મેડમના ગઈકાલના સ્ટેટમેન્ટથી સાબિત થાય છે કે તેઓ ત્રીજા



પક્ષથી ખૂબ જ ડરી ગયા છે એટલા માટે એમણે જાહેર જનતાની સામે એવું નિવેદન આપ્યું કે "ત્રીજા પક્ષનો પગ પેસારો થશે તો તમારા વિસ્તારના ભવિષ્ય માટે એ સારું નથી." એમનું આ સ્ટેટમેન્ટ સાચું છે કારણ કે જો ત્રીજો પક્ષ આવશે તો ભાજપના નેતાઓના કમિશન બંધ થઈ જશે, વીજ કંપનીઓની દલાલીઓ બંધ થઈ જશે, ખેડૂતોના ખેતરોમાં વીજ થાંભલાઓ નહીં નાખી શકાય, ખેડૂતોને સમયસર સહાય ચૂકવવી પડશે, એટલા માટે મેડમનું જે સ્ટેટમેન્ટ છે એ ડર બતાવે છે. વિચારો હજુ તો આમ આદમી પાર્ટી સત્તામાં પણ નથી આવી. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ. જ્વેલ વસરાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી, પ્રવીણ રામ અને વીરુ કંડોરીયા દિવસ રાત જોયા વગર ખેડૂતો માટે કામ કરે છે, સરકાર સામે બાથ ભીડે છે અને ખેડૂતો માટે જેલમાં પણ જાય છે. તો ભાજપના એ સાંસદ મેડમને હું કહેવા માગું છું કે મેડમ ખેડૂતો અને ગુજરાતની પ્રજાના દિલમાં હવે આ ત્રીજો પક્ષ વસી ગયો છે, હવે તમે ગમે તેટલા લોકોને આમ આદમી પાર્ટી વિરુદ્ધ કરશો તો પણ પ્રજા તમારી વાત નહીં સાંભળે કારણ કે પ્રજા હવે જાગૃત થઈ ગઈ છે.

## ઓઢવમાં ત્રણ સગીરોએ યુવકને ચપ્પાના ઘા મારીને પતાવી દીધો

અમદાવાદ | અમદાવાદમાં તહેવારોની શરૂઆત પહેલા જ પૂર્વ વિસ્તારમાં બે હત્યાના બનાવ બનતા પોલીસની ચિંતા વધી છે. જેમાં નારોલમાં મકાનનો ગેટ બંધ કરવાની સામાન્ય બાબતે શરૂ થયેલો ઝઘડો હત્યામાં ફેરવાયો હતો. જ્યારે ઓઢવમાં યુવતીની



છેડતીની અદાવતમાં ત્રણ સગીરોએ યુવકને ચપ્પુ અને દંડના ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો છે. બંને બનાવમાં પોલીસે હત્યાનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.ઓઢવમાં અજીતકુમાર ઠાકોર પરિવાર સાથે રહેતો અને ડેકોરેશનનું કામ કરતો હતો. શુક્રવારે રાત્રે અજીત તેના મિત્રો રમણ અને યુવરાજ સાથે ઢોંસા ખાવા ગયો હતો. ખાવાનું પતાવીને પરત ફરતી વખતે ટુ-વ્હીલર પર આવેલા ત્રણ સગીરોએ તેમને અટકાવ્યા હતા. અગાઉ યુવતીની છેડતીની બાબતે થયેલી ઝઘડાની અદાવત રાખીને સગીરોએ અજીત સાથે ફરીથી ઝઘડો શરૂ કર્યો હતો.

## CJP ના સમર્થનમાં અને લોકશાહી બચાવવા AAP પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ હાથમાં પ્લેકાર્ડ રાખી જ્ઞાનેશ કુમારનું રાજીનામું માંગ્યું

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ દિલ્હીના આંદોલન મુદ્દે જણાવ્યું હતું કે, "જ્ઞાનેશકુમાર ઈટ્સ ડન, બ્રો" દિલ્હીમાં આંદોલનને પગલે ચારેબાજુથી કિલ્લેબંધી કરવામાં આવી હતી, તેમ છતાં પણ સમગ્ર દેશમાંથી હજારો લાખો યુવાનો દિલ્હીમાં પહોંચ્યા હતા. આજે આખા દેશની સ્થિતિ જોઈને હું ગુજરાતના યુવાનો અને ગુજરાતના લોકોને સંદેશ આપવા માંગુ છું કે આપણે જાણવું જોઈએ કે આ જ્ઞાનેશકુમારનું રાજીનામું કેમ માંગવામાં આવી રહ્યું છે? અગાઉ જ્યારે મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી થતી તો એ પસંદગી પેનલમાં ત્રણ લોકોનો સમાવેશ થતો હતો, 1. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા, 2. વિરોધ પક્ષના નેતા. 3. પ્રધાનમંત્રી. પરંતુ ભાજપે એ નિયમ બદલી નાખ્યો અને




હવે પ્રધાનમંત્રી પોતે તથા પ્રધાનમંત્રી દ્વારા નક્કી કરાયેલા તેમની સરકારના એક મંત્રી અને વિરોધ પક્ષના નેતા એમ ત્રણ લોકો હવે મુખ્ય ચૂંટણી કમિશનરની પસંદગી કરે છે. એનો મતલબ એ છે કે હાલ જે મુખ્ય ચૂંટણી કમિશનર બેઠા છે એ અસંવૈધાનિક રીતે સરકારનો પક્ષ રાખવા માટે બેઠા છે.'આપ' નેતા મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે, હવે આના પગલે શું થયું એ આપણે જોયું કે એસઆઈઆરની પ્રક્રિયાના નામે દેશના 13 કરોડ લોકોના નામ મતદારયાદીમાંથી કાપી નાખવામાં આવ્યા. આપણે જોયું છે કે ગુજરાતમાં દર વખતે જે લોકો ભાજપને મત નથી આપતા એમના નામ કાપવાની પ્રક્રિયા કરવામાં આવી છે. લોકો વિચારે છે કે ફરીથી કાર્ડ બનાવી દેશે પરંતુ દર વખતે આ મતદારયાદીમાંથી નામ કાપી નાખવાનું કામ થતું હોય છે. ગુજરાતમાં આંદોલનોને દબાવવા માટે સરકારે ખૂબ જ પ્રયત્નો કર્યા, લોકોને ડંડાઓ માર્યા, જેલમાં નાખ્યા, ખેડૂતો હક માંગે તો એમને મારતા, પાટીદારો કે દલિતો હક માંગતા તો એમને પણ મારતા, તો આ રીતે ભાજપે તમામ લોકો પર દમન ગુજાર્યો છે. હવે આ જ દમન એ દેશના લોકો પર ગુજારવા જઈ રહ્યા છે પરંતુ દેશ જાગી ગયો છે. તો હવે આ લોકો પાસે બચવાનો કોઈ રસ્તો નથી. આ વખતે જ્ઞાનેશ કુમારે રાજીનામું આપવું જ પડશે ફરીથી ચૂંટણી પંચ પર લોકોનો વિશ્વાસ બેસે એના માટે આપણે તમામ લોકોએ એક થવું પડશે. ગુજરાતના લોકોને જણાવવા માંગીશ કે જો તમે જંતર મંતર ન જઈ શકતા હો તો તમારા ઘરે રહીને આંદોલનમાં જોડાઓ અને સોશિયલ મીડિયાના માધ્યમથી પણ વિડીયો બનાવીને સંદેશ આપો અને લોકોને કહો કે આ જ્ઞાનેશ કુમારનું રાજીનામું જરૂરી છે, વધુમાં વધુ લોકોને આંદોલનમાં જોડાવા માટે આહ્વાન કરીએ.

## GIFT સિટીમાં MBAના વિદ્યાર્થીઓને બ્લૂમબર્ગ ટર્મિનલથી મળશે ગ્લોબલ માર્કેટની સમજ...

અમદાવાદ | GIFT સિટીમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન ટ્રેડ (IIFT)ની કેમ્પસમાં બ્લૂમબર્ગ ટર્મિનલ વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહ્યું છે. આ સુવિધાથી MBAના વિદ્યાર્થીઓને ક્લાસરૂમમાં ભણવાની સાથે ગ્લોબલ ફાઈનાન્સ માર્કેટ કેવી રીતે કામ કરે છે તેનો પ્રેક્ટિકલ અનુભવ મળશે. વિદ્યાર્થીઓ શેરબજારના ડેટા, નાણાકીય સમાચાર અને માર્કેટમાં થતા ફેરફારોને સમજવા માટે આ ટર્મિનલનો ઉપયોગ કરી શકશે. બ્લૂમબર્ગ ટર્મિનલ એક એડવાન્સ ડિજિટલ પ્લેટફોર્મ છે, જેના દ્વારા દુનિયાના નાણાકીય બજારોના સમાચાર, ડેટા, રિસર્ચ અને એનાલિસિસ મેળવી શકાય છે. વિદ્યાર્થીઓ આ માહિતીના આધારે માર્કેટની સ્થિતિ સમજવા અને ફાઈનાન્સ સંબંધિત નિર્ણયો કેવી રીતે લેવામાં આવે છે તે શીખી શકશે. આ રીતે તેમને માત્ર થિયરી નહીં, પરંતુ વાસ્તવિક માર્કેટમાં ઉપયોગમાં લેવાતાં ટૂલ્સ સાથે કામ કરવાની તક મળશે. IIFTના GIFT સિટી કેમ્પસમાં બ્લૂમબર્ગ માર્કેટ કન્સેપ્ટ (BMC) સર્ટિફિકેટ કોર્સ પણ ચલાવવામાં આવે છે. આ કોર્સ દ્વારા વિદ્યાર્થીઓને ફાઈનાન્સ માર્કેટની કામગીરી અને તેના વિવિધ કોન્સેપ્ટની સમજ મળશે. કોર્સ પૂર્ણ કર્યા બાદ મળતું સર્ટિફિકેટ તેમના રેઝ્યૂમેમાં ઉમેરો કરી શકે છે.

# News Brief

## ગાંધીનગર મનપા ચૂંટણીનું આજે મતદાન : 1570થી વધુ પોલિંગ સ્ટાફને કામગીરી સોંપાઈ

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી પ્રક્રિયા માટે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. 11 ઓક્ટોબરને રવિવારે સવારે 7 વાગ્યાથી શરૂ થનારા મતદાન માટે નાગરિકો પોતાના મતાધિકારનો સુગમતાથી ઉપયોગ કરી શકે તે હેતુથી ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. મતદાન પ્રક્રિયા પૂર્વે જ આજે શહેરના તમામ બુથ સુધી પોલિંગ સ્ટાફ, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન, બેલેટ યુનિટ, કન્ટ્રોલ યુનિટ, મત કુટીર અને અન્ય જરૂરી ચૂંટણી સામગ્રી પહોંચાડવાની વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ચૂંટણી સામગ્રી અને સ્ટાફની ફાળવણી તેમજ ડિસ્પેચિંગ કામગીરી માટે સેક્ટર-15 સ્થિત સરકારી વાણિજ્ય કોલેજને મુખ્ય કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે. અહીંથી મહાપાલિકાના તમામ 11 વોર્ડના કુલ 295 મતદાન મથકો સુધી સામગ્રી પહોંચાડવા માટે વહીવટી તંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલ 39 વિશેષ રૂટ મારફતે ચૂંટણી ટુકડીઓ અને ઈવીએમ મશીનોને રવાના કરવામાં આવી રહ્યા છે. મનપાની ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે કુલ 1570થી વધુ પોલિંગ સ્ટાફને કામગીરી સોંપવામાં આવી છે. પ્રત્યેક મતદાન મથક પર પાંચ સભ્યોની ટીમો તૈનાત રહેશે, જેમાં પ્રિન્સાઈડિંગ ઓફિસર, આસિસ્ટન્ટ પ્રિન્સાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર, મહિલા પોલિંગ ઓફિસર અને સેવકનો સમાવેશ થાય છે. આ તમામ કર્મચારીઓને ચૂંટણી પૂર્વે યોગ્ય તાલીમ આપી દેવામાં આવી છે તથા રેન્ડમાઈઝેશન પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવાઈ છે. જ્યારે મનપાની સમગ્ર મતદાન પ્રક્રિયા દરમિયાન કોઈ ટેકનિકલ ક્ષતિ કે કટોકટીના સંજોગો ઉભા થાય તેને પહોંચી વળવા માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આકસ્મિક જરૂરિયાત માટે 15 ટકા જેટલો તાલીમબદ્ધ અવેજી સ્ટાફ ડિસ્પેચિંગ સેન્ટર પર જ હાજર રાખવામાં આવશે. આ ઉપરાંત, ટેકનિકલ ખામી સર્જાય તો ત્વરિત બદલી શકાય તે માટે તમામ વોર્ડ વાઈઝ કમિશનિંગ કરેલા 10 ટકા જેટલા ઈવીએમ મશીનો પણ રિઝર્વ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## 'હેલ્મેટ નિયમોનું પાલન કરાવો, દિવસે દોડતા ડમ્પર બંધ કરાવો'



ગાંધીનગર | ગુજરાત હાઈકોર્ટમાં અમદાવાદમાં ટ્રાફિક વ્યવસ્થપન મુદ્દે સુઓ મોટો અરજી ઉપર એક્ટિંગ ચીફ જસ્ટિસની બેન્ચ સમક્ષ સુનવણી હાથ ધરવામાં આવી હતી. હાઈકોર્ટની આ નવી બેન્ચ સમક્ષ સરકારી વકીલે સૌ પ્રથમ આ અરજીમાં અત્યાર સુધી થયેલી કાર્યવાહીની વિગતો આપી હતી. તેમાં ખાસ કરીને ટ્રાફિક પોલીસમાં TRB જવાનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે સરકારી વકીલને કહ્યું હતું કે, લોકો હેલ્મેટ પહેરતા નથી. બીજા રાજ્યમાંથી જજીસ ગુજરાત આવે છે, તો તેઓ પૂછે છે કે શું અહીં હેલ્મેટનો કાયદો નથી? દરેક રાજ્યમાં હેલ્મેટ ફરજિયાત છે. વળી ટુ વ્હીલરની પાછળ બેઠેલા લોકો માટે હેલ્મેટ પહેરવાની વાત તો દૂર, વાહન ચાલક પણ હેલ્મેટ પહેરતા નથી!

અમદાવાદ જેવા શહેરોમાં દિવસે પણ બેફામ ડમ્પરો ફરે છે! લોકો અકસ્માતમાં જીવ ગુમાવે છે. દિવસે ડમ્પરો ફરવા ઉપર પ્રતિબંધનો અમલ કરો. લોકો ચાલુ વાહને મોબાઈલ ઉપર વાતો કરે છે, ગાડીમાં બેસીને વિડિઓ કોલ કરે છે અને વીડિઓ જુએ છે ! તો તેઓનું ધ્યાન ડ્રાઈવિંગમાં ક્યાંથી હોય? જેને લઈને અકસ્માતો સર્જાય છે. આ મુદ્દે વધુ સુનવણી બે અઠવાડિયા બાદ યોજાશે.

## અમરાઈવાડીમાં મિત્ર સાથે બોલાચાલી બાદ મારામારી:યુવકનું લોહીની ઊલટીઓ થયા બાદ મોત, બે સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો



અમદાવાદ | અમદાવાદના અમરાઈવાડી મહાલક્ષ્મીનગરના ગેટ આગળ જાહેરમાં બોલાચાલી અને મારામારી થયા બાદ 24 વર્ષીય યુવકનું શંકાસ્પદ મોત નીપજ્યું હતું. જેમાં ઈન્ટરનલ ઈન્જરી થવાના કારણે યુવકનું મોત થયાનું સામે આવ્યું છે. જોગમાયાનગરમાં રહેતો યુવક અને તેના મિત્ર સાથે થયેલી ઝપાઝપીમાં અક્ષય નીચે પટકાયો હતો, ત્યારબાદ ઘરે પહોંચેલા યુવકને વહેલી સવારે લોહીની ઊલટીઓ થતાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ અંગે મૃતકની બહેનની ફરિયાદના આધારે અમરાઈવાડી પોલીસે મારા મારી કરનાર બે સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમરાઈવાડી મહાલક્ષ્મીનગર ચારમાળિયા ખાતે 24 વર્ષીય અક્ષય માતા-પિતાના અવસાન બાદ એકલો રહેતો હતો. ગુરુવારે સાંજે તે મહાલક્ષ્મીનગરના ગેટ આગળ હાજર હતો, ત્યારે જોગમાયાનગરમાં રહેતો પરેશ ઉર્ફે લતીફ સાગઠીયા તથા તેનો મિત્ર ત્યાં આવ્યા હતા. બંનેએ કોઈ કારણસર અક્ષય સાથે બોલાચાલી અને ઝપાઝપી કરી છૂટા હાથની મારામારી કરી હતી. મારામારી દરમિયાન અક્ષય નીચે પટકાયો હતો અને ત્યારબાદ તે પોતાના ઘરે જતો રહ્યો હતો.

શુક્રવારે સવારે અક્ષયને અચાનક લોહીની ઊલટીઓ થવા લાગી હતી. જેથી મિત્ર નયને 108 એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક એલ.જી. હોસ્પિટલ ખસેડ્યો હતો અને અક્ષયની બહેન તુલસીબેનને જાણ કરી હતી. તુલસીબેન અને તેમના પતિ હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તબીબોએ અક્ષયની ગંભીર હાલત જોઈ તેને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવા જણાવ્યું હતું. જોકે, 108 એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ અક્ષયનું મોત નીપજ્યું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે પરેશ અને તેના 2 મિત્ર સામે સાપરાધ મનુષ્યવધનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### મોરબી મેગા ડિમોલિશન પૂર્ણ, તળાવ બ્યુટીફીકેશન કામગીરી

# મોરબીમાં મેગા ડિમોલિશન 13 કલાકે પૂર્ણ થતા કરોડોની જમીન ખુલ્લી થઈ

(એજન્સી) મોરબી । તા. 10

મોરબી શહેરના પંચાસર રોડ પર આવેલા સાવરની પાળ વિસ્તારમાં વહીવટી તંત્ર દ્વારા લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર બાંધકામો સામે લાલ આંખ કરવામાં આવી છે. તંત્ર દ્વારા એકધારી તેર કલાકની સઘન મેગા ડિમોલિશન કામગીરી હાથ ધરીને કુલ ૧૮૭ જેટલા ગેરકાયદેસર કાચા-પાકા બાંધકામોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા છે. આ ત્વરિત અને આક્રમક કાર્યવાહીના પરિણામે અંદાજે પચીસ હજાર સ્ક્વેર મીટર જેટલી સરકારી જમીન ગેરકાયદે દબાણોમાંથી મુક્ત કરવામાં આવી છે, જેની વર્તમાન બજાર કિંમત આશરે એંસી કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. આ માસિક અભિયાનથી સ્થાનિક વિસ્તારમાં દબાણકર્તાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

આ વિશાળ પાયા પર હાથ ધરેલી ડિમોલિશન કામગીરીને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા, પોલીસ વિભાગ અને વીજ કંપનીની ટીમો સંયુક્ત રીતે મેદાને ઉતરી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે એસડીએમ, ચાર ડીવાયએસપી, આઠ પોલીસ ઈન્સ્પેક્ટર સહિત પોલીસના બસો જેટલા જવાનોને ઘટનાસ્થળે તૈનાત



કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મહાનગરપાલિકાના એકસો ચાલીસ કર્મચારીઓ, આરોગ્ય વિભાગની ટીમો, રેન બસેરાના સભ્યો તેમજ ચાળીસ જેટલા ફાયર જવાનોએ સવારના આઠ વાગ્યાથી લઈને રાત્રિના નવ વાગ્યા સુધી સતત તેર કલાક સુધી ખડેપગે રહીને આ કામગીરીને પાર પાડી હતી. તંત્રની આડી-અવળી કોઈ પણ પરવાનગી વગર ખડકાયેલી ગેરકાયદે સંપત્તિઓ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

ગઈકાલે ગેરકાયદે બાંધકામો તોડી પાડવામાં આવ્યા બાદ હવે વિસ્તારમાંથી વિશાળ માત્રામાં એકત્ર થયેલા કાટમાળને હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તંત્ર દ્વારા કાટમાળના નિકાલ માટે બારથી વધુ મોટા ટ્રકો ફાળવવામાં આવ્યા છે. સત્તાવાર અંદાજ મુજબ આ સમગ્ર કાટમાળને સંપૂર્ણપણે સાફ કરતા હજુ સપ્તાહ જેટલો સમય લાગી શકે છે. આ એકત્ર થયેલો કાટમાળ શકત શનાળા ગામની નજીક આવેલી ખાણમાં ડમ્પ કરવામાં આવશે, જેથી શહેરી વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને પર્યાવરણને કોઈ નુકસાન ન થાય.

દબાણો દૂર થવાથી ખુલ્લી થયેલી આ વિશાળ જમીનનો આધુનિક નગર આયોજન હેઠળ સુંદર ઉપયોગ કરવામાં આવશે તેમ મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું છે. આ જગ્યા પર તળાવ બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે, જેના માટેનો ડીપીઆર પણ મંજૂર કરાવી લેવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત આકર્ષક પાર્કનું નિર્માણ કરવામાં આવશે, નાગરિકો માટે બેસવાની ઉત્તમ વ્યવસ્થા ઊભી કરાશે અને સુંદર વોક-વે પણ બનાવવામાં આવશે. આ વિકાસકાર્યો પૂર્ણ થયા બાદ આખો વિસ્તાર નવું સ્વરૂપ ધારણ કરશે અને સ્થાનિક રહેવાસીઓને રમણીય વાતાવરણ મળી રહેશે.

## છ કરોડના રોડ પર ઘોર અંધારપટ મશાલથી અનોખો વિરોધ



વડોદરા | સાંસ્કૃતિક નગરીના બિલ વિસ્તારમાં વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ થયાના આઠ આઠ વર્ષ વહી ગયા હોવા છતાં સ્થાનિક રહીશો પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેતા ભારે આક્રોશ વ્યાપ્યો છે. બિલ-અટલાદરા કેનાલ પર રૂ. ૬ કરોડના વિશાળ ખર્ચે નવનિર્મિત માર્ગ પર સ્ટ્રીટ લાઈટના અભાવે શુક્રવારે રાત્રે સ્થાનિક કોંગ્રેસ દ્વારા હાથમાં સળગતી મશાલો સાથે અનોખી રીતે વિરોધ પ્રદર્શિત કરી સ્થાનિક તંત્ર સામે સણસણતો સવાલ ઊભો કરવામાં આવ્યો હતો. સ્થાનિક રહીશો દર વર્ષે નિયમિતપણે મહાનગરપાલિકાને પોતાના તમામ વેરાની ભરપાઈ કરી રહ્યા છે, પરંતુ તેના બદલામાં પાયાની સેવાઓ પણ મળતી નથી. રૂ. ૬ કરોડના ખર્ચે કેનાલ રોડનું નિર્માણ તો કરી દેવાયું પરંતુ રાત્રિના સમયે રોડ પર અંધારપટ છવાઈ જાય છે. આ માર્ગ પર દીવાબત્તીની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી વાહનચાલકો માટે અકસ્માતનો ભારે ભય રહે છે. સ્થાનિક નેતાઓના જણાવ્યા અનુસાર, સ્ટ્રીટ લાઈટ નાખવા બાબતે એક વર્ષ અગાઉ પણ રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ પરિણામ શૂન્ય આવ્યું છે.

## રાજકોટમાં ત્રણ કરોડની છેતરપિંડી થતાં વેપારી આલમમાં ભારે ખળભળાટ મચ્યો

(એજન્સી) રાજકોટ । તા. 10

સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર ગણાતા રાજકોટ જિલ્લાના જસદણ શહેરમાંથી નાણાકીય છેતરપિંડી અને વિશ્વાસઘાતનો એક ગંભીર તથા ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેણે સમગ્ર વેપારી આલમમાં ભારે સન્નાટો વ્યાપી દીધો છે. ઈમિટેશન જ્વેલરી અને મેટલના ધંધામાં દર મહિને દસથી પંદર ટકા જેટલું મસમોટું નફાકારક વળતર આપવાની લોભામણી વાતોમાં આવી જઈને જસદણના એક યુવાન વેપારીએ પોતાની જિંદગીની તમામ બચત, મકાન પર લીધેલી બેંક લોન તેમજ સગા-સંબંધીઓ પાસેથી મેળવેલી ત્રણ કરોડ રૂપિયાથી વધુની રકમ ગુમાવવાનો વારો આવ્યો છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીએ રાજકોટના એક પિતા અને તેના બે ચાલાક પુત્રો સામે છેતરપિંડી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાની સત્તાવાર ફરિયાદ નોંધાવતાં પોલીસે કાનૂની કાર્યવાહીનો ચક્રગતિએ આરંભ કર્યો છે.

જસદણ શહેરની વૃંદાવન સોસાયટીમાં વસવાટ કરતા અને મોબાઈલના સ્પેરપાર્ટસનો વ્યવસાય કરતા તેત્રીસ વર્ષીય ભાવિક હિરપરા નામના યુવાને આ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં વિગતવાર એફઆઈઆર દાખવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આશરે પાંચેક વર્ષ અગાઉ તેમના મોટાબાપુજીની પુત્રી અંકિતાબેનના ઘરે ભાઈ-બીજનો સામાજિક પ્રસંગ યોજાયો હતો. આ પ્રસંગ દરમિયાન અંકિતાબેનના મામાજી અશોક મોહન મોલીયા પણ ત્યાં આવ્યા હતા. વાતો-વાતોમાં અશોક મોલીયાએ પોતાના બે પુત્રો નિકુંજ અને પ્રતિક રાજકોટમાં ઈમિટેશન મેટલનો મોટો ધંધો કરતા હોવાનું જણાવ્યું હતું અને આ વેપારમાં દર મહિને દસથી પંદર ટકા જેટલું ભંગી વળતર મળે છે તેવી ગુલાબી લાલચ આપી હતી. તેમણે ભાવિકને પણ આ નફાકારક ધંધામાં ભાગીદાર બની રોકાણ કરવાની સલાહ આપી હતી. શરૂઆતમાં આરોપીઓના અતિ વિશ્વાસપાત્ર વર્તનને કારણે ભાવિકે એકવીસ લાખ રૂપિયાનું પ્રાથમિક રોકાણ કર્યું હતું. ત્યારબાદ આરોપીઓએ વધુ નફાની લાલચ આપીને કટકે-કટકે વધુ છ્યાસી લાખ રૂપિયા મેળવી લીધા હતા.

## મેડિકલ પ્રવેશમાં બોગસ પ્રમાણપત્ર વિવાદ સામે આવતાં મોટો ધમાકો થયો

(એજન્સી) વડોદરા । તા. 10

ગુજરાત રાજ્યમાં વર્ષ બે હજાર છવીસની મેડિકલ અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે અનામત વર્ગના હકો પર ત્રાપ મારતો એક અત્યંત ગંભીર અને વિવાદાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. અનુસૂચિત જનજાતિ એટલે કે એસટી કેટેગરી હેઠળ મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે એકસો વીસથી વધુ ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રો અત્યંત શંકાસ્પદ અને ગેરકાયદેસર હોવાના સસંસનાટીભર્યા અહેવાલોથી શૈક્ષણિક જગતમાં ભારે અફરાતફરી મચી ગઈ છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના આદિવાસી સંગઠનો દ્વારા આ મામલે ગાંધીનગર ખાતે ઉચ્ચ સ્તરે સત્તાવાર ફરિયાદો દાખલ કરવામાં આવી છે. રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના સચિવ, આદિજાતિ વિકાસ નિયામક તેમજ વિભાગીય મંત્રીને આવેદનપત્ર પાઠવીને તમામ શંકાસ્પદ પ્રમાણપત્રોની તાત્કાલિક ધોરણે સઘન ચકાસણી કરવાની અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. આ ચોંકાવનારા ખુલાસા બાદ સાચા અને લાયક આદિવાસી વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે મોટો ખતરો ઊભો થયો છે.

મેડિકલ પ્રવેશમાં ચાલી રહેલી આ ગંભીર ગડબડ અંગે દાહોદ સ્થિત બિરસા આદિવાસી સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા ભારે આક્રોશ સાથે રાજ્ય સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે. ટ્રસ્ટના હોદ્દેદારોએ આદિજાતિ, કુટીર અને ખાદી ગ્રામ ઉદ્યોગ વિભાગના મંત્રીશ્રી તેમજ સંબંધિત ઉચ્ચ સચિવોને પાઠવેલી રજૂઆતમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યમાં મેડિકલ પ્રવેશ કમિટી દ્વારા ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની યોગ્ય અને કાયદેસરની ખરાઈ કર્યા વગર જ પ્રવેશ પ્રક્રિયા આગળ વધારવામાં આવી રહી છે. સંગઠન દ્વારા માત્ર મૌખિક આરોપો મૂકવાને બદલે શંકાસ્પદ પ્રમાણપત્રો ધરાવતા ૧૨૦થી વધુ ઉમેદવારોની સંપૂર્ણ નામજોગ યાદી પણ પુરાવા સાથે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓને સોંપવામાં આવી છે. આ રજૂઆત બાદ આદિવાસી સમાજના યુવાનોમાં પોતાની વ્યાજબી બેઠકો છીનવાઈ જવાનો ભય વ્યાપી ગયો છે.

## રીબડા ફાયરિંગ કેસ ધ્રુવરાજસિંહ જાડેજા ધરપકડ થતાં મોટો ધમાકો

(એજન્સી) ગોંડલ । તા. 10

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા સડક-પીપળીયા ગામની સીમમાં તાજેતરમાં ખેલાયેલા ચકચારી સશસ્ત્ર હુમલા અને ફાયરિંગના હ્રદયકંપાવનારા બનાવમાં પોલીસે અત્યાર સુધીની સૌથી મોટી અને મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. ખેતરમાં બકરા ચરાવવા જેવી અત્યંત નજીવી અને સામાન્ય બાબતે શરૂ થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. આ હાઈપ્રોફાઈલ ગુનાહિત પ્રકરણમાં લાંબા સમયથી નાસતા ફરતા મુખ્ય સૂત્રધાર અને પૂર્વ ધારાસભ્ય મહિપતસિંહ જાડેજાના પૌત્ર ધ્રુવરાજસિંહ જાડેજાને રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમે લાંબા અને સઘન સર્ચ ઓપરેશન બાદ તેની જ વાડીમાંથી પકડી પાડ્યો છે. મુખ્ય આરોપીની આ અટકાયતથી સમગ્ર ગોંડલ અને રીબડા પંથકના રાજકારણ તથા ગુનાહિત જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ગત તારીખ ૩ ઓક્ટોબરની રાત્રે આશરે ૧૦.૩૦ વાગ્યાના સુમારે સડક-પીપળીયા ગામની સીમમાં આ દિલધડક ઘટના આકાર પામી હતી. ખેતરમાં બકરાઓ ઘૂસી જવાથી ઊભા પાકને થયેલા નુકસાનના મુદ્દે બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી શરૂ થઈ હતી. જોતજોતામાં આ સામાન્ય તકરારે હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આવેશમાં આવેલા અસામાજિક તત્વો દ્વારા તીક્ષ્ણ હથિયારો, ઘાતક લાકડીઓ અને લોખંડના જાડા પાઈપો વડે સામા પક્ષ પર આડેધડ હુમલો કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં, પરંતુ સમગ્ર વિસ્તારમાં પોતાની દહેશત અને વર્ચસ્વ કાયમ કરવાના દુષ્ટ હેતુથી આરોપીઓ દ્વારા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ પણ કરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા હતા, જેના કારણે સીમ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકતી ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન તથા રાજકોટ ગ્રામ્ય ક્રાઈમ બ્રાન્ચની ટીમો તાત્કાલિક હરકતમાં આવી ગઈ હતી. પોલીસે ગુનાની શરૂઆતથી જ કડક વલણ અપનાવીને અગાઉ ચાર આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

## અક્ષર ચોકથી સનફાર્મા રોડ પર દબાણ શાખા ત્રાટકી, ત્રણ ટ્રક ભરીને સામાન જપ્ત અને દંડ



વડોદરા | સાંસ્કૃતિક નગરી વડોદરામાં રસ્તાઓ પર થતા ગેરકાયદેસર અડિંગા સામે મહાનગરપાલિકાની દબાણ શાખાએ લાલ આંખ કરી છે. શુક્રવારે રાત્રિના સમયે વોર્ડ નંબર ૧૧ માં આવેલા અક્ષર ચોકથી સનફાર્મા રોડ તેમજ બંગડી સર્કલથી મહારાજા ચોકડી સુધીના મુખ્ય માર્ગ પરથી દબાણ શાખાની ટીમ દ્વારા સપાટો બોલાવીને મોટા પાયે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાલિકાની ટીમે અચાનક હાથ ધરેલી આ રાત્રિ કાર્યવાહી દરમિયાન રસ્તા પરથી ગેરકાયદે લારી-ગલ્લા, કેબિનો, કામચલાઉ શેડ અને અન્ય પરચૂરણ સામાન કબ્જે કર્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન કુલ ત્રણ ટ્રક જેટલો સામાન જપ્ત કરીને વહીવટી તંત્ર દ્વારા સીલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માર્ગ પર ઉભા કરાયેલા પાંચ કાચા શેડ દૂર કરીને રૂ. ૧૨,૫૦૦ નો રોકડ દંડ વસૂલવામાં આવ્યો હતો. સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં આ કાર્યવાહીથી ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. જાકે બીજી તરફ, શહેરના અનેક અંદરના તથા મુખ્ય રસ્તાઓ પર વર્ષોથી ખડકાયેલા ભંગાર વાહનોના દબાણનો પ્રશ્ન હજી પણ જસનો તસ રહ્યો છે.

### સુરત નગર પ્રાથમિક શાળા તાલીમ

# અમરોલી શાળામાં આગની ઘટનાથી સમગ્ર સુરતમાં ભારે અફરાતફરી મચી



(એજન્સી) સુરત । તા. 10

હીરાનગરી સુરતના અમરોલી વિસ્તારમાં આવેલી નગર પ્રાથમિક સમિતિની શાળામાં અચાનક વીજળીના ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર શૈક્ષણિક સંકુલમાં ભારે નાસભાગ અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ આકસ્મિક દિલધડક હોનારત વખતે શાળામાં ચારસો પચાસ જેટલા નાના-મોટા માસુમ બાળકો અભ્યાસ કરી રહ્યા હતા, જેના કારણે એક તબક્કે મોટી જાનહાનિ થવાની ભયાનક આશંકા ઊભી થઈ હતી. જોકે, કટોકટીની આ કપરી ઘડીમાં શાળાના આચાર્ય, શિક્ષકો અને કર્મચારીઓએ અદ્ભુત આત્મવિશ્વાસ, સમયસૂચકતા અને અદમ્ય સાહસ દર્શાવીને તમામ બાળકોને એક પણ ઈજા વગર સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. થોડા દિવસો અગાઉ જ શાળામાં યોજાયેલી સુરક્ષા તાલીમના કારણે આટલી મોટી દુર્ઘટના ટાળવામાં સફળતા મળી છે.

આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી મહત્વની બાબત એ રહી કે મહાનગરપાલિકા દ્વારા સુરતની વિવિધ શાળાઓમાં સમયાંતરે આયોજિત કરવામાં આવતી સુરક્ષા વિષયક તાલીમ ખરા અર્થમાં ઉપયોગી સાબિત થઈ હતી. સુરત નગર પાલિકા અને આપત્તિ વ્યવસ્થાપન વિભાગ દ્વારા કટોકટીનો સામનો કરવા માટે સમયાંતરે વિશિષ્ટ અભ્યાસક્રમો યોજવામાં આવે છે, જેથી વાસ્તવિક આપત્તિ સમયે કોઈ પણ વ્યક્તિ ગભરાયા વગર યોગ્ય નિર્ણય લઈ શકે. આ શાળામાં પણ ઘટનાના માત્ર પાંચ-છ દિવસ અગાઉ એટલે કે વીતેલા શનિવારે જ એક ખાસ સુરક્ષા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજાવવામાં આવ્યું હતું કે જો શાળા પરિસરમાં અચાનક કોઈ દુર્ઘટના ઘટે અથવા આગ લાગે, ત્યારે ભયભીત થયા વગર અને નાસભાગ કર્યા વગર સાયરનનો અવાજ સાંભળીને કઈ રીતે ક્રમબદ્ધ રીતે બહાર નીકળવું.

આગની આ ઘટના શુક્રવારે શાળાના સામાન્ય કામકાજ દરમિયાન બની હતી. ઈલેક્ટ્રિક મીટર પેટીમાંથી અચાનક ધુમાડાના ગોટા નીકળતા અને આગની જ્વાળાઓ પ્રગટતી સૌથી પહેલા મધ્યાહન ભોજન વિભાગના જાગૃત સ્ટાફના ધ્યાને આવી હતી. તેમણે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તુરંત જ શાળાના આચાર્ય અને અન્ય શિક્ષકોને આ અંગે જાણ કરી હતી. પરિસ્થિતિની ગંભીરતા પામીને શાળાના આચાર્ય નીશાબેન વાળાએ તુરંત જ સમગ્ર બિલ્ડિંગમાં ઈમરજન્સી સાયરન વગાડવાનો આદેશ આપ્યો હતો. સાયરન વાગતાની સાથે જ પૂર્વ તાલીમ મુજબ તમામ વર્ગખંડોમાં શિક્ષકો સક્રિય થઈ ગયા હતા અને વિદ્યાર્થીઓને શાંતિપૂર્વક લાઈનમાં રાખીને બહાર તરફ લઈ જવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જ્યારે એક તરફ માસુમ બાળકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા હતા, ત્યારે બીજી તરફ શાળાના કમ્પ્યુટર ઓપરેટર સ્મીત પટેલ તેમજ શિક્ષક મનોહર જળોદર અને ભરત લખાણીએ પોતાની જાનના જોખમે આગ પર કાબૂ મેળવવાનો સાહસિક પ્રયાસ કર્યો હતો.

### ટેક્સટાઈલ ઉદ્યોગ ઠપ્પ થવાનો ભય, કેન્દ્રીય કાપડ મંત્રી સુરત મુલાકાત

# સુરતમાં શ્રમિકોનું ગાંવ ચલો આંદોલન થતાં જ ભયંકર ખળભળાટ

(એજન્સી) સુરત । તા. 10

વિશ્વભરમાં કાપડ નગરી તરીકે પોતાની અનોખી અને આગવી ઓળખ ધરાવતા રેશમી શહેર સુરતમાં અચાનક અત્યાર સુધીનું સૌથી મોટું અને અભૂતપૂર્વ ઔદ્યોગિક સંકટ ઊભું થયું છે. શહેરમાં રાત-દિવસ લોહી-પરસેવો પાડીને કાપડ ઉદ્યોગનું ચક્ર ગતિમાન રાખતા લાખો પરપ્રાંતિય ટેક્સટાઈલ કામદારોએ સતત થતાં આર્થિક અને શારીરિક શોષણ તેમજ સાપ્તાહિક રજા ન મળવાના વિરોધમાં આક્રમક ‘ગાંવ ચલો’ આંદોલનની સત્તાવાર ઘોષણા કરી દીધી છે. કામદારોના આ અણધાર્યા અને વિરાટ આંદોલનને કારણે શહેરના ટેક્સટાઈલ ક્ષેત્રે મોટો ભૂકંપ આવ્યો છે, જેનાથી કરોડો રૂપિયાનો કાપડ વેપાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ જવાની ભયાનક આશંકાઓ સેવાઈ રહી છે. પરિસ્થિતિની ગંભીરતા અને ભયાવહતાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે તાકીદે સુરતની



દોડધામભરી મુલાકાત લેવાની ફરજ પડી હતી, પરંતુ શ્રમિકોના આક્રોશ સામે તંત્રના તમામ પ્રયાસો હાલ નકામા સાબિત થઈ રહ્યા છે.

સુરતના એમ્બ્રોડરી, વીવિંગ અને પ્રોસેસિંગ યુનિટોમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને ઝારખંડ જેવા રાજ્યોમાંથી આવીને વસેલા લાખો શ્રમિકો અતિશય દયનીય સ્થિતિમાં કામ કરી રહ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. પીડિત શ્રમિકોએ પોતાના ગંભીર આક્ષેપોમાં જણાવ્યું છે કે મિલ માલિકો અને કારખાનેદારો દ્વારા તેમની પાસે રોજના સળંગ ૧૨-૧૨ કલાક સુધી આકરું કામ કરાવવામાં આવે છે. આટલું ઓછું હોય તેમ મહિનાના તમામ ૩૦ દિવસ સુધી સતત ડ્યુટી કરવા માટે ભારે માનસિક અને આર્થિક દબાણ કરવામાં આવે છે. જો કોઈ શ્રમિક અચાનક બીમાર પડે કે સતત શારીરિક થાકના કારણે માત્ર એક દિવસની રજા લે, તો પણ તેનો આખા દિવસનો કિંમતી પગાર કાપી લેવામાં આવે છે.

પરપ્રાંતિય શ્રમિકોએ ભારે હૈયે ઉમેર્યું હતું કે સતત સાત-આઠ મહિના સુધી દિવસ-રાત કાળી મજૂરી કર્યા બાદ જ્યારે કોઈ કારીગર પોતાના વતન જઈને પરિવારને મળવાની રજા માગે છે, ત્યારે શેઠિયાઓ તેમનો બાકી નીકળતો પગાર અટકાવીને સીધા ગેટની બહાર હાંકી કાઢે છે. કાયદા મુજબ અઠવાડિયામાં માત્ર એક રવિવારની વ્યાજબી રજા માગવા બદલ અઢીસોથી ત્રણસો જેટલા નિષ્ઠાવાન કામદારોને એકસાથે નોકરીમાંથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા. આ તમામ અત્યાચારો અને માનવઅધિકારોના ખુલ્લા ઉલ્લંઘનથી કંટાળીને આશરે ૧૦ લાખથી પણ વધુ શ્રમિકોએ શહેરની નોકરીઓને તિલાંજલિ આપીને પોતપોતાના વતનમાં મજૂરી કરવાનો દ્રઢ નિર્ધાર કરી લીધો છે. જેના પરિણામે સુરત રેલવે સ્ટેશન અને બસ સ્ટેશનો પર ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતી ટ્રેનોમાં ચડવા માટે શ્રમિકોની અભૂતપૂર્વ ભીડ અને કિલોમીટરો લાંબી લાઈનો જોવા મળી રહી છે.

### વડોદરામાં મોબાઈલ બ્લેક થઈ જતા નાણાં ઉપડ્યા

## વડોદરામાં વેપારીનો મોબાઈલ ફોન હેક કરીને 96,000 ટ્રાન્સફર કરી લીધા

(એજન્સી) વડોદરા । તા. 10

ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક નગર તરીકે જાણીતા વડોદરા શહેરમાં સાયબર અપરાધોની વરવી વાસ્તવિકતા સામે આવી રહી છે, જ્યાં તકનીકી અજ્ઞાનતા અને ચાલાક હેકર્સના કારણે સામાન્ય નાગરિકો તેમજ વેપારીઓ પોતાની મહેનતની કમાણી પળભરમાં ગુમાવી રહ્યા છે. શહેરના વાડી વિસ્તારમાં આવેલા મોગલ વાડા રોડ પર રહેતા અને સામાન્ય ધંધો કરીને ગુજરાન ચલાવતા જહુર મહંમદ નૂર મહંમદ કુરેશી નામના વેપારી સાથે એક ગંભીર સાયબર છેતરપિંડીનો કિસ્સો બન્યો છે. ગત બારમી સપ્ટેમ્બરના રોજ સાંજના સુમારે બનેલી આ ઘટનામાં વેપારીનો મોબાઈલ અચાનક બંધ થઈ ગયો હતો અને તેનો ગેરલાભ ઉઠાવીને ભેજાબાજ ગઠિયાઓએ તેમના બેંક ખાતામાંથી હજારો રૂપિયા સેરવી લીધા હતા. આ પ્રકારના બનાવોથી સ્થાનિક વેપારી આલમમાં ચિંતાની લાગણી ફેલાઈ ગઈ છે.

તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે સાડા ચાર વાગ્યાના અરસામાં જહુર મહંમદ પોતાના ઘર પર હાજર હતા. તે સમયે તેમની દીકરીને કોઈ જરૂરી કામ માટે ફોન આપવાનો હોવાથી તેમણે પોતાનો સ્માર્ટફોન હાથમાં લીધો હતો. જેવો ફોન હાથમાં લીધો કે તરત જ અચાનક મોબાઈલની સ્ક્રીન એકદમ કાળી થઈ ગઈ એટલે કે બ્લેક આઉટ થઈ ગઈ અને ફોન કોઈ જ પૂર્વસૂચના વગર જાતે જ સ્વીચ ઓફ થઈ ગયો હતો. શરૂઆતમાં વેપારીને એવું લાગ્યું કે ફોનની બેટરી પૂરી થઈ ગઈ હશે અથવા કોઈ સામાન્ય ટેકનિકલ ખામી સર્જાઈ હશે. પરંતુ થોડીવાર પછી જ્યારે તેમણે ફોન ફરીથી ચાલુ કર્યો, ત્યારે સ્ક્રીન પર આવેલા મેસેજ જોઈને તેમના હોશ ઉડી ગયા. લોકપ્રિય ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન ગૂગલ પે મારફતે તેમને એક એલર્ટ મેસેજ મળ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમના બેંક ઓફ બરોડાના બચત ખાતામાંથી સત્તાણું હજાર રૂપિયાથી થોડી ઓછી એટલે કે છણું હજાર આઠસો રૂપિયાની માતબર રકમ કપાઈ ચૂકી છે.

### ફાયર બ્રિગેડે ચાર કલાક કરી શોધખોળ

## વડોદરાની અંકોડિયા કેનાલમાં ડૂબેલા યુવકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો

(એજન્સી) વડોદરા । તા. 10

વડોદરા શહેરની આસપાસ પસાર થતી કેનાલોમાં ડૂબી જવાના બનાવો અટકવાનું નામ નથી લઈ રહ્યા. તાજેતરમાં જ ભીમપુરા કેનાલમાં બે વિદ્યાર્થીઓના ડૂબી જવાથી મોત નીપજ્યાની ઘટના હજુ તાજી છે, ત્યાં જ વડોદરા નજીક આવેલી અંકોડિયા કેનાલમાંથી વધુ એક ૩૦ વર્ષીય યુવકનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતો ગજેન્દ્ર નામનો યુવક ગઈકાલથી ગુમ હતો, જેનો શબ સવારે કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લક્ષ્મીપુરા વિસ્તારમાં રહેતા ૩૦ વર્ષીય ગજેન્દ્ર ગત રોજ અચાનક રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગયા હતા. પરિવારજનો દ્વારા તેમની ભારે શોધખોળ કરવામાં આવી રહી હતી તે દરમિયાન અંકોડિયા કેનાલના કિનારેથી તેમની બાઈક, મોબાઈલ ફોન અને ચંપલ મળી આવ્યા હતા. આ વસ્તુઓ મળતા જ યુવક કેનાલમાં પડી ગયો હોવાની અથવા ડૂબી ગયો હોવાની પ્રબળ શંકા સેવાઈ હતી. જેના પગલે તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયર જવાનો દ્વારા ગઈકાલે અંકોડિયા કેનાલમાં લગભગ ચાર કલાક સુધી સઘન શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ અંધારું થઈ જવાના કારણે અથવા પાણીના પ્રવાહના લીધે ગઈકાલે કોઈ પત્તો લાગ્યો ન હતો. આજે વહેલી સવારે કેનાલના પાણીમાં યુવકનો મૃતદેહ તરી રહ્યો હોવાની જાણ થતાં જ સ્થાનિકો અને ફાયર બ્રિગેડની ટીમ ફરી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ ગજેન્દ્રના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢ્યો હતો અને કાગળની કાર્યવાહી તેમજ પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

આ બનાવ અંગે ગોરવા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને યુવક કેનાલ સુધી કેવી રીતે પહોંચ્યો, તેણે આપઘાત કર્યો છે કે કોઈ અકસ્માત સર્જાયો છે તે સહિતના વિવિધ પાસાઓ પર સઘન તપાસ શરૂ કરી દીધી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થેરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**વૃષભ : બ.વ.ઉ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

**મિથુન : ક.છ.ઘ.**

આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કર્ક : ડ.હ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**સિંહ : મ.ટ.**

કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.

**કન્યા : પ.ઠ.ણ.**

જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો.

**તુલા : ર.ત.**

ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**વૃશ્ચિક : ન.ય.**

તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

**ધન : ભ.ધ.ફ.ઢ.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**મકર : ખ.જ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.

**કુંભ : ગ.સ.શ.ષ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**મીન : દ.ચ.ઝ.થ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

## માતાના મઢમાં શ્રી મહાકાળી મિત્ર મંડળ મુંબઈ પરિવાર દ્વારા શણગારેલ ગરબો અર્પણ




મહેશ એલ.સોની નખત્રાણા

કચ્છની કુળદેવી માં આશાપુરાના મઢ મંદિર ખાતે દર વર્ષે શ્રી મહાકાળી મિત્ર મંડળ મુંબઈ પરિવાર દ્વારા શણગારાયેલ ગરબો અર્પણ કરવામાં આવે છે, જે પરંપરા ચાલુ વર્ષે પણ જળવાઈ રહી છે.શ્રી મહાકાળી મિત્ર મંડળ મુંબઈ પરિવારના શ્રી નિલેશભાઈ ચંદન, શ્રી તુલસીભાઈ ચંદન, શ્રી રામજીભાઈ ચંદન, શ્રી ચેતનભાઈ ચંદન, શ્રી પ્રદીપભાઈ ચંદન અને શ્રી ઘનશ્યામભાઈ ચંદન દ્વારા તૈયાર કરાયેલ ગરબો માતાના મઢ જાગીર અધ્યક્ષ પૂજ્ય શ્રી રાજા બાવાને અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.તો બીજી તરફ, નેત્રા ખાતે જોગમૈયા મહિલા મંડળ દ્વારા પ્રથમ વખત આયોજિત નવરાત્રીને શ્રી મહાકાળી મિત્ર મંડળ મુંબઈ પરિવાર દ્વારા વધાવી લેવામાં આવી હતી. જિલ્લા પંચાયત સદસ્યા શ્રીમતી નેહાબેન રૂપારેલ અને મંદિરના પૂજારી શ્રી અરવિંદભાઈ કાપડી દ્વારા મંડળના શ્રીમતી નિતાબેન ભગવાનજીભાઈ જોશીને પૂજન અર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલ, શ્રી ભગવાનજીભાઈ જોશી, શ્રી હરિભાઈ લુહાર, શ્રી હેમંતભાઈ સાધુ, શ્રી કાંતિભાઈ વાળંદ સહિત બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છના લોકપ્રિય હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીરે દીકરા પ્રિન્સના 15મા જન્મદિવસે રક્તદાન દ્વારા માનવતાનો સંદેશ આપ્યો



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

જન્મદિવસ એટલે કેક કાપવો, પાર્ટી કરવી અને ભવ્ય ઉજવણી કરવી, એવી સામાન્ય માન્યતા વચ્ચે કચ્છના લોકપ્રિય હાસ્ય કલાકાર અને વાગડ વિસ્તારમાં આગવી ઓળખ ધરાવતા શ્રી પ્રભુભાઈ આહીરે એક અનોખી પહેલ કરી છે. પોતાના વ્હાલા દીકરા પ્રિન્સના 15મા જન્મદિવસને તેમણે રક્તદાન દ્વારા માનવસેવાને સમર્પિત કરીને યાદગાર બનાવ્યો છે.ભવ્ય ઉજવણી નહીં, પાર્ટી નહીં પરિવાર સાથે સાદગીભર્યો દિવસ અને માનવતાને સમર્પિત એક નાનકડો પ્રયાસ! આ વિચાર સાથે પ્રભુભાઈ આહીરે દીકરાના જન્મદિવસે રક્તદાન કરીને સમાજને પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે.જન્મદિવસ એ જીવનમાં મળેલા આશીર્વાદ બદલ ઈશ્વરનો આભાર માનવાનો અને બીજાના જીવનમાં ખુશી લાવવાનો અવસર છે. આ ભાવનાને સાર્થક કરતાં પ્રભુભાઈએ દેખાડા કરતાં સાદગી અને ઉજવણી કરતાં સેવાને મહત્ત્વ આપ્યું છે. રક્તદાન જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી બની શકે છે ત્યારે આ પહેલ માનવતાની ભાવનાને ઉજાગર કરે છે.દીકરાને ભેટમાં આપ્યા સેવાના સંસ્કાર!પોતાના સંતાનને સંપત્તિ કરતાં સંસ્કાર મોટા છે, દેખાડા કરતાં સાદગી મહત્ત્વની છે અને પોતાના સુખની સાથે બીજાના દુઃખને સમજવું એ જ સાચી માનવતા છે, તેવો સંદેશ પ્રભુભાઈ આહીરે પોતાની પહેલ દ્વારા આપ્યો છે.લોકોના ચહેરા પર હાસ્ય લાવનાર હાસ્ય કલાકાર પ્રભુભાઈ આહીરે દીકરા પ્રિન્સના 15મા જન્મદિવસે રક્તદાન કરીને સાબિત કર્યું છે કે જન્મદિવસની સાચી ઉજવણી મોંઘી ભેટો કે ભવ્ય પાર્ટીમાં નહીં, પરંતુ કોઈના જીવનમાં આશાનું કિરણ બનવામાં છે.તેમની આ પહેલ અન્ય પરિવારોને પણ જન્મદિવસ જેવા ખાસ પ્રસંગોએ રક્તદાન, વૃક્ષારોપણ, જીવદયા અને અન્ય સેવાકાર્યો કરવા પ્રેરણા આપે તેવી છે.'

## કેશોદમાં તાલુકા કક્ષાના કલા મહાકુંભ- ૨૦૨૬નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ અને સરકારી આદર્શ નિવાસી શાળા, કેશોદના સંયુક્ત આયોજન હેઠળ તાલુકા કક્ષાના કલા મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેશોદ તાલુકાની વિવિધ શાળાઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓના ૮૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી થયો હતો. આ પ્રસંગે વિવિધ રાજકીય, સામાજિક અને શૈક્ષણિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય બી.એસ. ભાવસારે મહેમાનો અને સ્પર્ધકો નું સ્વાગત કર્યું હતું. કલા મહાકુંભમા વક્તૃત્વ, નિબંધ, ચિત્રકલા, ભરતનાટ્યમ, એકપાત્રીય અભિનય, તબલા, હાર્મોનિયમ, લોકગીત-ભજન, સુગમ સંગીત, લગ્નગીત, સમૂહગીત, લોકનૃત્ય, રાસ અને ગરબા સહિતની ૧૪ કૃતિઓમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધાના કન્વીનર ડૉ.હમીરસિંહ વાળાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને યુવાનોની સુષુપ્ત કલા શક્તિને મંચ પૂરું પાડવા તથા ભારતીય સંસ્કૃતિના વારસાને જાળવી રાખવાના હેતુથી કલા મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.વિવિધ કૃતિઓના મૂલ્યાંકન માટે અનુભવી નિર્ણાયકોની સમિતિએ કામગીરી સંભાળી હતી. સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનારા સ્પર્ધકો આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધા માં કેશોદ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે, કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય બી.એસ.ભાવસાર ના માર્ગદર્શન હેઠળ શાળાના સ્ટાફ અને સહયોગીઓએ જહેમત ઉઠાવી હતી.

## ન્યુ એરા પ્રોફેસર એકેડેમી, કેશોદ ખાતે ભવ્ય ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

નરેન્દ્ર દવે જૂનાગઢ

ન્યુ એરા પ્રોફેસર એકેડેમી કેશોદ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં 500થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ વિષયો પર 100થી વધુ કૃતિઓ રજૂ કરી હતી. સૌર ઊર્જા, પવન ઊર્જા, જળસંચય, પર્યાવરણ સંરક્ષણ, રોબોટિક્સ, અવકાશ વિજ્ઞાન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) જેવા વિષયોને આવરી લેતી કૃતિઓએ ઉપસ્થિત મહેમાનો અને વાલીઓનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રદર્શનનું ઉદ્ઘાટન જૂનાગઢ જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ જી.પી. કાઠી, ઉપપ્રમુખ અમુભાઈ પાનસુરીયા, પર્યાવરણવિદ રેવતુભા રાયજાદા, ભારત વિકાસ પરિષદની ટીમ તથા શાળાના સંચાલક પ્રો. પ્રવીણ ગજેરા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ જુદા જુદા વિષયો અને થીમ આધારિત મૉડલ્સ તથા વૈજ્ઞાનિક કૃતિઓ રજૂ કરી પોતાની સર્જનાત્મકતા અને સંશોધનવૃત્તિનું પ્રદર્શન કર્યું હતું. કેટલાક વિદ્યાર્થીઓએ સૌર પેનલ દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની પ્રક્રિયા, વરસાદી પાણીના સંગ્રહ અને શુદ્ધિકરણની પદ્ધતિ, સ્માર્ટ ટ્રાફિક સિસ્ટમ, સ્વચાલિત સિંચાઈ પ્રણાલી તથા માનવ શરીરની વિવિધ પ્રણાલીઓના કાર્યને મોડેલ દ્વારા સમજાવ્યું હતું. ગણિત વિભાગમાં ભૌમિતિક આકારો, વૈદિક ગણિત, સંભાવના, માપન અને દૈનિક જીવનમાં ગણિતના ઉપયોગને લગતી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.વક્તાઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે, નવીન વિચારોને પ્રોત્સાહન મળે અને બાળકો આવી પ્રવૃત્તિઓમાં વધુને વધુ ભાગ લે તેવા હેતુથી આ પ્રકારના પ્રદર્શનોનું આયોજન મહત્ત્વપૂર્ણ છે. પ્રયોગો અને મૉડેલ્સ દ્વારા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના જ્ઞાનને વ્યવહારુ જીવન સાથે જોડવાની તક મળે છે. આવી પ્રવૃત્તિઓથી સમસ્યા ઉકેલવાની ક્ષમતા, ટીમવર્ક અને સંશોધન વૃત્તિનો પણ વિકાસ થાય છે.આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શનની કૃતિઓનું મૂલ્યાંકન જલ્પેશ ડોબરિયા, રાજેશ મારુ, અક્ષર વઘાસિયા અને નીરજ ચૂડાસમાએ નિર્ણાયક તરીકે કર્યું હતું. બે અલગ-અલગ વિભાગોમાં વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આનંદ બથિયાએ કર્યું હતું. પ્રદર્શને વિદ્યાર્થીઓને પોતાની પ્રતિભા રજૂ કરવા અને વિજ્ઞાન તથા ગણિતના વિષયોને પ્રાયોગિક રીતે સમજવા માટે ઉપયોગી મંચ પૂરું પાડ્યું હતું.

## દાહોદ જિલ્લાના ખેડૂતોને ખાતર બિયારણ કીટનું વિતરણ કરાયું

દિપક રાવલ દાહોદ લીમખેડા

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક (ડી-સેગ) સંચાલિત કૃષિ વૈવિધ્યકરણ યોજના વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત દાહોદ જિલ્લાના ફતેપુરા, સુખસર અને સંજેલી તાલુકાના આદિજાતિ ખેડૂતો માટે ખાતર બિયારણ કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુખસર તાલુકાની ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, પશુપાલન, સહકાર અને ગૌસંવર્ધન વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે ખેડૂતોને ખેતીમાં ઉપયોગી ખાતર અને બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત આદિજાતિ ખેડૂતોને ખેતી માટે જરૂરી સાધન-સામગ્રી ઉપલબ્ધ કરાવી તેમની ખેતીને વધુ પ્રોત્સાહન આપવાનો હેતુ છે. આવી યોજનાઓના માધ્યમથી



ખેડૂતોને ખેતીકાર્યમાં સહાય મળી રહે અને કૃષિ ક્ષેત્રે તેમની પ્રગતિને વેગ મળે તે માટે સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ કાર્યક્રમનું આયોજન આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા જિલ્લા વહીવટી તંત્ર, દાહોદ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને યોજનાનો લાભ લઈને ખેતીમાં આધુનિક પદ્ધતિઓ અને ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા જિલ્લાના અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'RTI Week Celebration-૨૦૨૬' માં જોડાયા

માહિતી બ્યુરો, પાલનપુર| ભારત સરકાર દ્વારા દર વર્ષે તા. ૫ થી ૧૨ ઓક્ટોબર દરમિયાન 'RTI Week Celebration' ની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગ દ્વારા 'માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણ' વિષય પર વિશેષ પરિસંવાદ અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના જાહેર માહિતી અધિકારીઓ (PIO) તથા પ્રથમ અપીલ સત્તાધિકારીઓ જિલ્લા કલેક્ટર કચેરી, પાલનપુર ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પરિસંવાદમાં સક્રિયપણે જોડાયા હતા. આ કાર્યક્રમમાં રાજ્ય મુખ્ય માહિતી કમિશનર શ્રી સુબ્રમણિયમ આર. ઐયરે કાયદાના અસરકારક અમલીકરણ અને સુચારૂ વહીવટ માટે ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, ાહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ના અસરકારક અમલીકરણ અને અરજદારોને સમયસર માહિતી મળી રહે તે માટે જાહેર માહિતી અધિકારીઓએ અરજીઓનો જવાબ આપતી વખતે સંબંધિત રેકોર્ડની યોગ્ય ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરવી જોઈએ. અરજદારો સાથે સહાનુભૂતિપૂર્ણ વ્યવહાર રાખી, કાયદાની જોગવાઈઓ અનુસાર માહિતી પૂરી પાડવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરી અને સીસીટીવી ફૂટેજ જેવી માહિતીની અરજીઓમાં સંબંધિત વિગતો, સમયગાળો અને કાયદાકીય જોગવાઈઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જોઈએ. સીસીટીવી ફૂટેજ અથવા અન્ય રેકોર્ડની માંગણી કરવામાં આવે ત્યારે નિયમોનુસાર તેની જાળવણી કરવી પણ જરૂરી છે, જેથી અપીલ કે સુનાવણી દરમિયાન સંબંધિત પુરાવા ઉપલબ્ધ રહી શકે.આ ઉપરાંત, સરકારી કચેરીઓ દ્વારા સ્વૈચ્છિક માહિતી પ્રગટ કરવાની જોગવાઈઓનું સમયસર પાલન કરવા અને સંબંધિત માહિતી પોર્ટલ પર અપલોડ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓએ પોતાના તાબા હેઠળની કચેરીઓમાં પણ આ અંગે જરૂરી સૂચનાઓ આપી વાર્ષિક અહેવાલ સહિતની વિગતો સમયસર અપલોડ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. માહિતી અધિકાર અધિનિયમનો મુખ્ય હેતુ પારદર્શિતા અને જવાબદારી વધારવાનો હોવાથી અરજદારોને યોગ્ય માર્ગદર્શન આપી કાયદા મુજબ માહિતી પૂરી પાડવા તથા જરૂરી હોય ત્યારે અપીલની પ્રક્રિયા દ્વારા નિયમોનુસાર નિકાલ લાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. તમામ કચેરીઓએ ૧૭ મુદ્દાનું પ્રો-એક્ટિવ ડિસ્ક્લોઝર (Proactive Disclosure) નિયમિત અપલોડ કરવું જોઈએ, જેથી નાગરિકોને સહજ રીતે માહિતી મળે અને આરટીઆઈ અરજીઓનું ભારણ ઘટે.આ પ્રસંગે માહિતી અધિકાર કાયદા હેઠળ વહીવટી તંત્રમાં પારદર્શિતા (Transparency) અને જવાબદેહી (Accountability) જળવાઈ રહે તે માટે દફતરી રેકોર્ડનું યોગ્ય વર્ગીકરણ અને વ્યવસ્થાપન કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. સુશાસનના વિઝનને સાકાર કરવા અધિકારીઓને 'માહિતી આપવાના' હકારાત્મક અભિગમ સાથે કામ કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ દરમિયાન ગુજરાત માહિતી આયોગ દ્વારા તૈયાર કરાયેલ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન (PPT) તથા આર.ટી.આઈ. વિડીયો પોડકાસ્ટના માધ્યમથી અરજીઓના અસરકારક નિકાલ, નિયમો અને કલમો અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી. પરિસંવાદના અંતે યોજાયેલા પ્રશ્નોત્તરી સત્રમાં અધિકારીઓ દ્વારા પૂછાયેલા વિવિધ કાયદાકીય અને વ્યવહારિક પ્રશ્નોનું રાજ્ય મુખ્ય માહિતી કમિશનરશ્રી દ્વારા સ્થળ પર જ સચોટ નિરાકરણ કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અને તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા. ૨૧ ઓક્ટોબરના યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા. ૨૧મી ઓક્ટોબર ૨૦૨૬ બુધવારના બપોરે ૩.૩૦ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે. તેમજ તા. ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા તેમજ ગ્રામ્ય મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની તા.૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને સીધા પણ રજૂ કરી શકશે.નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી દર માસની તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકાકક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકાકક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆતો કરી શકાશે નહી. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZEN_ENTRY_DS.ASPX?FRM=WS પર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢમાં શ્રી સંહિતા મહિલા મંડળ અને શ્રી ચામુંડા મહિલા મંડળ દ્વારા ફરતા ગરબા હરીફાઈ યોજાય

નરેન્દ્ર દવે જૂનાગઢ

સંહિતા મહિલા મંડળ ના સ્થાપક સ્વ. વીણાબેન પંડ્યાની યાદમાં ઓપન જુનાગઢ ફરતા ગરબા હરીફાઈ સર્વ જ્ઞાતિના બહેનો માટે સંહિતા મહિલા મંડળ અને શ્રી ચામુંડા મહિલા મંડળ દ્વારા ભૂતનાથ મહાદેવના મહંતશ્રી મહેશગિરી બાપુના આશીર્વાદ અને સહયોગથી ભૂતનાથ મહાદેવ મંદિર, જુનાગઢ ખાતે તાજેતરમાં વેલકમ નવરાત્રી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ હરીફાઈ ના ગ્રુપ: જેવાકે 15 થી 35 વર્ષ, 36 થી 55 વર્ષ, 56 વર્ષથી ઉપરના, જ્યારે 15 વર્ષથી નાની બાળાઓ માટે નવરાત્રીને અનુરૂપ સુંદર ડ્રેસિંગ કરીને ગરબા રમનાર બાળાઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ તેમજ વિજેતાઓને દાતા તરફથી ઈનામો આપવામાં આવેલ, કાર્યક્રમને સફળ બનાવવા માટે આરતીબેન જોષી, ચંદ્રિકાબેન મહેતા, ચેતનાબેન પંડ્યા, દક્ષાબેન જોષી, તથા કારોબારી સભ્યોએ ભારે જેહમત ઉઠાવેલ હતી.

## મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટીક અને સીંગલ યુઝ પ્લાસ્ટીકના વેપારીઓ પાસેથી દંડ/ચાર્જ વસુલ કરવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા ૧/૦૪/૨૦૨૬ થી તા.૯/૧૦/૨૦૨૬ સુધીમાં પ્રતિબંધીત પ્લાસ્ટીક અને સીંગલ યુઝ પ્લાસ્ટીકના વેપારી તથા જાહેરમાં ન્યુસન્સ ફેલાવતા કુલ ૧૫૦૮ આશામીઓ પાસેથી ન્યુસન્સ અને વહિવટી ચાર્જ પેટે રૂા. ૧૪,૬૫,૦૫૦/- દંડ / ચાર્જ વસુલ કરવામાં આવ્યો અને ૧૧૧૦ કીલો પ્લાસ્ટીક જપ્ત કર્યું. સરકારશ્રી દ્વારા ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈ વાળી પ્લાસ્ટીક અને સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.હાલ ચાલી રહેલ ''સ્વચ્છ શહેર ૧૦૦દિવસ મહા અભિયાન'' અને ''સ્વચ્છતા હિ સેવા'' અભીયાન અંતર્ગત શહેરમાં પ્રતિબંધીત ૧૨૦ માઈક્રોન થી નીચેનું પ્લાસ્ટીક તથા સીંગલ યુઝ પ્લાસ્ટીકની ચીઝ વસ્તુના ઉત્પાદન,આયાત,સંગ્રહ,વિતરણ,વેચાણ કરતા ઈસમો સામે મહાનગર પાલિકા, જુનાગઢના માન.કમિશનરશ્રી આઈ.આર. વાળાના માર્ગદર્શન હેઠળ સેનેટરી ઈન્સ્પેક્ટરશ્રીઓની ચેકીંગ સ્કવોડ બનાવવામાં આવેલ છે ચેકીંગ સ્કવોડ દવારા શહેરમાં નીયમીત ચેકીંગ કરવામાં આવે છે. તા.૧/૪/૨૦૨૬ થી તા.૯/૧૦/૨૦૨૬ દરમ્યાન શહેરમાં ચેકીંગ હાથ ધરી પ્રતિબંધીત પ્લાસ્ટીક અને સીંગલ યુઝ પ્લાસ્ટીક ના વેચાણ / ઉપયોગકર્તા ૨૧૧ આશામીઓ પાસેથી ૧,૧૧૦ કીલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવ્યુ અને જાહેરમાં ગંદકી ફેલાવતા ૧૨૯૭ આશામી મળી કુલ ૧,૫૦૮ આશામીઓ પાસે થી રૂા. ૧૪,૬૫,૦૫૦/- (ચૌદ લાખ,પાસઠ હજાર,પચાસ પુરા) દંડ વસુલવામાં આવ્યો મહાનગરપાલિકા,જુનાગઢ દવારા શહેરીજનોને પ્રતિબંધીત ૧૨૦ માઈક્રોનથી નીચેનું પ્લાસ્ટીક ,પાન પ્લાસ્ટીક તથા સીંગલ યુઝ પ્લાસ્ટીક ઉપયોગ ન કરવા તેમજ શહેરમાં સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવે છે તથા પ્રતિબંધીત કોઈ પણ પ્રકારનું પ્લાસ્ટીક ઉત્પાદન, આયાત, સંગ્રહ,વિતરણ, વેચાણ ન કરવા તમામ એકમોને જાહેર તાકીદ કરવામાં આવે આમ છતા આ પ્રકારનું ઉત્પાદન, આયાત, સંગ્રહ,વિતરણ, વેચાણ કે ઉપયોગ જણાયે સબંધીતો ઉપર દંડનીય કાર્યવાહિ કરવામાં આવશે જેની તમામે નોંધ લેવા અપીલ કરવામાં આવી.

## દેશલપર (ગુંતલી) ના જગદીશ પી. દવેને 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026' એનાયત થશે



મહેશ એલ સોની નખત્રાણા

પર્યાવરણ જાગૃતિ ક્ષેત્રે સતત પાંચ વર્ષથી કાર્યરત, નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના સુપુત્ર શ્રી જગદીશ પી. દવેનું પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન બદલ પ્રતિષ્ઠિત 'પ્રકૃતિ મિત્ર એવોર્ડ-2026' થી સન્માન કરવામાં આવશે.આ ભવ્ય સન્માન સમારોહ આગામી તા. 11 ઓક્ટોબર, રવિવારના રોજ યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર છે.જગદીશભાઈની કલમ અને કર્મ બંને પર્યાવરણને સમર્પિત છે. આ સન્માન સમગ્ર કચ્છ અને નખત્રાણા પંથક માટે ગૌરવની ક્ષણ છે.

## પ્રાણી સેવા ટ્રસ્ટના સહયોગથી શ્યામધામ હનુમાન મંદિરે પક્ષીઘરનું લોકાર્પણ; પર્યાવરણ સંરક્ષણના ભાગરૂપે ૧૦ વૃક્ષો પણ અર્પણ કરાયાં



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

કચ્છના ગામડાઓ અને શહેરોના જૂના વિસ્તારોમાં જોવા મળતા કલાત્મક ચબૂતરા આપણી સંસ્કૃતિમાં જીવદયા અને પ્રકૃતિપ્રેમની પરંપરાનું સુંદર પ્રતીક છે. પક્ષીઓને ચણ, પાણી અને આશ્રય મળી રહે તેવા હેતુથી બનાવવામાં આવતાં પક્ષીઘરનું આજના સમયમાં વિશેષ મહત્ત્વ છે. વધતા શહેરીકરણ અને વૃક્ષોના નિકંદનને કારણે પક્ષીઓનાં કુદરતી રહેઠાણો નષ્ટ થઈ રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં અબોલ પક્ષીઓના રક્ષણ, રહેઠાણ અને ખોરાકની વ્યવસ્થા ઊભી કરવી એ માનવતાભર્યું કાર્ય છે.આ જ ભાવનાને સાકાર કરવા નખત્રાણા તાલુકાના મંગવાણા ગામે શનિવાર, તા. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શ્યામધામ હનુમાન મંદિરે પ્રાણી સેવા ટ્રસ્ટના સહયોગથી પક્ષીઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાણી સેવા ટ્રસ્ટનાં સંચાલક અમીબેન દિનેશભાઈ મહેશ્વરીના હસ્તે પક્ષીઘરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત, પ્રકૃતિ સંરક્ષણ અને હરિયાળીના સંવર્ધનના ઉમદા હેતુ સાથે પ્રાણી સેવા ટ્રસ્ટ તરફથી ૧૦ વૃક્ષો પણ અર્પણ કરવામાં આવ્યાં હતાં. પક્ષીઓને આશ્રય આપવાની સાથે વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણનું જતન કરવાનો આ પ્રયાસ જીવદયા અને પ્રકૃતિપ્રેમનો સંદેશ આપે છે.આવી પહેલોથી સમાજમાં પક્ષીઓ પ્રત્યે સંવેદનશીલતા વધે અને વધુને વધુ લોકો જીવદયા તથા પર્યાવરણ સંરક્ષણનાં કાર્યોમાં જોડાય તે સમયની માંગ છે.એક પક્ષીઘર અનેક પંખીઓનો આશરો બને અને એક વૃક્ષ અનેક જીવોના જીવનનો આધાર બને – આ જ છે જીવદયા અને પ્રકૃતિપ્રેમની સાચી ભાવના!

## કેવડિયા SOU વિસ્તાર પ્રકાશવર્ષ નિમિત્તે રોશનીથી ચમકી ઉઠશે

નર્મદા જિલ્લા ના કેવડિયા ખાતે આવેલ પ્રવાસન હબ SOU ખાતે પ્રકાશપર્વ નિમિત્તે સાત કિલોમીટરના માર્ગ પર આકર્ષક લાઈટિંગ અને સરદાર સરોવર ડેમનો ડાયનેમિક લાઈટ એન્ડ સાઉન્ડ શોનું વિશેષ આકર્ષણ રહેશે.પ્રાપ્ત માહિતી મુજબ ભારતની રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને ગૌરવનું વૈશ્વિક પ્રતીક બનેલું સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર સાહેબની ૧૫૧મી જન્મજયંતિના અવસરે રોશનીના રંગોમાં ઝળહળી ઊઠવા સજ્જ છે. આગામી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ યોજાનારા રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી તેમજ ભારત પર્વ અને દીપોત્સવીના ઉત્સવી માહોલને વધુ યાદગાર બનાવવા એકતા નગર ખાતે 'એકતા પ્રકાશ પર્વ-૨૦૨૬'નું ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષે પ્રથમવાર યોજાયેલા એકતા પ્રકાશ પર્વને મળેલા અદ્ભુત પ્રતિસાદ અને સફળતાને પગલે આ વર્ષે ત્રણ મહિના સુધી આ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ દરમિયાન એકતા નગરના મુખ્ય માર્ગો, ઈમારતો અને વૃક્ષો આકર્ષક રોશનીથી શણગારાશે. થીમ આધારિત લાઈટિંગ, ભવ્ય પ્રકાશ સજાવટ અને સરદાર સરોવર ડેમનો વિશેષ ડાયનેમિક લાઈટ એન્ડ સાઉન્ડ શો પ્રવાસીઓને એક અનોખી અનુભૂતિ કરાવશે.દિવસ દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીની ભવ્યતા, નર્મદા નદી વિસ્તારની પ્રાકૃતિક સુંદરતા અને પ્રવાસન સ્થળોનો આનંદ માણ્યા બાદ રાત્રે રોશનીથી ઝળહળતા એકતાનગરને નિહાળવાનો અનુભવ પ્રવાસીઓની સફરને વધુ યાદગાર બનાવશે. પ્રથમ ભાગમાં એકતા દ્વારથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના આશરે સાત કિલોમીટરના માર્ગ પર લાઈટિંગ પોલ, ગેન્ટ્રી મોટિફ અને થીમ આધારિત પ્રકાશ સજાવટ કરવામાં આવશે. વિવિધ સરકારી યોજનાઓ, એકતાનગરનાં પ્રવાસન સ્થળો અને દેશની વિકાસયાત્રાને રજૂ કરતા આકર્ષક લાઈટિંગ આર્ટિકલ્સ દ્વારા માર્ગને વિશિષ્ટ ઓળખ આપવામાં આવશે. મુખ્ય માર્ગ પર આવેલી ઈમારતો અને વૃક્ષોને પણ રોશનીથી સુશોભિત કરવામાં આવશે. બીજા ભાગમાં મુખ્ય માર્ગથી વેલી ઓફ ફ્લાવર્સ તરફ જતા માર્ગ સહિતના વિવિધ વિસ્તારોમાં અલગ-અલગ થીમ આધારિત લાઈટિંગ આર્ટિકલ્સ સ્થાપિત કરવામાં આવશે. પ્રકાશ, કલાત્મક સજાવટ અને આસપાસના કુદરતી વાતાવરણનો સમન્વય પ્રવાસીઓને નયનરમ્ય દૃશ્યોનોઅનુભવ કરાવશે. આમ, એકતા નગરમાં પ્રવેશથી લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની સફર દરમિયાન પ્રવાસીઓને ઉત્સવના રંગો અને રોશનીની સુંદર અનુભૂતિ કરાવશે.એકતા પ્રકાશ પર્વનાં અન્ય આકર્ષણ તરીકે સરદાર સરોવર નર્મદા ડેમ ખાતે ખાસ ડિઝાઈન કરાયેલો ડાયનેમિક ડેમ લાઈટ એન્ડ સાઉન્ડ શો રહેશે. ડેમ વ્યૂ-પોઈન્ટ-૧ પરથી નિહાળી શકાય તેવો આ શો રાત્રિના સમયે પ્રવાસીઓને ડેમના ભવ્ય સ્વરૂપનો અનોખો નજારો માણવાની તક આપશે.વિશાળ ડેમ, નર્મદાના જળવિસ્તાર અને આસપાસના કુદરતી વાતાવરણ વચ્ચે રોશનીની આકર્ષક પ્રસ્તુતિ એકતા નગરના પ્રવાસમાં નવો અનુભવ ઉમેરશે. ખાસ કરીને રાત્રિ રોકાણ કરતા પ્રવાસીઓ દિવસ અને રાત દરમિયાન એકતાનગરનાં વિવિધ સ્વરૂપોને માણી શકશે.એકતા પ્રકાશ પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની વૈવિધ્યસભર સાંસ્કૃતિક ઓળખ, સમૃદ્ધ ઐતિહાસિક વારસો અને આધુનિક સિદ્ધિઓને એક જ મંચ પર ભવ્ય સ્વરૂપે રજૂ કરવાનો છે. આ પર્વમાં ભારતની રાષ્ટ્રીય ઓળખ, વિકાસ, ટેકનોલોજી, આરોગ્ય અને પરિવાર-કેન્દ્રિત અનુભવોને પ્રકાશ સજાવટ તથા થીમ આધારિત પ્રસ્તુતિઓ દ્વારા ઉજાગર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ આયોજન માત્ર પ્રવાસન આકર્ષણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ દેશની એકતા, વિવિધતા અને પ્રગતિના સંદેશને વધુ વ્યાપક રીતે લોકો સુધી પહોંચાડવાનું માધ્યમ પણ બની રહેશે. આજના ડિજિટલ યુગમાં પ્રવાસીઓના ફોટોગ્રાફ્સ, વીડિયો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ પ્રવાસન સ્થળોની ઓળખને દેશ-વિદેશ સુધી પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એકતા પ્રકાશ પર્વ દરમિયાન પ્રવાસીઓ રોશનીથી ઝળહળતા માર્ગો, થીમ આધારિત સજાવટ અને ડેમના રાત્રિદૃશ્યોની યાદોને પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી શકશે અને ભારતના ગૌરવશાળી વારસાનો અનુભવ કરવા ઈચ્છતા પ્રવાસીઓ માટે એકતા પ્રકાશ પર્વ વિશેષ આકર્ષણ બની રહેશે.

## જૂનાગઢમાં રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ- 2026 યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ,ગુજરાત સરકાર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પ્રાથમીક જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી જૂનાગઢ તથા બ્રહ્મચારી ભગવતી એજ્યુ. ટ્રસ્ટ સંચાલિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ- 2026 યોજવામાં આવેલ, જે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાયલ અંતર્ગત સમગ્ર ભારતમાં છેલ્લા 31 વર્ષથી આ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે આ પ્રોજેક્ટ થીમ બેઈઝ હોવાથી આ વર્ષની મુખ્ય થીમ સુંસ્થાયિતા માટે વિજ્ઞાન અને નવીનતા* રાખવામાં આવેલ હતી જેમાં જુદી જુદી શાળાઓ ના 160 વિધાર્થીઓ અને 25 દ્વારા 132 જેટલા પ્રોજેક્ટ રજૂ કરવા માં આવ્યા હતા જેમાં રાજ્ય કક્ષા એ જુનાગઢ જિલ્લા ના 10 પ્રોજેક્ટ રજૂ કરવા જશે આ કાર્યક્રમ અંતર્ગત ઉદ્ઘાટક શ્રી ભાવેશભાઈ કકડ આસિસ્ટન્ટ એજ્યુકેશન ઈસ્પેક્ટર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ની કચેરી જુનાગઢ, માતંગભાઈ પુરોહિત પ્રેમાનંદ વિદ્યા સંકુલ,એસ આર.ગજેરા, આર.વી. ડોબરિયા, બી.બી ઉસદડિયા, વી.પી. આંકોલ, તુષારભાઈ પંડ્યા,રત્નમ અગ્રાવત, પ્રતાપસિંહ ઓરા, શ્રધ્ધાબેન કચોટ તથા રીનાબેન મકવાણા હાજર રહ્યા હતા. આ તકે શ્રી મુક્તાનંદજી બાપુ તથા શ્રી ગિજુભાઈ ભરાડ દ્વારા વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને રાજ્ય કક્ષા માટે ની શુભેચ્છાઓ પાઠવી હતી તેવી લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરા એ યાદીમાં જણાવેલ છે .

# રૂપિયો રેકોર્ડ તળિયે પહોંચતાં આખરે રિઝર્વ બેન્ક એક્શનમાં!



(એજન્સી) મુંબઇ | તા. 10

અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયાના સતત ધોવાણને રોકવા RBIએ કડક પગલાં લીધા છે. રૂપિયામાં સટ્ટાખોરી અટકાવવા અને ઓઇલ કંપનીઓની ડોલરની જરૂરિયાતો પૂરી કરવા સ્પેશિયલ વિન્ડોની જાહેરાત કરાઈ છે. 12 ઓક્ટોબર, 2026થી IOCL, HPCL અને BPCLને RBI દ્વારા ડોલર અપાશે. ફોરેક્સ ડેરિવેટિવ્ઝની ટ્રેડિંગ મર્યાદા $100 મિલિયનથી ઘટાડી $5 મિલિયન કરાઈ છે. ડબલ હેજિંગ રોકવા દસ્તાવેજીકરણ ફરજિયાત બનાવાયું છે. અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયામાં થઈ રહેલા સતત ધોવાણને રોકવા અને રૂપિયાને સપોર્ટ કરવા માટે ભારતીય રિઝર્વ બૅન્ક (RBI) એ શ્રેણીબદ્ધ મહત્ત્વના નિર્ણયો લીધા છે. રૂપિયામાં સટ્ટાખોરી રોકવા અને ઓઇલ કંપનીઓની વિદેશી હૂંડિયામણની જરૂરિયાતો પૂરી કરવા માટે RBIએ સ્પેશિયલ વિંડો સહિતના કડક ઉપાયોની જાહેરાત કરી છે. શુક્રવારે ડોલર સામે રૂપિયો 96.73ના સ્તરે બંધ થયો હતો, જે તેના ઓલ-ટાઈમ લો (96.96)ની ખૂબ નજીક પહોંચી ગયો હતો. આ સ્થિતિને પહોંચી વળવા માટે જ આ પગલાં લેવામાં આવ્યા છે. સોમવાર, 12 ઓક્ટોબર 2026થી અમલમાં આવનારી આ વ્યવસ્થા હેઠળ RBI અધિકૃત બૅન્કો દ્વારા દેશની ત્રણ મુખ્ય સરકારી ઓઇલ કંપનીઓ–IOCL, HPCL અને BPCLને તેમની દૈનિક જરૂરિયાત મુજબ ડોલર પૂરા પાડશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઇલની ખરીદી મુખ્યત્વે ડોલરમાં થતી હોવાથી, આ વિંડો દ્વારા ઓઇલ કંપનીઓને ડોલર મેળવવામાં સરળતા રહેશે અને ખુલ્લા બજાર પરથી ડોલરની માંગનું દબાણ ઘટશે. આ સુવિધા આગામી આદેશ સુધી ચાલુ રહેશે. સટ્ટાખોરી અને ચલણમાં અસ્થિરતા રોકવા માટે RBIએ ફોરેક્સ ડેરિવેટિવ્ઝના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે.




### શું રૂપિયાનો ઘટાડો અટકશે?

નિષ્ણાતોના મતે, આરબીઆઈના આ કડક પગલાંથી ડોલરની સટ્ટાકીય માંગમાં ઘટાડો થશે અને ટૂંકા ગાળામાં રૂપિયાની અસ્થિરતામાંથી રાહત મળશે. જોકે, રૂપિયાનું ભવિષ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો, વિદેશી રોકાણ અને વૈશ્વિક બજારના વલણ પર નિર્ભર રહેશે. ઉલ્લેખનીય છે કે, 2 ઓક્ટોબરે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ ભંડાર (Forex Reserve) 12.95 અબજ ડોલર ઘટીને 734.60 અબજ ડોલર નોંધાયું હતું.

## કોટક સિક્યોરિટીઝે તેના રિટેલ બિઝનેસનું 'કોટક નિયો' તરીકે રિબ્રાન્ડિંગ કર્યું, ઇન્વેસ્ટમેન્ટ, ટ્રેડિંગ અને વેલ્થ સોલ્યુશન્સને એકસાથે લાવી

(એજન્સી) મુંબઇ | તા. 10

કોટક સિક્યોરિટીઝ લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે તેણે ગ્રાહકો સમક્ષની પોતાની ઓળખનું 'કોટક નિયો' તરીકે રિબ્રાન્ડિંગ કર્યું છે, જે એકીકૃત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ રોકાણનું સમગ્ર માળખું તૈયાર કરશે. કોટક નિયો એ નાણાંકીય બજારો સાથે ગ્રાહકોના જોડાણમાં આવેલા મૂળભૂત બદલાવને દર્શાવે છે. આજે ગ્રાહકો વધુ વિકલ્પો, સરળ અને સાહજિક ડિજિટલ અનુભવ તેમજ નિષ્ણાંતોની સલાહ એક જ સ્થળે મેળવવા માગે છે. આ પરિવર્તન કોટક સિક્યોરિટીઝના અનેક વર્ષોથી ચાલી રહેલા પરિવર્તનનો એક ભાગ છે. આ દરમિયાન કંપનીએ નવી ટેક્નોલોજી, પ્રોડક્ટ ઈનોવેશન અને ગ્રાહક અનુભવમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે, જેથી ભારતના રોકાણકારો અને ટ્રેડર્સની બદલાતી જરૂરિયાતોને પૂરી કરી શકાય. આ પગલાં સાથે કંપનીનો સમગ્ર બિઝનેસ એક જ ગ્રાહક-કેન્દ્રિત ઓળખ હેઠળ આવશે, જેમાં ડિજિટલ ક્ષમતાઓને સંશોધન ક્ષેત્રની નિપુણતા અને સંબંધ આધારિત સેવાઓ સાથે જોડવામાં આવશે. લોન્ચ અંગે કોટક નિયોના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રીપાલ શાહે જણાવ્યું હતું કે, "રોકાણકારોની જરૂરિયાતો સતત બદલાતી રહી છે. આજે તેઓ માત્ર શેર, મ્યુચ્યુઅલ ફંડ અથવા ડેરિવેટિવ્ઝ જેવી અલગ-અલગ પ્રોડક્ટ્સ પૂરતું સીમિત વિચારતા નથી. તેઓ સંપત્તિ કેવી રીતે ઊભી કરવી, પોતાના રોકાણના પોર્ટફોલિયોમાં વિવિધતા કેવી રીતે




લાવવી અને અર્થતંત્રમાં ઉપલબ્ધ વિવિધ તકોમાં કેવી રીતે ભાગ લેવો તે અંગે સમગ્ર દ્રષ્ટિકોણથી વિચારે છે. પરંતુ આ તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે ઘણી વખત અલગ-અલગ પ્લેટફોર્મ, સર્વિસ પ્રોવાઈડર્સ અને સલાહકારો સાથે વ્યવહાર કરવો પડે છે. કોટક નિયો દ્વારા અમારો હેતુ આ સમગ્ર રોકાણ યાત્રાના વધુ મોટા હિસ્સાને એક જ માળખા હેઠળ લાવવાનો છે." કોટક નિયો માટે એક મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે ડિજિટલ સુવિધા સાથે માનવીય નિપુણતાને જોડે છે. તેનું ડિજિટલ-ફર્સ્ટ પ્લેટફોર્મ કોટકના દેશવ્યાપી શાખા અને ભાગીદાર નેટવર્ક, સંશોધન ક્ષમતાઓ તથા રિલેશનશિપ મેનેજરોની સેવાઓ સાથે જોડાયેલું છે. આથી ગ્રાહકો પોતાની જરૂરિયાત મુજબ ટેક્નોલોજી અથવા માનવીય નિપુણતાની મદદથી સેવાઓ મેળવી શકે છે. આ પરિવર્તનના ભાગરૂપે કોટક નિયો પોતાના વેલ્થ મેનેજમેન્ટના ક્ષેત્રને પણ વિસ્તારી રહી છે. આ માટે કોટક નિયો પ્રાઈવેટ ક્લાયન્ટ ગ્રુપ અને કનેક્ટ પ્લસ બાય કોટક નિયો રજૂ કરવામાં આવ્યા છે, જે અનુક્રમે રોકાણકારો અને ડિસ્ટ્રીબ્યુટર્સની જરૂરિયાતોને પૂરી કરશે. કોટક નિયો પ્રાઈવેટ ક્લાયન્ટ ગ્રુપ વિવિધ વિકલ્પો ધરાવતી રોકાણ વ્યવસ્થાના માધ્યમથી સેવાઓ પૂરી પાડશે. તેમાં કોટક ગ્રુપની વિવિધ નાણાંકીય પ્રોડક્ટ્સ બનાવવાની ક્ષમતા અને સંસ્થાકીય સ્તરના સંશોધનની સુવિધાઓનો પણ લાભ મળશે, જેથી વ્યક્તિઓ અને પરિવારો જીવનના વિવિધ તબક્કામાં પોતાની સંપત્તિ ઊભી કરી શકે, તેને મેનેજ કરી શકે અને તેનું જતન કરી શકે. કોટક નિયો કનેક્ટ પ્લસ ડિસ્ટ્રીબ્યુટર્સને વેલ્થ મેનેજમેન્ટની પ્રોડક્ટ્સની વ્યાપક શ્રેણી પૂરી પાડશે.

## ફ્યુઝન સીએક્સનો રૂ. 702 કરોડનો આઈપીઓ 14 ઓક્ટોબરથી ખુલશે, શેરદીઠ રૂ. 275થી રૂ. 289નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો




(એજન્સી) મુંબઇ | તા. 10

ગ્રાહકોને વધુ સારો અનુભવ પૂરો પાડતી સેવાઓ અને એઆઈ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ આપતી કંપની ફ્યુઝન સીએક્સ લિમિટેડે તેના રૂ. 702 કરોડના આઈપીઓ માટે શેરદીઠ રૂ. 275થી રૂ. 289નો પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો છે. કંપનીનો આઈપીઓ બુધવાર, 14 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 16 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે, જ્યારે એન્કર બુક સબ્સ્ક્રીપ્શન માટે મંગળવાર, 13 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે.કોલકાતામાં મુખ્ય મથક ધરાવતી આ કંપનીનો આઈપીઓ બે ભાગમાં વહેંચાયેલો છે. તેમાં રૂ. 500 કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને કંપનીના પ્રમોટર શેરધારકો પી એન એસ બિઝનેસ પ્રાઈવેટ લિમિટેડ અને રશિશ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. 202 કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ) નો સમાવેશ થાય છે.ફ્યુઝન સીએક્સ ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી ચોખ્ખી રકમનો ઉપયોગ નીચે મુજબ કરવાની યોજના ધરાવે છે. કંપની અને તેની કેટલીક પેટાકંપનીઓએ લીધેલી બાકી લોનની ચુકવણી અથવા અગાઉથી ચુકવણી કરવા માટે રૂ. 275 કરોડનો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત, આઈટી ટૂલ્સ (આર્યા અને માઈન્ડવૉઈસ)ને અપગ્રેડ કરવા માટે કંપનીની પેટાકંપનીઓની પેટાકંપનીઓ એવી Omind ટેક્નોલોજીસ ઈન્કોર્પોરેશન અને Omind ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડમાં રૂ. 61 કરોડનું રોકાણ કરવામાં આવશે. બાકીની રકમનો ઉપયોગ ઓળખ નક્કી ન કરાયેલી કંપનીઓના હસ્તાંતરણ દ્વારા વ્યવસાયનો વિસ્તાર કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.પંકજ ધનુકા અને કિશોર સારાવોગીએ સહસ્થાપક તરીકે વર્ષ 2004માં ફ્યુઝન સીએક્સની સ્થાપના કરી હતી. કંપની પોતાના ક્ષેત્રના ઊંડા અનુભવ અને પોતાની માલિકીના એઆઈ સાધનોના સમન્વયથી મોટા પાયે સ્માર્ટ, વિવિધ ભાષાના અને વિવિધ માધ્યમો દ્વારા ગ્રાહકો સાથે જોડાણની સેવાઓ પૂરી પાડે છે. જનરેટિવ એઆઈ આધારિત વિવિધ ટેક્નોલોજીના ઉપયોગથી કંપની ગ્રાહકો સાથેના જોડાણને વધુ અસરકારક બનાવે છે, કામગીરીની કાર્યક્ષમતામાં વધારો કરે છે અને વ્યવસાયના ડિજિટલ પરિવર્તનને વેગ આપે છે.

## ગોડવિટ ગ્રુપ અને એચડીએફસી કેપિટલે ઈન્સ્ટિટ્યૂશનલ વર્કફોર્સ હાઉસિંગ પ્લેટફોર્મ શરૂ કર્યું

(એજન્સી) મુંબઇ | તા. 10

ગોડવિટ ગ્રુપ અને એચડીએફસી ગ્રુપની રિયલ એસ્ટેટ પ્રાઈવેટ ઈક્વિટી શાખા એચડીએફસી કેપિટલે ભારતના ઈન્ડસ્ટ્રીયલ અને મેન્યુફેક્ચરિંગ (ઔદ્યોગિક અને ઉત્પાદન) કેન્દ્રોમાં ઈન્સ્ટિટ્યૂશનલ વર્કફોર્સ હાઉસિંગ પ્લેટફોર્મ શરૂ કરવાની જાહેરાત કરી છે. ગોડવિટ ગ્રુપના પ્રમોટર નિરવ કોઠારીએ જણાવ્યું હતું કે, "ઈન્ડસ્ટ્રીયલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ ક્ષેત્રે અમારા અનુભવ દરમિયાન અમે કર્મચારીઓને ગુણવત્તાયુક્ત રહેઠાણ પૂરું પાડવામાં નોકરીદાતાઓને નડતા પડકારોને નજીકથી જોયા છે. લાંબી મુસાફરી, અપૂરતી રહેઠાણ સુવિધા અને નબળી જીવનશૈલીને કારણે કર્મચારીઓ નોકરી છોડતા હોય છે, જેનાથી ઉત્પાદન કેન્દ્રોમાં કામગીરીની કાર્યક્ષમતા પર સતત અસર થાય છે. આ પ્લેટફોર્મ સુરક્ષા, સ્વચ્છતા અને સુવિધાજનક રહેઠાણને પ્રાથમિકતા આપીને વ્યવસાયિક રીતે સંચાલિત વર્કફોર્સ હાઉસિંગ વિકસાવશે અને આ મહત્વપૂર્ણ ખામીને દૂર કરશે. એચડીએફસી કેપિટલ સાથેની અમારી ભાગીદારી લાંબા ગાળાની સંસ્થાકીય મૂડી અને ઔદ્યોગિક રિયલ એસ્ટેટ ક્ષેત્રની ઊંડી નિપુણતાને એકસાથે લાવે છે. તેના આધારે મોટા પાયે વિસ્તારી શકાય તેવું પ્લેટફોર્મ ઊભું કરવા અને કર્મચારીઓના રહેઠાણના ધોરણોમાં સુધારો કરવા માટે મદદ મળશે." આ પ્લેટફોર્મનો હેતુ વ્યવસાયિક રીતે સંચાલિત વર્કફોર્સ હાઉસિંગ ઊભું કરીને ભારતના સામાજિક માળખામાં રહેલી સૌથી મોટી ખામીઓ પૈકીની એકને દૂર કરવાનો છે. તેનાથી દેશના ઝડપથી વિસ્તરી રહેલા ઉત્પાદન ક્ષેત્રને સહાય મળશે. 1 લાખથી વધુ બેડ ડેવલપ કરવા, તેની માલિકી રાખવી અને તેને મેનેજ કરવાનો હેતુ ધરાવતું આ પ્લેટફોર્મ દેશના મુખ્ય ઉત્પાદન કેન્દ્રો અને ઔદ્યોગિક કોરિડોરમાં ઉત્પાદન તથા ઔદ્યોગિક ક્ષેત્રમાં સીધી રીતે કામ કરતા કર્મચારીઓ માટે સુરક્ષિત, સન્માનજનક અને વ્યવસાયિક રીતે સંચાલિત રહેઠાણ પૂરું પાડશે. એચડીએફસી કેપિટલના સીઈઓ વિપુલ રૂંગટાએ જણાવ્યું હતું કે, "પુરુષો અને મહિલાઓ બંને માટે વ્યવસ્થિત રીતે સંચાલિત વર્કફોર્સ હાઉસિંગ એ સામાજિક માળખાનો એક આવશ્યક ભાગ છે. તે કર્મચારીઓની સ્થળાંતર ક્ષમતા, આર્થિક ભાગીદારી અને સર્વસમાવેશક ઔદ્યોગિક વિકાસને સક્ષમ બનાવે છે. સુરક્ષિત, સન્માનજનક અને ગુણવત્તાયુક્ત રહેઠાણની સુવિધા મેળવવી એ દરેક વ્યક્તિની મૂળભૂત જરૂરિયાત છે. જીવનની ગુણવત્તા સુધારવા, યોગ્ય અને સન્માનજનક રોજગારને પ્રોત્સાહન આપવા તથા વધુ મજબૂત અને ટકાઉ સમુદાયો ઊભા કરવા માટે તે અત્યંત મહત્વપૂર્ણ છે." ભારત સરકારના નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશનનો હેતુ 2035 સુધીમાં દેશના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી)માં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો વધારીને 25 ટકા કરવાનો અને 14.3 કરોડ રોજગારની તકો ઊભી કરવાનો છે. નીતિ આયોગના જણાવ્યા અનુસાર, આગામી એક દાયકામાં ભારતમાં આશરે 2.5 કરોડ વર્કફોર્સ હાઉસિંગ બેડની જરૂર પડશે. એચડીએફસી કેપિટલની પરવડે તેવા અને મધ્યમ આવકવાળા વર્ગ માટેના રહેઠાણ ક્ષેત્રોમાં હાજરી છે અને વરિષ્ઠ નાગરિકો માટેના રહેઠાણ તથા વિદ્યાર્થીઓ માટેના રહેઠાણ ક્ષેત્રોમાં રેન્ટલ હાઉસિંગ પ્લેટફોર્મ પર પણ તેનું સતત ધ્યાન રહ્યું છે.

## ઇક્વિટીમાં નિરસતા વચ્ચે IPOમાં જબરજસ્ત ઉત્સાહ

અમદાવાદ | નબળા વૈશ્વિક સંકેતોને કારણે ભારતીય શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. ઈક્વિટી બજારમાં નિરસતા વચ્ચે પ્રાયમરી બજારમાં જબરદસ્ત ઉત્સાહ છે. કારણ કે પ્રાયમરી બજાર ઈક્વિટી કરતાં રોકાણ પર વધુ સારું વળતર આપે છે. જોકે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચાણ વચ્ચે, સ્થાનિક રોકાણકારોના આઈપીઓ બજાર તરફના વલણથી શેરબજારમાં પ્રવાહિતા અંગે ચિંતા વધી છે.૨૦૨૬માં અત્યાર સુધીમાં બેન્ચમાર્ક સૂચકાંકો ૧૩થી૧૪% ઘટયા છે, જ્યારે યુએસ બજારો ૧૪ થી૧૮% ઘટયા છે અને જાપાનના નિક્કી ૩૯% વધ્યો છે. ભારતીય શેરબજારમાં નબળાઈ એવા સમયે આવી છે જ્યારે આર્થિક વૃદ્ધિ ઝડપી બની રહી છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) વૃદ્ધિ ૭.૮% નોંધાઈ હતી. વધુમાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) પણ ભારે ખરીદી કરી રહ્યા છે. ઈક્વિટી બજારમાં નિરસતા વચ્ચે પ્રાયમરી બજારમાં જબરદસ્ત ઉત્સાહ છે. ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૯૭ મેઈનબોર્ડ લિસ્ટિંગ થયા છે, જેમાં ૬૩ લિસ્ટિંગ પ્રીમિયમ પર થયા છે. પરિણામે, રોકાણકારોનો રસ આઈપીઓ બજાર તરફ વળી રહ્યો હોય તેવું લાગે છે. બજારના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે ઈક્વિટી બજારમાં નબળાઈના ઘણા કારણો છે, જેમાં મોંઘા ક્રૂડ તેલ, ભૂ-રાજકીય તણાવ, યુએસ ૧૦-વર્ષના બોન્ડ યીલ્ડમાં વધારો, નબળો રૂપિયો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચાણ જેવા પરિબળોનો સમાવેશ થાય છે. બીજી બાજુ, ભારતના આર્થિક વિકાસના આંકડા અને ફુગાવા નિયંત્રણમાં રહેવાના સકારાત્મક અંદાજો સ્થાનિક બજાર માટે સકારાત્મક છે. વધુમાં, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી અને આઈપીઓમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. જોકે, જ્યારે એનએસઈથી આગામી જીયો પ્લેટફોર્મ ઈશ્યૂ સહિત મોટા આઈપીઓની વાત આવે છે, ત્યારે આ મેગા ઈશ્યૂ લિક્વિડિટી શોષી રહ્યા છે. આના કારણે ઈક્વિટી માર્કેટમાં લિક્વિડિટી ઓછી થઈ છે. ઈક્વિટી માર્કેટ લિક્વિડિટીમાં ઘટાડો થવાનું એકમાત્ર કારણ મેગા આઈપીઓ નથી. ક્લોઝિંગ ઓક્શન સેશન (CAS) પણ આનું બીજું એક મુખ્ય કારણ છે, કારણ કે તેનાથી ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

## તાંબાના વધતા ભાવને કારણે ગીઝર, કુલર અને પંખાના ભાવમાં વધારો

(એજન્સી) અમદાવાદ | તા. 10

ગયા વર્ષે તાંબાના ભાવમાં ૬૦%, સ્ટીલમાં ૪૦% અને પ્લાસ્ટિકમાં ૧૦૦%નો વધારો થયો છે. ઊંચા ભાવને કારણે, ઉત્પાદકો વધેલા ખર્ચને પોષી શકતા નથી. જેના કારણે ગીઝર, કુલર અને પંખાના ભાવમાં વધારો થયો છે. કેટલાક ઉત્પાદકો એલ્યુમિનિયમ તરફ પણ વળ્યા છે. તાંબુ અને એલ્યુમિનિયમ બંને ઈલેક્ટ્રિકલ સાધનો અને વાયરિંગમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ધાતુઓ છે. બંને વચ્ચેના મુખ્ય તફાવત તેમની વિદ્યુત વાહકતા, કિંમત, વજન અને ટકાઉપણું છે. વૈશ્વિક બજારમાં



તાંબાની કિંમત પ્રતિ ટન ૧૪,૦૦૦ ડોલરથી વધુ થઈ ગઈ છે. વધતી કિંમતો ઈલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઈલ્સ, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બાંધકામ અને કૃષિ સહિત અનેક ઉદ્યોગોને અસર કરી રહી છે. ૧ ઓક્ટોબરથી ભાવમાં ૮થી ૧૦%નો વધારો થયો છે. દિલ્હીમાં ઘણા ડીલરો આગામી સિઝન માટે નવો સ્ટોક ભરવા માટે સસ્તા દરે જૂનો માલ વેચી રહ્યા છે. એક વર્ષમાં કોપર પાઈપના ભાવમાં ૩૫%નો વધારો થયો છે. તાંબુ, જેનો ભાવ પહેલા રૂ. ૧,૧૫૦ પ્રતિ કિલો હતો, તે હવે રૂ. ૧,૮૦૦ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. જાણકારોએ જણાવ્યું હતું કે બજારમાં મૂલ્યમાં વૃદ્ધિ જોવા મળી રહી છે, પરંતુ જથ્થામાં વધારો થઈ રહ્યો નથી. વ્યવસાયમાં મૂલ્ય વૃદ્ધિને જોતા, ગયા વર્ષની સરખામણીમાં ૨૫ થી ૩૦% વૃદ્ધિ થઈ છે. આના કારણે ઉત્પાદનના ભાવમાં વધારો થયો છે. લેપટોપની સરેરાશ કિંમત, જે પહેલા રૂ. ૫૦,૦૦૦-૬૦,૦૦૦ હતી, તે હવે રૂ. ૮૦,૦૦૦-૯૦,૦૦૦ થઈ ગઈ છે. મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. ૨૦,૦૦૦ની રેન્જમાં હતી, તે હવે રૂ. ૩૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે.

## મેનેજમેન્ટ શિક્ષણ એક નિર્ણાયક વળાંક પર: EFMD x BITSoM સર્વે મુજબ, 73% બિઝનેસ સ્કૂલના વડાઓ AI-આધારિત પરિવર્તનની અપેક્ષા રાખે છે




(એજન્સી) મુંબઇ | તા. 10

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઝડપી તકનીકી પરિવર્તનો અને કાર્યસ્થળની બદલાતી ગતિશીલતા વૈશ્વિક વાણિજ્યને મૂળભૂત રીતે બદલી રહી છે, ત્યારે વિશ્વભરની બિઝનેસ સ્કૂલો એક અભૂતપૂર્વ વળાંકનો સામનો કરી રહી છે. ભવિષ્ય માટે સામૂહિક માર્ગ નક્કી કરવાના હેતુથી, BITS પિલાનીના નેજા હેઠળ BITS સ્કૂલ ઓફ મેનેજમેન્ટ (BITSoM) એ મુંબઈમાં તેની પ્રથમ 'ઓલ-ઈન્ડિયા ડીન્સ કોન્ફરન્સ'નું આયોજન કર્યું હતું. આ સંમેલનમાં ભારત અને વિશ્વભરના અગ્રણી શૈક્ષણિક નેતાઓ એકત્રિત થયા હતા જેથી મેનેજમેન્ટ શિક્ષણના ભવિષ્ય માટે એક સહિયારો કાર્યસૂચિ તૈયાર કરી શકાય.આ મહત્વપૂર્ણ સંમેલનમાં અગ્રણી વૈશ્વિક અને ભારતીય સંસ્થાઓના ડીન અને શૈક્ષણિક વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમાં BITSoM ના ડીન પ્રો. સરવણન કેસવન; USC માર્શલ સ્કૂલ ઓફ બિઝનેસના ડીન પ્રો. જ્યોફ્રી ગેરેટ; કોર્નેલ SC જોન્સન કોલેજ ઓફ બિઝનેસના ડીન પ્રો. વિશાલ ગૌર; જોન્સ હોપકિન્સ કેરી બિઝનેસ સ્કૂલના એસોસિયેટ ડીન પ્રો. લેસે મર્ટિન્સ; ડરહામ યુનિવર્સિટી બિઝનેસ સ્કૂલના એક્ઝિક્યુટિવ ડીન પ્રો. કિયરન ફર્નાન્ડિસ; અને NTU સિંગાપોરની નાન્યાંગ બિઝનેસ સ્કૂલના ડીન પ્રો. જન યાંગ તેમજ ભારતભરની 30થી વધુ બિઝનેસ સ્કૂલોના નેતાઓનો સમાવેશ થતો હતો.આ ઉચ્ચ-સ્તરીય ચર્ચાઓની સાથે સાથે, BITSoM એ 'EFMD x BITSoM ગ્લોબલ પર્સ્પેક્ટિવ્સ સર્વે રિપોર્ટ' નામનો સર્વે અહેવાલ પણ રજૂ કર્યો હતો. ભારતીય બિઝનેસ સ્કૂલોના 22 ડીન અને શૈક્ષણિક વડાઓ પાસેથી મેળવેલી પ્રાથમિક માહિતી અને સીધા અભિપ્રાયો પર આધારિત આ તારણો, ઉદ્યોગમાં આવતા મોટા ફેરફારોનો સામનો ભારતીય સંસ્થાઓ કેવી રીતે કરી રહી છે તેની પુરાવા-આધારિત ઝલક પૂરી પાડે છે.AI મહત્વાકાંક્ષા વિરુદ્ધ અમલીકરણનો અંતર: 73% ભારતીય બી-સ્કૂલના નેતાઓ અપેક્ષા રાખે છે કે AI મેનેજમેન્ટ શિક્ષણમાં નોંધપાત્ર અથવા મૂળભૂત પરિવર્તન લાવશે. જોકે, સંસ્થાકીય પ્રતિભાવો વ્યાપક રીતે બદલાય છે - મૂળભૂત વિક્ષેપની અપેક્ષા રાખનારાઓમાં, લગભગ 38% નિષ્ક્રિય નિરીક્ષણ અથવા પ્રારંભિક પ્રયોગ તબક્કા પસંદ કરે છે.વ્યાપક વ્યૂહાત્મક સહયોગ તરફ વળવું: 91% ઉત્તરદાતાઓ પરંપરાગત સ્વતંત્ર વિદ્યાર્થી ગતિશીલતા કાર્યક્રમો (9%) કરતાં વ્યાપક, બહુ-પરિમાણીય આંતરરાષ્ટ્રીય ભાગીદારી - સંયુક્ત સંશોધન, ફેકલ્ટી વિનિમય અને ઉદ્યોગ-સંકળાયેલ પહેલને સમાવિષ્ટ કરે છે - ને પ્રાથમિકતા આપે છે.

## ડાયેટ કોકના ભાવમાં વધારો

(એજન્સી) મુંબઇ | તા. 10

જો તમે ડાયેટ કોક ના શોખીન હોવ, તો હવે તમારે તેના માટે વધુ ખર્ચ કરવો પડી શકે છે. દિલ્હી-એનસીઆર, મુંબઈ, બેંગલુરુ અને ગોવા જેવા બજારોમાં, કોકા-કોલાના કેટલાક બોટલર્સ અને સ્થાનિક રિટેલર્સે ડાયેટ કોકની કિંમતમાં વધારો કર્યો છે. સતત પુરવઠાની અછત અને કેન બનાવવા માટે વપરાતા એલ્યુમિનિયમના ભાવમાં વાર્ષિક 30%ના વધારાને કારણે 330 મિલીના કેનની કિંમત 50થી વધીને 70 થઈ ગઈ છે. આ સ્થિતિ ત્યારે સર્જાઈ છે જ્યારે કોકા-કોલાના પોતાના પ્લાન્ટમાં ઉત્પાદિત ડાયેટ કોક કેન પર હજુ પણ 50ની કિંમત છપાયેલી છે. કોકા-કોલાના એક સ્વતંત્ર બોટલરે પુષ્ટિ કરી કે, 'હા, અમે હવે ડાયેટ કોકના 330 મિલીના કેન 70માં વેચી રહ્યા છીએ. એલ્યુમિનિયમ કેનના વધતા ખર્ચનો બોજ અનિશ્ચિત સમય સુધી સહન કરી શકાય તેમ નથી.' આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે એલ્યુમિનિયમ કેનના પુરવઠામાં ભારે અછત સર્જાઈ હતી અને પરિણામે ભાવમાં વધારો થયો હતો. તેની અસર ભારતના સૌથી વધુ વેચાતા સુગર-ફ્રી ડ્રિંક પર પણ પડી હતી. આ વર્ષે જુલાઈમાં કંપનીએ ૩૦૦ મિલીના કેન (જેની કિંમત 40 હતી) ને બદલે 50ની કિંમતના મોટા 330 મિલીના ડાયેટ કોક કેન રજૂ કર્યા હતા. એક અહેવાલમાં ટાંકવામાં આવેલા ઈમેલ જવાબમાં, કોકા-કોલાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ભારતીય નિયમો અનુસાર, કંપની તમામ વેપારી ભાગીદારોને સલાહ આપે છે કે તેઓ પેક પર છપાયેલી MRP (મહત્તમ છૂટક કિંમત) મુજબ જ કિંમત વસૂલે. તેમણે ઉમેર્યું હતું કે ગ્રાહકોની વિવિધ જરૂરિયાતો અને પ્રસંગોને ધ્યાનમાં રાખીને ડાયેટ કોક બજારમાં વિવિધ કિંમતો પર ઉપલબ્ધ છે. બેવરેજ ઉદ્યોગના એક વરિષ્ઠ અધિકારીએ નોંધ્યું હતું કે સ્વતંત્ર બોટલર્સ અને રિટેલર્સ દ્વારા નક્કી કરવામાં આવતી કિંમતો પર કંપનીનું કોઈ નિયંત્રણ હોતું નથી. કિંમતો વધારવાનો નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો કારણ કે છેલ્લા એક વર્ષમાં ઝીરો-કેલરી ડ્રિંક્સની માંગ બમણી થઈ ગઈ છે. બ્લિંકિટ અને ઝેપ્ટો જેવા ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ પર 330 મિલીના ડાયેટ કોક કેન હજુ પણ 50માં વેચાઈ રહ્યા છે. જોકે, વિવિધ શહેરોના વપરાશકર્તાઓ ઈન્સ્ટાગ્રામ અને X (ટ્વિટર) જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વ્યાપકપણે પોસ્ટ કરી રહ્યા છે અને જણાવી રહ્યા છે કે ઓફલાઈન સ્ટોર્સ તથા સુપરમાર્કેટ્સમાં 330 mlની ડાયેટ કોક કેન માટે તેમની પાસેથી 70 વસૂલવામાં આવી રહ્યા છે.

## ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપે 'ઈન્ડિયા ઇન્ક્લૂડેડ ઓન કેમ્પસ 2026'ના સમાપન સમારંભમાં નોકરીમાં ફરી જોડાવા ઇચ્છતી મહિલાઓ માટે 'ગેટવે' પ્રોગ્રામ શરૂ કર્યો

(એજન્સી) મુંબઇ | તા. 10

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપની વિવિધતા, સમાનતા અને સમાવેશ (ડીઈઆઈ) માટે કામ કરતી શાખા ગોદરેજ ડીઈઆઈ લેબે આજે 'ગેટવે' પ્રોગ્રામની શરૂઆત કરી છે. આ પ્રોગ્રામનો હેતુ લગ્ન, માતૃત્વ, પરિવારની સંભાળ અથવા જીવનમાં આવતા અન્ય પરિવર્તનોને કારણે કારકિર્દીમાં વિરામ લીધા બાદ ફરી નોકરી શરૂ કરવા ઈચ્છતી અનુભવી મહિલાઓ માટે એક વ્યવસ્થિત માર્ગ તૈયાર કરવાનો છે. ગેટવે દ્વારા ગોદરેજમાં કુશળ મહિલાઓને નોકરીમાં જાળવી રાખવા અને તેમની પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે અગાઉથી ચાલી રહેલા પ્રયાસોને વધુ મજબૂત બનાવવામાં આવશે. હાલમાં ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝના કુલ કર્મચારીઓમાં મહિલાઓનું પ્રમાણ 30 ટકા છે. ગ્રુપે વર્ષ 2031 સુધીમાં મહિલાઓ, LGBTQIA+ સમુદાયના લોકો અને દિવ્યાંગજનોનો 40 ટકા સમાવેશ કરવાનું જાહેર પ્રતિબદ્ધતા તરીકે સ્વીકાર્યું છે.'ઈન્ડિયા ઈન્ક્લૂડેડ ઓન કેમ્પસ'ના સમાપન સમારંભમાં ગેટવે પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી હતી. આ ભારતની અગ્રણી બિઝનેસ સ્કૂલો માટે ગ્રુપ દ્વારા આયોજિત સમાવેશ પર આધારિત પ્રતિષ્ઠિત અભ્યાસ-સ્પર્ધાની બીજી એડિશન છે. વર્ષ 2025માં યોજાયેલી પ્રથમ એડિશનને મળેલી સફળતા બાદ આ વર્ષે 'ઈન્ડિયા ઈન્ક્લૂડેડ ઓન કેમ્પસ'નો કાર્યક્રમ દેશની આઠ અગ્રણી બિઝનેસ સ્કૂલોમાં યોજાયો હતો. તેમાં આઈઆઈએમ લખનૌ, આઈઆઈટી દિલ્હી, એક્સઆઈએમ ભુવનેશ્વર, ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ, આઈઆઈટી મુંબઈ, એસઆઈબીએમ પુણે, ટીઆઈએસએસ મુંબઈ અને આઈઆઈએમ ત્રિચીનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં સેંકડો વિદ્યાર્થીઓએ મહિલાઓની વર્કફોર્સમાં ભાગીદારી વધારવાના પડકાર પર કામ કર્યું હતું. તેમણે નોકરીમાં ફરી જોડાતી વખતે મહિલાઓને જે અવરોધોનો સામનો કરવો પડે છે, તેને દૂર કરવા માટે વિવિધ ઉકેલો તૈયાર કર્યા હતા. ત્યારબાદ અંતિમ તબક્કામાં પહોંચેલી ચાર ટીમો જેમ કે આઈઆઈએમ લખનૌ, આઈઆઈટી દિલ્હી, એક્સઆઈએમ ભુવનેશ્વર અને એસઆઈબીએમ પુણેએ ગ્રાન્ડ ફિનાલેમાં પોતાની ભલામણો રજૂ કરી હતી. એક્સઆઈએમ ભુવનેશ્વર ટીમ વિજેતા બની હતી. મહિલાઓને કારકિર્દીમાં વિરામ બાદ ફરી નોકરી શરૂ કરવામાં મદદરૂપ થાય તેવા વ્યવસ્થિત કાર્યક્રમ અંગેની તેની રજૂઆતને વિજેતા જાહેર કરવામાં આવી હતી. ટીમને રૂ. 1,00,000નું રોકડ ઈનામ મળ્યું હતું. આ ઉપરાંત, તેને ગોદરેજના વરિષ્ઠ નેતૃત્વ સાથે સંવાદ કરવાની તક પણ મળી હતી.

### તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો સુદ 01

# દેખાવકારો પર પોલીસ કાર્યવાહીની માંગણી સુપ્રિમે ફગાવી

સુપ્રિમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને માંગ કરવામાં આવી હતી કે, દિલ્હીમાં દેખાવકારોને કન્ટ્રોલમાં રાખવા પોલીસને છૂટ આપવામાં આવે. દેખાવકારો સામે પગલા લેવા માટે પોલીસને સ્વતંત્રતા આપવાની માંગણી પણ કરવામાં આવી હતી. જોકે સુપ્રિમ કોર્ટે આ માંગણી સ્વિકારી નહોતી અને અરજી ફગાવી દીધી હતી. સીજેઆઇ સૂર્યકાંતની બેંચે કહ્યું હતું કે, પ્રદર્શન કરનારાઓમાં ઘણા યુવાન વિદ્યાર્થીઓ પણ છે. સુપ્રિમ કોર્ટે એમના ભવિષ્યની સાથે એમના કુટુંબ બાબતે પણ વિચારવું જોઈએ. કોઈપણ કેસ પર નિર્ણય લેતા પહેલા ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, દેખાવકારોની જિંદગી અને એમના ભવિષ્ય પર કાયદેસર કાર્યવાહીની કેવી અસર પડશે. સીજેઆઇ સૂર્યકાંતે કહ્યું હતું કે, 'દેખાવ કરનારાઓ યુવાન છે. અમારે એમના માતા-પિતા ઉપરાંત એ વાતનું પણ ધ્યાન રાખવું પડે કે, એમનું જીવન લાંબુ છે. એમને કોર્ટની કાર્યવાહીમાં ગૂંચવવા જોઈએ નહીં.' આજે દિલ્હીમાં સીજેપી મોટા પાયે દેખાવ કરવાની છે ત્યારે એક દિવસ પહેલા જ રાજધાનીમાં એક નવા સંગઠનના લોકો રસ્તા પર ઉતર્યા હતા. 'લાલ હીટ જનતા પાર્ટી'ના બેનર હેઠળ આ પ્રદર્શનકારીઓ જનપથ ખાતે ભેગા થયા હતા. આ સંગઠને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપાતી ગાળો અને પોલીસ કર્મચારીઓ પર કરવામાં આવેલા હુમલાનો વિરોધ કર્યો હતો. આ સંગઠનનું નામ પણ ખાસ્સુ ચર્ચામાં રહ્યું હતું. એમ મનાય છે કે, કીડા મારવાની એક લોકપ્રિય બ્રાન્ડ પરથી આ નામ રાખવામાં આવ્યું છે. સીજેપીના જવાબમાં ટીખળના ભાગરૂપે આ નામ રાખવામાં આવ્યું છે. આ સંગઠનના યુવાનોએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વપરાતી અપમાનજનક ભાષાનો ઉપયોગ તેઓ સ્વિકારશે નહીં. વડાપ્રધાન તો અમારા કુટુંબનો ભાગ છે. દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને કારણે પટણા, બનારસ અને રાજેન્દ્રનગરથી નવી દિલ્હી આવનારી છ મુખ્ય ટ્રેનો રદ કરી દેવામાં આવી છે. પૂર્વમધ્ય રેલવેના દાનાપુર રેલ મંડળ દ્વારા આપવામાં આવેલી જાણકારી પ્રમાણે તેજસ રાજધાની અને સંપૂર્ણક્રાંતિ જેવી ટ્રેનો કેન્સલ કરવામાં આવી છે. મધ્યપ્રદેશના ઇટારસી જંકશન પર પોલીસે ગોવા એક્સપ્રેસના ૧૫ સીજેપી કાર્યકર્તાઓને અટકાયતમાં લીધા છે. અટકાયતમાં લીધા પછી એમને અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. રાજસ્થાનના અલવરમાં પોલીસે સીજેપીના નેતા દિપક બાલિયાનની અટકાયત કરી છે. રદ કરવામાં આવેલી ટ્રેનોમાં ૧૨૩૦૯ રાજેન્દ્રનગર - નવી દિલ્હી પટણા તેજસ રાજધાની એક્સપ્રેસ, ૧૨૩૯૩ રાજેન્દ્રનગર - નવી દિલ્હી સંપૂર્ણક્રાંતિ એક્સપ્રેસ, . જેવી ટ્રેનોનો સમાવેશ થાય છે. નર્મદાપુરમ જિલ્લાના ઇટારસી જંક્શન પર ગોવા એક્સપ્રેસ ટ્રેનમાં દિલ્હી જતા ઘણા મહિલા કાર્યકરોને પણ મહિલા પોલીસે ડીટેઈન કર્યા હતા.દક્ષિણ આફ્રિકાના કાયદાશાસ્ત્રી નવનીનમ 'નવી' પિલ્લઈને ૨૦૨૬નો નોબેલ શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ જાહેરાત નોર્વેની રાજધાની ઓસ્લોમાં કરવામાં આવી હતી. એમને શાંતિ અને આંતરરાષ્ટ્રીય કાયદાઓને પ્રોત્સાહન આપવા માટે આ સન્માન આપવામાં આવ્યું છે. રવાંડા આંતરરાષ્ટ્રીય ટ્રિબ્યુનલમાં જજ તરીકે એમની કામગીરી ઘણી પ્રભાવશાળી રહી હતી. પિલ્લઈ મૂળ ભારતીય તામિલ છે. એમનો જન્મ ૧૯૪૧ની ૨૩મી સપ્ટેમ્બરે દક્ષિણ આફ્રિકાના ડર્બન શહેરમાં ગરીબ કુટુંબમાં થયો હતો. ૨૦૦૮થી ૨૦૧૪ સુધી તેઓ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકારના પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે. રવાંડા નરસંહાર મામલે એમણે ઉત્તમ ભૂમિકા નીભાવી હતી. ૧૯૯૪માં રવાંડા નરસંહાર કેસોની સુનાવણી પણ એમણે કરી હતી. શારીરિક યૌનશોષણ પણ નરસંહારનો ભાગ હોઈ શકે છે એ વાત એમણે પુરવાર કરી હતી. પંજાબના સસ્પેન્ડેડ ડીઆઈજી હરચરણ સિંહ ભુલ્લર ચંદીગઢ કોર્ટમાં હાજર થયા હતા. કોર્ટમાં જતી વખતે ભુલ્લરે પહેલી વખત વાતચીત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ હમણા કંઈ કહી શકે નહીં. ૮ લાખ રૂપિયાની લાંચ લેવાના કેસનો સામનો તેઓ કરી રહ્યા છે. એ વખતે વચેટીયા કૃષ્ણુ શારદાએ કહ્યું હતું કે પંજાબમાં ચૂંટણી થવાની છે એટલે અમને ફસાવવામાં આવી રહ્યા છે. તમામ આરોપો એમણે નકારી નાંખ્યા હતા. આ પહેલા ભુલ્લર અને ફરિયાદી આકાશ બટ્ટાને સીબીઆઈ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. એ વખતે આકાશ બટ્ટાએ જુબાની આપી હતી. ઈડી તરફથી દાખલ કરવામાં આવેલી અરજી પર સીબીઆઈ કોર્ટે ભુલ્લર સામે પ્રોડક્ટશન વોરન્ટ મોકલ્યું છે.

# અંતેલા કન્યાશાળામાં 108 ટીમ અને આરોગ્ય વિભાગ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ યોજાઈ



દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના અંતેલા ખાતે G.L.R.S. PMશ્રી કન્યાશાળામાં 108 ઇમરજન્સી સેવા ટીમ અને આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફને આપત્તિના સમયે કટોકટીની પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો, ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તેમજ CPR કેવી રીતે કરવું તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તાલીમ દરમિયાન આપત્તિના સમયે ગભરાયા વિના પરિસ્થિતિનો સામનો કરવા, સમયસર મદદ મેળવવા અને ઈમરજન્સીની સ્થિતિમાં જીવન બચાવવા માટે લેવામાં આવતાં જરૂરી પગલાં વિશે સમજાવવામાં આવ્યું હતું. ખાસ કરીને, વ્યક્તિ અચાનક બેભાન થઈ જાય અથવા શ્વાસ લેવામાં તકલીફ પડે તેવી કટોકટીની સ્થિતિમાં CPRનું શું મહત્ત્વ છે તે સમજાવી, નિષ્ણાતો દ્વારા CPRનો પ્રત્યક્ષ નિદર્શન સાથે તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત, અકસ્માત કે અન્ય આપત્તિના સમયે ઈજાગ્રસ્ત વ્યક્તિને તબીબી સહાય મળે ત્યાં સુધી કઈ રીતે પ્રાથમિક સારવાર આપવી તેની પણ સમજ આપવામાં આવી હતી.આ તાલીમ કાર્યક્રમમાં શાળાના કુલ 417 વિદ્યાર્થીઓ અને 20 શાળા કર્મચારીઓ સહિત કુલ 437 લોકોએ ભાગ લીધો હતો. તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શાળા સ્ટાફમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ લાવવાનો તેમજ કટોકટીના સમયે તાત્કાલિક અને યોગ્ય પગલાં લેવા માટે સજ્જ કરવાનો હતો.કાર્યક્રમમાં જિલ્લા પ્રોજેક્ટ અધિકારી જયેશકુમાર જી. ગાડીલુહાર, દેવગઢ બારીયા 108ના મેનેજર મતીનભાઈ ઠાકોર તેમજ અંતેલા આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. 108 ટીમ અને આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ તાલીમ વિદ્યાર્થીઓ તથા શાળાના કર્મચારીઓ માટે ઉપયોગી બની હતી. આવી તાલીમ દ્વારા આપત્તિના સમયે જાનમાલનું નુકસાન ઘટાડવા અને કટોકટીમાં યોગ્ય પ્રતિસાદ આપવા અંગે જાગૃતિ કેળવવામાં મદદ મળે છે.

## જાફરાબાદ જ્ઞાન તૃષા છીપાવતુ ઝરણું જ્ઞાનની પરબ સમાન ગ્રંથાલય નું લોકાર્પણ : ખારાં જળમાં મીઠી વીરડી સમાન ગ્રંથાલય પ્રજાજનો માટે જ્ઞાનનો નવો સૂર્યોદય નું લોકાર્પણ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના વિધાર્થીઓનો યુવાનો વિધાર્થિનીઓ અને ગ્રામજનોના શૈક્ષણિક અને બૌદ્ધિક વિકાસ માટે આજે એક સુવર્ણ પ્રભાત ઉગ્યું છે. ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા ( ગાંધીનગર) દ્વારા નવસ્થાપિત સરકારી તાલુકા ગ્રંથાલય જાફરાબાદ ( જિલ્લો અમરેલી) ની સેવાઓ નો ભવ્ય લોકાર્પણ સમારોહ આજે શનિવાર તા.૧૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્યંત ઉત્સાહસભર માહોલમાં સંપન્ન થયો હતો. અધિકારીઓ અને અગ્રણીઓની પ્રેરણાદાયી ઉપસ્થિત રહી હતી આ ગરિમાપૂર્ણ સમારોહમાં જાફરાબાદ નગરપાલિકા પ્રમુખ ના પ્રતિનિધિ પ્રફુલ્લભાઈ બારૈયા, જાફરાબાદ તાલુકાના મુરબ્બી શિક્ષણવિધ અને વરિષ્ઠ પત્રકાર અને જાફરાબાદ ની ત્રિ.મા. લાઈબ્રેરી ની વ્યવસ્થાપન કમીટીના સભ્ય શ્રી એચ. એમ. ધોરી. અને પત્રકાર શ્રી કિશોરભાઈ આર. સોલંકી અને ભાવનગર વિભાગ ના મદદનીશ ગ્રંથાલય નિયામક ડો આર.ડી. પરમાર તેમજ સ્ટાફગણ સર્વ



શ્રી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો એ જાફરાબાદ તાલુકાના વિધાર્થીઓ શિક્ષકો અને વાંચન પ્રેમી નાગરિકો ને આ સરકારી ગ્રંથલાય નો મહત્તમ ઉપયોગ કરવા અને તેના જ્ઞાનભંડારનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું નવીન ગ્રંથલાય કાર્યરત થતાં સમગ્ર જાફરાબાદ પંથકના વિધાર્થીઓ અને યુવાવર્ગમાં ભારે હરખ અને ઉત્સાહની લહેર ફરી વળી છે. જાફરાબાદ પુસ્તકાલય એ ખારાં જળમાં મીઠી વીરડી સમાન જ્ઞાનની પરબ છે. પુસ્તકોએ માનવ માનવ વચ્ચે સંવાદિતા સાધવાનું કામ કરે છે. પુસ્તકાલય એક પ્રકાશ ધામ છે. પુસ્તકાલય એક લોકશાહી નું મંદિર છે. પુસ્તક પ્રેમી સૌથી શ્રીમંત અને સુખી છે. વાંચનાલય એક જ્યોતિ મંદિર છે. દરેક વ્યક્તિ એ વાચનનો શોખ કેળવો જોઈએ પુસ્તકો એ દુનિયાનો સમૃદ્ધિ નો ખજાનો છે. અનેક પેઢીઓ અને રાષ્ટ્ર નો સાચો વારસો શિક્ષણ અને સાહિત્ય એ સમાજની બે આંખો છે. ગ્રંથાલયો એ વિશ્વની તમામ નદીઓનું તીર્થ છે. બાળકો ને પેપ્સી નહીં પુસ્તક આપો વિચારોના યુધ્ધમાં પુસ્તકો જ શસ્ત્ર છે. આ તમામ સુત્રો ને સાર્થક કરી બતાવતું ગ્રંથલાય છે. આ સમગ્ર કાર્યક્રમ રંગે ચંગે પૂર્ણ થયો હતો.

## ધોરાજીના ૪ ગામના ખેડૂતોનો વીજ કાપ સામે ઉપલેટા PGVCL કચેરીએ ઉગ્ર રજૂઆત

વિજય રાડીયા | ઉપલેટા

ખેડૂતોની વીજ સમસ્યાને લઈને ધોરાજી તાલુકાના મોટી વાવડી, સુપેડી, નાની વાવડી અને ઝાંગમેરા ગામના ખેડૂતો દ્વારા ઉપલેટા PGVCL કચેરી ખાતે આજરોજ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.છેલ્લા ઘણા સમયથી ખેતીવાડી વિજ પુરવઠા દરમિયાન વારંવાર લોડ સેટિંગ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે ખેડૂતો સમયસર પોતાના ખેતરમાં સિંચાઈ કરી શકતા નથી. આ બાબતે ખેડૂતોએ PGVCL ના નાયબ ઈજનેરશ્રી, ઉપલેટા અને ધોરાજીને સંબોધીને રજૂઆત કરી હતી.આ તકે ધોરાજી તાલુકાના ભાજપ આગેવાન નિકુંજભાઈ કણસાગરા, ધોરાજી તાલુકા ઉપપ્રમુખ જયદીપભાઈ ડઢાણીયા, કિસાન મોરચા પ્રમુખ ભાવિનભાઈ ઘેટીયા, સરપંચ જતીનભાઈ દલસાણીયા, કિશાન મોરચાના હોદ્દેદારો અને મોટી વાવડીના સરપંચ શ્રી જતીનભાઈ દલસાણીયા સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને મોટી વાવડીમાં સરપંચ શ્રી



જતીનભાઈ દલસાણીયા ખુબ જ ગમતા સરપંચ તરીકે બહાર ની આવ્યા છે.ખેડૂતોએ જણાવ્યું હતું કે, ખેતીવાડી વિજ જોડાણમાં નિયમ મુજબ પૂરતો અને નિયમિત વિજ પુરવઠો આપવામાં આવે. ટેકનિકલ ખામી કે ઓવરલોડિંગના કારણે વિજ પુરવઠામાં અવરોધ થતો હોય તો તેનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવે.ખેડૂત એ દેશની આર્થિક વ્યવસ્થાનો પાયો છે. ત્યારે આ પ્રશ્નને ગંભીરતાથી લઈ તાત્કાલિક તપાસ કરી રાહત આપવામાં આવે અને કરેલી કાર્યવાહીની લેખિતમાં જાણ કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી.તો આ તકે નિકુંજભાઈ કણસાગરાએ જણાવ્યું હતું કે, 'ખેડૂત એ ભાજપ સરકારની પ્રાથમિકતા છે. વીજળીના અભાવે જો એક પણ ખેડૂતના પાકને નુકસાન થશે તો તે ચલાવી લેવામાં આવશે નહીં. PGVCL એ તાત્કાલિક આ પ્રશ્નનો ઉકેલ લાવવો પડશે, નહીંતર આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.'PGVCL ના અધિકારીએ રજૂઆતને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

### સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ

# સેઢાલ ગામના મુસ્લિમ બિરાદર ઈમરાનભાઈ મક્કા મહિના હજ કરવા જતાં પહેલાં પ્રા.શાળાના બાળકોને ભોજન કરાવ્યું

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના સેઢાલ ગામ ના વતની ઈમરાનભાઈ સુમરા પરીવાર મક્કા હજ (ધાર્મિક) યાત્રાએ જવાના હોઈ જરૂર કેટલાક જરૂરિયાતમંદ પરીવારોને યથાયોગ્ય દાન આપી સાથે. પ્રા શાળા ના બાળકો આંગણવાડીના ભુલકાંઓને ભોજન કરાવી અન્નદાન થકી કૃતાર્થ થઈ મુસ્લિમ બિરાદરે સમાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું આ પ્રસંગે યોજાયેલ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત મૌલવી જી એ અલ્લાહ સૌને સાચવે છે હમેશાં જગત કલ્યાણ સાર્વજનિક કલ્યાણ સેવાના કામ માં સહયોગી થઈ અલ્લાહની દુવા લઈ સાચા માનવ



બનવા ઉપસ્થિત સૌ પરિવારજનો સ્નેહીજનોને બોધ આપ્યો હતો જ્યારે સરપંચ બાબુભાઈ પટેલ પૂર્વ સરપંચ કાળાજી પૂર્વ સરપંચ ગોવિંદભાઈ ઉપસરપંચ વેરશીજી ઠાકોરે સહિત ગામના વિવિધ સમાજના આગેવાનો સ્નેહીજનોએ .ધાર્મિક યાત્રાએ જતાં મુસ્લિમ બિરાદર ઈમરાનભાઈ અને તેમના પરીવારના સભ્યો ને સાલ ઓઢાડી સન્માનિત કરી તેમની ધાર્મિક યાત્રા સુખરૂપ રહે તેવી ભગવાન (અલ્લાહ) પાસે દુવા સાથે કરી શુભેચ્છાઓ પાઠવી હતી જ્યારે શાળાના આચાર્ય પંડ્યાજી શાળા પરીવાર સરપંચ બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ મહાનગરપાલિકા ગેરકાયદે હોર્ડિંગ્સ પર તૂટી પડી

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢ હદ વિસ્તારમાં કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર હોર્ડીંગ્સ બોર્ડ લગાવી જાહેરાત કરતાં તેમજ જમીન પર ગેરકાયદેસર મંડપ નાખી દબાણ કરતાં જુદાં જુદાં આસામીઓ પાસેથી માન.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ રેવન્યુ ટેક્સ શાખાની ટીમ દ્વારા તા.૧૦/૧૦/૨૬ ના રોજ રૂ.૪૩,૫૦૦/- ના દંડની વસૂલાત કરવામાં આવી તેમજ ભવિષ્યમાં આવી કોઈ ભૂલ ન થાય તેવી સૂચના આપવામાં આવેલ છે. વધુમાં જણાવ્યું છે કે મહાનગરપાલિકા જુનાગઢની પૂર્વ મંજૂરી વગર આવી પ્રવૃતિ ન કરવા એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

# સાવરકુંડલા તાલુકાના ખેડૂતો માટે વિકાસની નવી ભેટ

## વંડા અને ઘાંડલા ગામે ત્રણ ચેકડેમ માટે રૂ. ૧.૮૭ કરોડથી વધુની મંજૂરી

સાવરકુંડલા | સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ નો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ અને જળસંરક્ષણને વધુ મજબૂત બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા તાલુકાના વંડા ગામે ઉતાવળી નદી ઉપર ચેકડેમ નં. ૧ અને ચેકડેમ નં. ૨ના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે. ચેકડેમ નં. ૧ માટે રૂ. ૩૩.૦૧ લાખ તથા ચેકડેમ નં. ૨ માટે રૂ. ૫૮.૨૦ લાખ, એમ બંને ચેકડેમ માટે કુલ રૂ. ૯૧.૨૧ લાખ તેમજ સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામે જામવાળી નદી ઉપર ચેકડેમના બાંધકામ માટે રૂ. ૯૬.૨૪ લાખની મંજૂરી આપવામાં આવી છે.સાવરકુંડલા તાલુકાના વંડા ગામે ઉતાવળી નદી ઉપર ચેકડેમ નં. ૧ અને ચેકડેમ નં. ૨ના બાંધકામને મંજૂરી આપવામાં આવી છે. ચેકડેમ નં. ૧ માટે રૂ. ૩૩.૦૧ લાખ તથા ચેકડેમ નં. ૨ માટે રૂ. ૫૮.૨૦ લાખ, એમ બંને ચેકડેમ માટે કુલ રૂ. ૯૧.૨૧ લાખની મંજૂરી આપવામાં આવી છે.ઉતાવળી નદી ઉપર આ બંને ચેકડેમનું બાંધકામ પૂર્ણ થયા બાદ વરસાદી પાણીના સંગ્રહમાં વધારો થશે. જેના કારણે વંડા તથા ફાચરીયા ગામના ખેડૂતોને ખેતી માટે પાણીની ઉપલબ્ધતામાં લાભ મળી શકશે. ચેકડેમમાં પાણીનો સંગ્રહ થવાથી આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરને પણ ફાયદો થવાની સંભાવના છે.વંડા ગામે ઉતાવળી નદી ઉપરના બે ચેકડેમ



માટે મંજૂર થયેલી રૂ. ૯૧.૨૧ લાખ તથા ઘાંડલા ગામે જામવાળી નદી ઉપરના ચેકડેમ માટે મંજૂર થયેલી રૂ. ૯૬.૨૪ લાખની રકમ મળી કુલ રૂ. ૧.૮૭ કરોડથી વધુની મંજૂરી આપવામાં આવી છે.સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામે જામવાળી નદી ઉપર ચેકડેમના બાંધકામ માટે રૂ. ૯૬.૨૪ લાખની મંજૂરી આપવામાં આવી છે. આ ચેકડેમના નિર્માણથી ઘાંડલા ગામના ખેડૂતોને ખેતી અને સિંચાઈ માટે પાણીનો લાભ મળશે.જામવાળી નદી ઉપર ચેકડેમ બનવાથી વરસાદી પાણીનો સંગ્રહ કરી તેનો ઉપયોગ ખેતી માટે કરી શકાશે. ખાસ કરીને વરસાદ આધારિત ખેતી કરતા ખેડૂતો માટે પાણીની ઉપલબ્ધતા વધારવામાં આ કામગીરી ઉપયોગી બની શકે છે.આ ત્રણેય ચેકડેમના બાંધકામથી પાણી સંગ્રહની ક્ષમતામાં વધારો થવાની સાથે વંડા, ફાચરીયા અને ઘાંડલા ગામના ખેડૂતોને સિંચાઈ માટે પાણીની સુવિધા મળવાની અપેક્ષા છે. આ કામગીરીથી સ્થાનિક સ્તરે ખેતીને વધુ પાણી આધારિત સુવિધા મળી શકે તેમ છે. સુવિધા વધારવી મહત્વપૂર્ણ છે. વંડા અને ઘાંડલા ખાતે મંજૂર થયેલા ચેકડેમના બાંધકામથી સ્થાનિક ખેડૂતોને પાણી સંગ્રહ અને સિંચાઈની સુવિધામાં લાભ મળશે. આ મંજૂરી બદલ તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, સાવરકુંડલા તાલુકાના ત્રણ મહત્વપૂર્ણ ચેકડેમના બાંધકામને મળેલી મંજૂરીથી વિસ્તારના ખેડૂતોમાં આશાવાદ વધ્યો છે. ચેકડેમનું બાંધકામ પૂર્ણ થયા બાદ વરસાદી પાણીના સંગ્રહ અને ખેતી માટે પાણીની ઉપલબ્ધતામાં વધારો થવાની અપેક્ષા છે.સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વંડા અને ઘાંડલા ગામે ચેકડેમના બાંધકામ માટે મંજૂરી મળતાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# તખુભાઈ: હસતાં ચહેરા પાછળ પર્યાવરણ, શિક્ષણ,સાહિત્યનું ચિંતક વ્યક્તિત્વ

(તખુભાઈ સાંડસુરના 11 ઓકટોબરે 66 માં જન્મદિવસનો લેખ)

ભાવનગર જિલ્લાના વેળાવદર ગામમાં 11 ઓક્ટોબર 1961ના જન્મીને ત્યાં જ તેને પોતાની કર્મભૂમિ, ધર્મભૂમિ અને સર્વભૂમિ કરનાર શ્રી તખુભાઈ સાંડસુર સમગ્ર ગુજરાતનું પર્યાવરણ,સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ વગેરે ક્ષેત્રમાં કાર્યરત એવું ગૌરવવંતુ નામ છે.

શિક્ષણ અને કાયદામા સ્નાતકની પદવી, વિનયનમાં અનુસ્નાતક,જર્નાલિઝમમાં ડિપ્લોમા, પ્રાથમિક શિક્ષણનું તાલીમનું પ્રમાણપત્ર વગેરે કારકિર્દી ઘડતર.શિક્ષક પિતાજ સ્વ.આલાભાઈનો શિક્ષણ વારસો. પોતાના ગામમાં માધ્યમિક શાળાનું નિર્માણ,સંવર્ધન અને સંચાલનમાં તેમની અગ્રીમ ભૂમિકા સને 1989 થી રહી છે. ગામની પ્રાથમિક શાળામાં 7 વર્ષ અને માધ્યમિક શાળામાં લગભગ 29 વર્ષ આચાર્ય મળી 36 વર્ષ શિક્ષણની સેવાઓ. 2000 વધું વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું.ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચના સંયોજક તરીકે તેમણે સને 2021 થી 2025 દરમિયાન 19 થી વધારે શિક્ષકોને એવોર્ડ, 300 શિક્ષકોને વિવિધ પ્રમાણપત્રો -સન્માન પત્ર, 61 જેટલા શિક્ષકોને પોતાના 61 માં જન્મદિવસે અભિવાદન.આ બધું તેમની કામગીરીનો શિલાલેખ નથી પરંતુ અછડતો ઉલ્લેખ માત્ર છે. 65,000 થી વધારે વિદ્યાર્થીઓને જાહેર પરીક્ષાનું માર્ગદર્શન, 80 હજાર જેટલા વિદ્યાર્થીઓને વાર્તા કથનથી મોજીલા શિક્ષણની યાત્રા, 10 જેટલા સંગોષ્ઠિના શિક્ષણ પરિસંવાદોથી શિક્ષકોની જ્ઞાન ગુણવત્તાના સુધારમાં તેઓએ નેતૃત્વ કર્યું છે.

સાહિત્યકાર તરીકે લેખન તથા સંપાદનના કુલ 12 પુસ્તકોનું ભાથું તેમની પાસેથી પ્રાપ્ત થયું છે.જેમાં હથેળીનું સ્વર્ગ- સને 1999 (ટૂંકી વાર્તા), વલયઘોષ સને -2002 (ટૂંકી વાર્તા ) ભીતર ઉઘડ્યાં કમાડ સને -2002 (પ્રસંગ કથાઓ), મધુવનનો મારગ સને- 2012 (ચિંતન લેખો ),શિક્ષણ માંગલ્ય 2012(શિક્ષણ લેખો),મોરારિબાપુ: વ્યક્તિ નહીં વિચાર સને-2023, (ચરિત્ર), નોખા મલક નોખા મનેખ- સને 2023( પ્રવાસ વર્ણન ) @સંપાદનો... સુવાસના સરવાળા- સને 2018 (જીવન વૃતાંત) શિક્ષણના ધ્રુવતારકો -સને 2023 ,મારી શાળા :આચાર અને નવાચાર સને -2024,ઘટ્ટ અને ઘડવૈયા સને -2025, માનસ સનાતન ધર્મ લે -મોરારિબાપુ સને -2026 .
આ ઉપરાંત તેઓએ અનેક અખબારોમાં પોતાની કોલમ અને લેખો પ્રસિદ્ધ કરીને



ડો.ભાવના ઠુંમર (જુનાગઢ)

વાંચકની હૈયામાં વસવાટ કર્યો છે.

સંવેદનશીલતાના સ્વામી તરીકે પર્યાવરણ તેમનો પ્રિય વિષય રહ્યો છે. તેમણે સને -2001 માં ગારીયાધારથી પાલીતાણાની 'વૃક્ષ ચેતના યાત્રા' અને સને 2004માં ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની 'પર્યાવરણ કૂચ' વૃક્ષોને સમર્પિત કરી છે.સને 2007માં ઈંગોરાળાથી શરૂ કરીને જેસર સુધી એટલે કે લગભગ 35 કિલોમીટર મોટરસાયકલ યાત્રા કરીને જેનું નામ 'સિંહ ગૌરવયાત્રા' આપેલું તે સિંહોના સરક્ષણ અને સંવર્ધન માટે એક આંદોલન બનીને રહી ગયેલો કાર્યક્રમ કર્યો હતો.સને-2018 થી શરૂ કરીને સને 2026 એટલે કે આઠ વર્ષથી તેઓ ભાવનગર જિલ્લાના સિંહ દિવસ ઉજવણીના સંયોજક તરીકેની સેવાકીય જવાબદારી નિભાવી રહ્યા છે.સિંહના સંરક્ષણ, સંવર્ધન અને સિંહપ્રેમ માટે 10 ઓગસ્ટનો દિવસ પર્યાવરણ પ્રેમીનો ઉત્સવ બની રહ્યો છે.દર વર્ષે શાળા- કોલેજના ભાવનગર જિલ્લાના અંદાજિત 2.5 લાખ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લઈને સિંહ સંરક્ષણની પ્રતિજ્ઞા લે છે.તેમા આઠ વર્ષના 20 લાખ વિદ્યાર્થીઓની જોડ્યા. આ સમગ્ર સંકલનનું શ્રેય તેમને આપવું પડશે. આ રીતે તેણે પર્યાવરણ જાગૃતિ તો ઠીક પરંતુ પોતાના વતનમાં શાળાઓ અને અન્ય પડતર જગ્યાઓમાં 1000 થી પણ વધારે દેશી કુળના વૃક્ષોનું વાવેતર કરીને ઉછેર્યા છે.પોતાના ગામમાં 12 જેટલા નાના મોટા જલમંદિરો બનાવવા તેઓ ઉદિપક રહ્યાં છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં તેઓએ પગદંડી દૈનિકના એડિટોરિયલ એડવાઈઝર તરીકે સને 2021 થી 2025 સુધી કાર્યરત રહીને 1,000થી પણ વધારે તંત્રી લેખો લખીને લોક જાગૃતિનું ખૂબ મોટું કામ કર્યું છે. આ ઉપરાંત તેઓ પોતાનું જ એક સાપ્તાહિક 'એકલવીર' છેલ્લા 8 વર્ષથી નિયમિત રીતે પ્રગટ કરી રહ્યાં છે.જેના વાંચકોની સંખ્યા પણ ખૂબ મોટી હોવાનું નકારી શકાય નહીં.પત્રકારત્વના ક્ષેત્રમાં જય હિન્દ,અવધ ટાઈમ્સ, વેસ્ટન ટાઈમ્સ, પગદંડી, લોક સંસાર વગેરે જેવા અનેક દૈનિકોમાં તેમણે લાંબા સમય સુધી કટારો લખી છે. આજે પણ વેસ્ટર્ન ટાઈમ્સ તેઓ લખી રહ્યા છે.

છેલ્લાં 12 વર્ષમાં તેઓએ ભારત ઉપરાંત યુ.એ.ઈ, રવાન્ડા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, સ્વીઝરલેન્ડ,શ્રીલંકા,નેપાળ વગેરે 7 દેશોનો પ્રવાસ કર્યો છે.

હંમેશા હસતા ચહેરાના ધણી અને સામાન્ય સ્થિતિમાં જીવન માણતાં તખુભાઈના વ્યક્તિત્વમા ભાવનું ચુબંકત્વ છે.તેમને શિક્ષણના રત્નાકર ( 2014), સારસ્વત અચલા(2016), ગુરુ ગૌરવ(2016) જેવા એવોર્ડ, ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે લોકભારતી સન્માન(2024),ભારત ભૂષણ સન્માન -2023 (સમગ્ર કાર્ય માટે),મિડિયા -2023 જેવા સન્માન -એવોર્ડ મળેલાં છે. તખુભાઈ સાંડસુરને તમે મળો તો ભગવતીકુમાર શર્માની પંક્તિઓ જાણે તેઓ આપણને કહી રહ્યા હોય...

'કોમળ છું, કાંટાળો છું; માણસ જેવો માણસ છું.
પોચટ છું, પથરાળો છું; માણસ જેવો માણસ છું.'

## ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી લોહાણા મહાપરિષદ ઝોન -3 ના સંયુક્ત ઉપક્રમે વેલકમ નવરાત્રી નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ઓપન ફોર ઓલ વેલકમ નવરાત્રી લોહાણા મહાપરિષદ ઝોન -૩ ના સંયુક્ત ઉપક્રમે વેલકમ નવરાત્રી નું આયોજન તા.૧૧ ઓક્ટોબરે સાંજે ૦૪.૦૦ વાગ્યે લોહાણા મહાજન વાડી, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું છે, જેની એન્ટ્રી ફ્રી માં છે. એન્ટ્રી લેવાની છેલ્લી તા.૧૦ ઓક્ટોમ્બર છે.સ્પર્ધા માટે ૪ થી ૮ વર્ષના દિકરા અને દિકરીઓ, ૯ થી ૧૫ વર્ષના દિકરા અને દિકરીઓ, ૧૬ થી ૨૫ વર્ષના બહેનો,૨૬ થી ૪૦ વર્ષના બહેનો અને ૪૦ થી ઉપરની ઉંમરના બહેનો માટે તેમજ કોઈપણ બહેનો એ વસ્તુ વેચાણનું ટેબલ રાખવું હોય તો તેની ફી રૂ.૧૦૦ છે, નિર્ણાયકનો નિર્ણય આખરી રહેશે, ભાગ લેનાર ખેલૈયાઓને વેલ ડ્રેસના દરેક ગ્રુપને નંબર આપવામાં આવશે અને વેલ પ્લે એક બે અને ત્રણ એમ નંબર દરેક ગ્રુપમાં આપવામાં આવશે આથી રમવા માટે બધા એ લોગો મેળવવો જરૂરી છે આથી ૪.૩૦ વાગ્યા સુધીમાં દરેક ખૈલૈયાઓએ લોગો મેળવી લેવા વિનંતી કરવામાં આવી છે, પાસ મેળવવા માટે ક્રિષ્નાબેન ચોલેરા-9427975157 તથા અંજલી ભીમજીયાણી-9427275166 નો સંપર્ક કરવા જણાવાયું છે.

## નવરાત્રિ દરમિયાન અભયમ 181 મહિલા હેલ્પ લાઈન ટીમ દાહોદ તૈનાત રહેશે



દિપક રાવલ દાહોદ લીમખેડા

નવરાત્રિ પર્વ દરમિયાન મહિલાઓ અને યુવતીઓ સુરક્ષિત રીતે ગરબા નો આનંદ માણી શકે તે માટે અભયમ 181. મહિલા હેલ્પ લાઈન ટીમ તૈનાત રહેશે.ગુજરાત સરકાર ની અભિનવ અને આગવી પહેલ એવી અભયમ મહિલાઓ ને જરૂરિયાત સમયે મદદ, માર્ગદર્શન અને બચાવ ની અગત્ય ની કામગિરી કરી રહી છે જેથી આજે ગુજરાત ની મહિલાઓ માં અભયમ એક સાચી સહેલી તરીકે વિશ્વાસ સંપાદિત કરેલ છે.ગુજરાત સરકાર ના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગૃહ વિભાગ અને અન્ય સહાયક માળખા સાથે ના સુદ્રઢ સંકલન થી 24 કલાક વિના મૂલ્યે પીડિત મહિલાઓ ને સેવાઓ પહોંચાડે છે.વિશેષ નવરાત્રી દરમિયાન મહિલાઓ, યુવતીઓ સાથે કોઈ મદદ માટે તૈયાર રહેશે. કોઈપણ મહિલા કે યુવતીઓ મદદ માટે 181 નંબર મા કૉલ કરી શકે છે.

# AMCનો અઘરો વહીવટ: કાંકરિયા ઝૂમાં 'વિઝન ઓવર કાંકરિયા' હેઠળ બર્ડ વોચિંગની તૈયારી

અમદાવાદ | અમદાવાદના કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં 'વિઝન ઓવર કાંકરિયા' હેઠળ બર્ડ વોચિંગ ઍન્ડ એજ્યુકેશન પ્રોગ્રામ શરૂ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. જો કે, આ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકો માટેની રજિસ્ટ્રેશન ફી હજી મંજૂર થઈ નથી, તે પહેલાં બર્ડ વોચિંગ માટે ઉપયોગમાં લેવાતા બાયનોક્યુલરનું ભાડું નક્કી કરી દેવામાં આવ્યું છે. શુક્રવારે(૯ ઓક્ટોબર) મળેલી રીક્રીએશનલ, કલ્ચરલ એન્ડ હેરિટેજ કમિટીમાં પ્રતિ બાયનોક્યુલર રૂપિયા 50 ભાડું નક્કી કરવામાં આવ્યું છે. બીજી તરફ, સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવીને પ્રતિ વ્યક્તિ રૂપિયા 30 ફી વસૂલવાનો પ્રસ્તાવ છે, પરંતુ આ અંગે હજી મંજૂરી લેવામાં આવી નથી. આગામી કમિટીમાં રજિસ્ટ્રેશન ફીનો મુદ્દો રજૂ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. અધિકારીના જણાવ્યા મુજબ, બર્ડ વોચિંગ કાર્યક્રમમાં ભાગ લેનારા લોકો સ્થળ પર રજિસ્ટ્રેશન કરાવી શકશે તેવી યોજના છે. તેના માટે પ્રતિ વ્યક્તિ રૂપિયા 30 ચાર્જ રાખવાનો પ્રસ્તાવ છે. જોકે, આ ફી મંજૂર થઈ નથી. આગામી કમિટીમાં મંજૂરી મેળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આમ, કાર્યક્રમ માટે બાયનોક્યુલરનું ભાડું નક્કી થઈ ગયું છે, પરંતુ તેમાં ભાગ લેવા માટેની રજિસ્ટ્રેશન ફીનો નિર્ણય હજી બાકી છે. બર્ડ વોચિંગ દરમિયાન બાયનોક્યુલરનો ઉપયોગ કરવો ફરજિયાત નહીં હોય. કોઈ વ્યક્તિ કે ગ્રૂપ બાયનોક્યુલર લેવા ઈચ્છે તો પ્રતિ બાયનોક્યુલર રૂપિયા 50 ભાડું ચૂકવીને લઈ શકશે. જે લોકો બાયનોક્યુલર લેવા ન ઈચ્છતા હોય તેમના પર તે લેવા માટે કોઈ દબાણ કરવામાં આવશે નહીં. 'વિઝન ઓવર કાંકરિયા' કાર્યક્રમનો હેતુ પ્રાણી સંગ્રહાલયમાં આવતા મુલાકાતીઓ, ખાસ કરીને સ્કૂલ-કૉલેજના વિદ્યાર્થીઓને પક્ષીઓની ઓળખ, તેમનાં માળાં અને બચ્ચાં વિશે માહિતી આપવાનો છે. આ ઉપરાંત, વન્યજીવોના સંરક્ષણ અંગે જાગૃતિ વધારવાનું પણ આયોજન છે. કાંકરિયામાં દર વર્ષે 30 લાખથી વધુ મુલાકાતીઓ આવે છે. તેમાં વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. બર્ડ વોચર ગ્રૂપ સાથે અઠવાડિયામાં બે-ત્રણ વખત બર્ડ વોચિંગની પ્રવૃત્તિઓ યોજાઈ છે. જેમાં પક્ષીઓની ઓળખ, માળાં અને બચ્ચાંની સંખ્યા સહિતની બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી. હવે આ પ્રવૃત્તિને વધુ વ્યવસ્થિત શૈક્ષણિક કાર્યક્રમના સ્વરૂપમાં આગળ વધારવાની યોજના છે. કાર્યક્રમ માટે બાયનોક્યુલર સહિતના સાધનો પાછળ અંદાજે રૂપિયા 1 લાખના ખર્ચ કરવામાં આવશે. કાર્યક્રમના અમલીકરણ માટે પ્રાણી સંગ્રહાલયના ઑફિસર અને તેમના હેઠળ કામ કરતા ઝૂ ગાઇડની મદદ લેવાનું આયોજન છે. તેમના માર્ગદર્શન હેઠળ પક્ષીઓની ઓળખ અને સંરક્ષણ અંગે માહિતી આપવામાં આવશે. જો કે, કાર્યક્રમનો અમલ, રજિસ્ટ્રેશન ફી અને તેની અંતિમ વ્યવસ્થા સંબંધિત મંજૂરીઓ બાદ જ આગળ વધશે.

# શાસ્ત્રી બ્રિજ પાસે ખુલ્લી ગટરમાં ખાબકી 9 વર્ષની દ્રષ્ટિહીન બાળકી

અમદાવાદ | અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના રોડ અને ગટર વિભાગની બિનજવાબદાર કામગીરી સામે લાવતી એક અત્યંત કરુણ ઘટના સામે આવી છે. શહેરના વિશાલા-નારોલ રોડ પર શાસ્ત્રી બ્રિજ નજીક આવેલી ખુલ્લી ગટરમાં 9 વર્ષની દ્રષ્ટિહીન બાળકી પડી જતાં ભારે અફરાતફરી મચી ગઈ છે. ઘટના અંગે જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે. મળતી વિગતો અનુસાર, શનિવારે મોડી સાંજે આશરે 5:30 વાગ્યાની આસપાસ વિશાલા-નારોલ રોડ પર દેવ ફાર્મ અને સીવેજ ફાર્મ તરફ જતા રસ્તા નજીક આ અકસ્માત બન્યો હતો. 9 વર્ષની દ્રષ્ટિહીન બાળકી મનીષા ભાલાભાઈ સલાટ તેની માતા સાથે ઓટોરિક્ષામાં આવી હતી. ઓટોરિક્ષામાંથી નીચે ઉતરીને તેની માતા ડ્રાઈવરને ભાડું ચૂકવી રહી હતી, તે દરમિયાન ક્ષણવાર માટે મનીષાનો હાથ માતાના હાથમાંથી છૂટી ગયો હતો.દ્રષ્ટિહીન બાળકીએ પાછળ તરફ માત્ર બે પગલાં ભર્યા અને ઢાંકણા વગરની ખુલ્લી ડ્રેનેજ લાઈનમાં ખાબકી ગઈ હતી. બાળકીને આંખે દેખાતું ન હોવાથી રસ્તા પરની આ ખુલ્લી ગટર તેના માટે કાળ સાબિત થઈ હતી. બાળકી ગટરમાં ખાબકતાં જ તેની માતાએ બૂમાબૂમ કરી મૂકી હતી અને સ્થાનિકો ભેગા થઈ ગયા હતા. ઘટનાની ગંભીરતા જોઈને અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસને જાણ કરાતાં 3 ઉચ્ચ અધિકારીઓ સહિત ફાયર બ્રિગેડની 3 ટીમ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.હાલમાં ફાયર ફાઈટરો દ્વારા ગટરમાં ખાબકેલી મનીષાને સહીસલામત બહાર કાઢવા માટે યુદ્ધધોરણે શોધખોળ અને રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. જાહેરમાં ખુલ્લી ગટર રાખવા બદલ રોષે ભરાયેલા સ્થાનિકો તંત્ર સામે કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે.

# નોબલ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાતમાં પ્રથમ ક્રમાંક મેળવી નોબલ યુનિવર્સિટિનું ગૌરવ વધાર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

નોબલ યુનિવર્સિટી સંલગ્ન નોબલ ફાર્મસી કોલેજ, જૂનાગઢના વિદ્યાર્થીઓએ વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે / નેશનલ ફાર્માસિસ્ટ વીક-2026 અંતર્ગત આયોજિત રાજ્યકક્ષાની AI-Based Reel Making Competitionમાં ગુજરાતમાં પ્રથમ ક્રમાંક (1st Rank) મેળવી નોબલ યુનિવર્સિટી તથા સમગ્ર સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (PCI) દ્વારા આયોજિત આ કાર્યક્રમ "Swasth Bharat - Combating Antimicrobial Resistance" થીમ અંતર્ગત IPCOWALA Auditorium, વલ્લભ વિદ્યાનગર, આણંદ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ 110 ફાર્મસી કોલેજોના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમની AI-Based Reel Making Competition માં ગુજરાતની 75 ફાર્મસી કોલેજોના કુલ 456 વિદ્યાર્થી ઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નોબલ ફાર્મસી કોલેજના સેમેસ્ટર-7ના વિદ્યાર્થીઓ શ્રી જયદીપ વસાણી અને કુમારી ભૂમિ ડોસવાણિયાએ ગુજરાત રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી પ્રથમ ઈનામ (1st Prize) મેળવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી, સર્જનાત્મકતા અને ફાર્મસી વિષયક જ્ઞાનનો અસરકારક સમન્વય કરીને એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ (AMR) જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક આરોગ્ય પડકારને અનોખી અને અસરકારક રીલ દ્વારા રજૂ કર્યો હતો. વિષયની સમજ, સર્જનાત્મક રજૂઆત, ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ તથા ટીમવર્કના સંયોજનથી તેમણે રાજ્યકક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ સિદ્ધિનું વિશેષ ગૌરવ એ છે કે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી આ સ્પર્ધામાં ઈનામ મેળવનાર નોબલ ફાર્મસી કોલેજ એકમાત્ર ફાર્મસી કોલેજ રહી છે. ગુજરાતની વિવિધ ફાર્મસી કોલેજોની ભાગીદારી વચ્ચે સૌરાષ્ટ્રમાંથી એકમાત્ર ઈનામ પ્રાપ્ત કરનાર સંસ્થા તરીકે નોબલ ફાર્મસી કોલેજે સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટી અને નોબલ ફાર્મસી કોલેજ પરિવાર દ્વારા શ્રી જયદીપ વસાણી અને કુમારી ભૂમિ ડોસવાણિયાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ સિદ્ધિ પાછળ વિદ્યાર્થીઓની મહેનત, સર્જનાત્મકતા અને શીખવાની ભાવના સાથે નોબલ ફાર્મસી કોલેજના માર્ગદર્શકોનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. ફેકલ્ટી ઓફ ફાર્મસીના ડીન ડૉ. સંતોષ કીર્તને, PCI નોડલ ઓફિસર ડૉ.દર્શિત રામ તથા ઈવેન્ટ કો-ઓર્ડિનેટર, સેમેસ્ટર-7 કો-ઓર્ડિનેટર પ્રો.ભુવનેશ ઠાકરે વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને જરૂરી સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે નોબલ યુનિવર્સિટીના પ્રમુખ ડૉ.નિલેશ ધુલેસીયા, ઉપપ્રમુખશ્રી ગિરીશ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વી.પી.ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કે.ડી.પંડ્યા, કુલપતિ ડૉ.એચ.એન. ખેર, રજિસ્ટ્રાર ડૉ.જય તલાટી તથા ફેકલ્ટી ઓફ ફાર્મસીના ડીન ડૉ.સંતોષ કીર્તને વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક ટીમને અભિનંદન પાઠવ્યા હતા. નોબલ ફાર્મસી કોલેજની આ સિદ્ધિ વિદ્યાર્થીઓમાં ફાર્માસ્યુટિકલ જ્ઞાન સાથે નવી ટેકનોલોજી, સર્જનાત્મકતા અને નવીન અભિગમ વિકસાવવાના સંસ્થાના પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે. એન્ટિમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જેવા મહત્વપૂર્ણ આરોગ્ય વિષયને નવીન રીતે રજૂ કરીને વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાએ પોતાની પ્રતિભા સાબિત કરી છે.




## માતાના મઢ જતા પદયાત્રીનો મોબાઈલ મૂળ માલિકને પરત કરી નખત્રાણા હોમગાર્ડ યુનિટના જશવંતગીરી આર. ગુસાઈએ દર્શાવી પ્રમાણિકતા



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

આજના સમયમાં જ્યારે ઈમાનદારી અને પ્રમાણિકતાની વાત આવે ત્યારે નખત્રાણા હોમગાર્ડ યુનિટના સભ્ય જશવંતગીરી આર. ગુસાઈએ પોતાના કાર્યથી સાબિત કર્યું છે કે માનવતા હજુ જીવંત છે!માતાના મઢ ખાતે મા આશાપુરાનાં દર્શનાર્થે જતા પદયાત્રીઓની સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા માટે ફરજ બજાવતા જશવંતગીરી આર. ગુસાઈને સેવા કેમ્પ પાસે એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. તેમણે પ્રમાણિકતા દાખવી મોબાઈલના મૂળ માલિકને શોધી કાઢ્યા હતા અને તેમનો ખોવાયેલો મોબાઈલ પરત સોંપ્યો હતો.પદયાત્રીઓની સેવા અને સુરક્ષાની ફરજ વચ્ચે પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને જશવંતગીરી આર. ગુસાઈએ સમાજને પ્રેરણાદાયી સંદેશ આપ્યો છે કે બીજાની અમાનતને પોતાની જવાબદારી સમજી પરત કરવી એ જ સાચી માનવતા છે.તેમના આ પ્રમાણિકતાભર્યા કાર્યને બિરદાવવા જેવું છે.

## વિદેશી મહેમાનોની રાહ જોઈ નેતાઓ રવાના : સુરસાગરની ગંદકીથી વડોદરાની છબી સામે સવાલો

વડોદરા | વડોદરાના ઐતિહાસિક વારસા અને કલાસંસ્કૃતિનો પરિચય વિદેશી મહેમાનોને કરાવવાના કાર્યક્રમમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનની અવ્યવસ્થા અને સ્વચ્છતાની બેદરકારી સામે આવી છે. એકેયમ (AIKYAM 2026) કાર્યક્રમ અંતર્ગત આજે સવારે 11.30 કલાકે સુરસાગર ગેટ નંબર-4 ખાતે વિદેશી મહેમાનોને વડોદરાના સ્થાપત્ય અને કલાવારસાની ઝલક બતાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, ડેલિગેશનના આગમનમાં વિલંબ થતાં સમયસર પહોંચી ગયેલા વિધાનસભાના મુખ્ય દંડક અને મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિના અધ્યક્ષ સહિતના હોદ્દેદારો સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. આ ઘટનાને પગલે વિવાદ સર્જાયો હતો.

# લીમખેડામાં સરકારી અનાજની 'ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી'માં મસમોટું કૌભાંડ

ઉઘાડી લૂંટ: સરકાર ભાડું ચૂકવતી હોવા છતાં દુકાનદારો પાસેથી ₹10,000 થી ₹15,000ની ગેરકાયદે વસૂલાત

મિલીભગત: આસિફ મન્સૂરીના નામે કોન્ટ્રાક્ટ, સ્થાનિક સ્તરે વચેટિયાઓ ચલાવતા હોવાનો પર્દાફાશ

ગંભીર આક્ષેપ: નાણાં ન આપનાર રેશન સંચાલકોને અનાજનો જથ્થો અટકાવવાની અપાતી ધમકીઓ

માંગ: પુરવઠા વિભાગ અને વિજિલન્સ ટીમ તાત્કાલિક લીમખેડામાં તપાસના આદેશ આપે




દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાંથી સરકારી અનાજ વિતરણ વ્યવસ્થાને કલંકિત કરતો એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. ગરીબો સુધી અનાજ પહોંચાડવા માટે સરકારે શરૂ કરેલી 'ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી' યોજનામાં ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. વાજબી ભાવની દુકાન સુધી માલ પહોંચાડવાનું વાહન ભાડું સરકાર ચૂકવતી હોવા છતાં, લીમખેડામાં સ્થાનિક સંચાલકો દ્વારા દુકાનદારો પાસેથી ગાડી દીઠ 10 થી 15 હજાર રૂપિયાનું ગેરકાયદે ઉઘરાણું કરવામાં આવી રહ્યું હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે.સરકારની યોજના... ગરીબોનું અનાજ... અને વચેટિયાઓની મસમોટી મલાઈ! જી હા, લીમખેડા તાલુકામાં સરકારી અનાજ સપ્લાયની ડોર-ટુ-સ્ટેપ ડિલિવરીનો કોન્ટ્રાક્ટ આસિફભાઈ મન્સૂરીના નામે હોવાનું સામે આવ્યું છે. પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે.સ્થાનિક સ્તરે આ સમગ્ર વહીવટ વચેટિયાઓ દ્વારા ચલાવતો હોવાની ચર્ચાઓ ચાલી રહી છ સરકારી નિયમ પ્રમાણે દુકાનદારોએ ટ્રાન્સપોર્ટેશનનો એક પણ રૂપિયો આપવાનો હોતો નથી. તેમ છતાં આ સંચાલકો દ્વારા રેશનિંગ દુકાનદારો પર દબાણ બનાવીને 10 થી 15 હજાર રૂપિયા જેવી તોતિંગ રકમ બળજબરીપૂર્વક વસૂલવામાં આવી રહી છે.જો કોઈ દુકાનદાર આ ગેરકાયદે ભાડું આપવાનો ઈનકાર કરે, તો તેમને અનાજનો જથ્થો મોડો પહોંચાડવો કે ખોટી રીતે હેરાન કરવાની ધમકીઓ આપવામાં આવતી હોવાની વિગતો ચર્ચાઈ રહી છે. આ સીધી તોડબાજીના કારણે સમગ્ર તાલુકાના દુકાનદારોમાં ભારે રોષ ફેલાયો છે. ત્યારે હવે સવાલ એ ઊભો થાય છે કે જિલ્લા પુરવઠા વિભાગ આ મામલે ક્યારે ઊંઘમાંથી જાગશે અને જવાબદારો સામે કડક કાનૂની પગલાં ક્યારે લેવાશે?'નમસ્કાર. દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ગરીબોના હકના અનાજ પર મોટો તોડ ચાલી રહ્યો છે!સરકાર કહે છે કે ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી તદ્દન મફત છે, ગાડીનું ભાડું સરકાર ચૂકવે છે. તો પછી લીમખેડામાં રેશનિંગ દુકાનદારો પાસેથી ગાડી દીઠ 10 થી 15 હજાર રૂપિયા કોણ વસૂલી રહ્યું છે?માહિતી મુજબ, કોન્ટ્રાક્ટ આસિફ મન્સૂરીના નામે છે, પણ તાલુકામાં ખેલ પાડી રહ્યા છે સ્થાનિક મળતિયાઓ–યોગેશ અને બાંડીબારના મુન્ના લબાના! દુકાનદારોને ડરાવી-ધમકાવીને ખુલ્લેઆમ હજારો રૂપિયાની ઉઘરાણી થઈ રહી છે.પુરવઠા તંત્ર આ સમગ્ર કૌભાંડથી અજાણ છે કે પછી આંખ આડા કાન કરી રહ્યું છે? આ ભ્રષ્ટાચાર સામે તપાસ ક્યારે થશે?

## બદલાતી મોસમ અને દાંતની સંવેદનશીલતા જાણો તેનું સાચું કારણ અને ઉપાય



વાતાવરણમાં થોડી ઠંડક અનુભવાઈ રહી છે. તમારી સવારની ચા થોડી વધુ વાર ગરમ રહે છે. આઈસ્ક્રીમ હવે થોડા અઠવાડિયા પહેલાં જેટલો આકર્ષક લાગતો નથી. પછી એક દિવસ, તમે કંઈક ઠંડું કે ગરમ પીવાનો ઘૂંટડો લો છો અને એક ક્ષણ માટે રોકાઈ જાઓ છો. જે દાંતે તમને ક્યારેય હેરાન કર્યા નથી, તેમાં અચાનક તીવ્ર ઝણઝણાટી અનુભવાય છે. તેને એક સામાન્ય ક્ષણ ગણીને નજરઅંદાજ કરવી સરળ છે. પરંતુ કેટલીકવાર, જે મોસમી તકલીફ લાગે છે તે વાસ્તવમાં તમારા દાંત દ્વારા વધુ ધ્યાન આપવા માટે કરવામાં આવતી અપીલ હોય છે.જેમ જેમ ઋતુઓ બદલાય છે, તેમ તેમ આપણી રોજિંદી ટેવો પણ બદલાય છે. આપણે વારંવાર ગરમ પીણાં લઈએ છીએ, મનપસંદ વાનગીઓનો આનંદ માણીએ છીએ અને આખો દિવસ ગરમ તથા ઠંડા તાપમાન વચ્ચે બદલાવ અનુભવીએ છીએ. નબળા એનામેલ અથવા ખુલ્લા પડી ગયેલા ડેન્ટિન ધરાવતા લોકો માટે, આ ફેરફારોને કારણે દાંતની સંવેદનશીલતા સામાન્ય કરતાં વધુ અનુભવાય છે. એવું જરૂરી નથી કે હવામાન પોતે જ તેનું કારણ બને; તે માત્ર દાંતમાં પહેલેથી રહેલી સમસ્યાને સામે લાવે છે. સંવેદનશીલતા એવી સ્થિતિ નથી જેને નજરઅંદાજ કરી શકાય. તે અવારનવાર સંકેત આપે છે કે તમારા દાંત અથવા પેઢાંને વધુ સારા રક્ષણની જરૂર છે. ઘસાયેલું એનામેલ, પ્લેક જમા થવો અથવા પેઢાંનું નીચે ખસી જવું દાંતના અંદરના પડને ખુલ્લા કરી શકે છે, જેના કારણે રોજિંદો ખોરાક અને પીણાં અચાનક અસ્વસ્થતા પેદા કરે છે. સારી વાત એ છે કે આ પ્રારંભિક સંકેતો એક તક પણ છે. અત્યારે જ ધ્યાન આપવાથી ભવિષ્યમાં મોટી સમસ્યાઓ અટકાવી શકાય છે.એ જ કારણ છે કે ઋતુગત ઉપાયો કરતાં નિયમિત સંભાળ વધુ મહત્વપૂર્ણ છે. મોંની સંભાળ (ઓરલ કેર)ની વિચારપૂર્વકની દિનચર્યા માત્ર સંવેદનશીલતા દેખાય ત્યારે જ નહીં, પરંતુ દરરોજ તમારા દાંતને મજબૂત બનાવવામાં મદદ કરે છે. યોગ્ય ટૂથપેસ્ટ પસંદ કરવી એ આ દિનચર્યાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. ડાબર રેડ ટૂથપેસ્ટ લવિંગ જેવા આયુર્વેદિક ઘટકોના ગુણોને જોડે છે, જે પરંપરાગત રીતે દાંતની અસ્વસ્થતામાં રાહત આપવા માટે જાણીતા છે, અને સૂંઠ (અદરક), જે તંદુરસ્ત પેઢાંને ટેકો આપે છે. ઈન્ડિયન ડેન્ટલ એસોસિએશન (IDA)ની મંજૂરીની મહોર દ્વારા સમર્થિત, તે દરરોજ એવી સંભાળ આપે છે જે દરેક ઋતુમાં મજબૂત દાંત અને સ્વસ્થ પેઢાં માટે નિરંતર કામ કરે છે.ઋતુઓ બદલાતી રહેશે. તમારી દિનચર્યા, તમારી ઈચ્છાઓ અને બહારનું હવામાન પણ બદલાશે. જે ન બદલાવું જોઈએ તે છે તમારા દાંતની સંભાળ રાખવાની રીત. કારણ કે જ્યારે તમારા દાંતની દરરોજ સંભાળ લેવામાં આવે છે, ત્યારે ઋતુઓ બદલાય ત્યારે તેઓ તમને તકલીફની યાદ અપાવે તેની શક્યતા ઘણી ઓછી થઈ જાય છે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે મહિલા દૂધ ઉત્પાદકોના આર્થિક સશક્તિકરણ માટે ત્રિપક્ષીય MoU સંપન્ન

ગાંધીનગર | ગુજરાતમાં ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણ અને ડેરી આધારિત આજીવિકાને વધુ સુદ્રઢ બનાવવાના રાજ્ય સરકારના સંકલ્પને સાકાર કરવા તરફ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. રાજકોટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગૌરવવંતી ઉપસ્થિતિમાં ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (GLPC), સહકાર વિભાગ અને પશુપાલન વિભાગ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર સંપન્ન થયા છે. આ ત્રિપક્ષીય સમજૂતી કરારનો મુખ્ય ઉદ્દેશ્ય દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) હેઠળ કાર્યરત મહિલા સ્વસહાય જૂથો, રાજ્યના સુદ્રઢ ડેરી સહકારી માળખા અને પશુપાલન વિભાગની ટેકનિકલ સેવાઓ વચ્ચે પરસ્પર સંકલન સુનિશ્ચિત કરવાનો છે. આ ત્રિવેણી સંગમથી મહિલા દૂધ ઉત્પાદકોને સંગઠિત કરી તેમને સ્વનિર્ભર ડેરી ઉદ્યોગસાહસિક તરીકે વિકસાવવામાં આવશે.MoUની મુખ્ય લાક્ષણિકતાઓ: - ગ્રામ્ય સ્તરે દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલી મહિલાઓને સ્વસહાય જૂથો સાથે જોડી, ક્રમશઃ મહિલા ડેરી ઉત્પાદક જૂથો અને જરૂરિયાત મુજબ ઉત્પાદક સાહસો તરીકે સંગઠિત કરવામાં આવશે.- મહિલા દૂધ ઉત્પાદકોને સ્વસહાય જૂથો મારફતે બેંક લિંકેજ, સંસ્થાકીય ધિરાણ, પશુ ખરીદી માટે લોન, ડેરી માટે જરૂરી સાધન-સામગ્રી તથા માળખાકીય સુવિધાઓ માટે નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે. પાત્રતા અને ભંડોળની ઉપલબ્ધતા મુજબ વ્યાજ સહાયના લાભો મેળવવામાં પણ માર્ગદર્શન અપાશે.- પશુપાલન વિભાગ દ્વારા સંતુલિત પશુઆહાર, રસીકરણ, કૃમિનાશક સારવાર, કૃત્રિમ બીજદાન, નસલ સુધારણા અને પશુઆરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે. સાથે જ, યોગ્ય પશુની પસંદગી અને આજીવિકા આયોજન માટે ટેકનિકલ સહયોગ અપાશે.- સહકાર વિભાગના સુદ્રઢ નેટવર્ક દ્વારા મહિલા દૂધ ઉત્પાદકોને દૂધ મંડળીઓ અને જિલ્લા દૂધ સંઘો સાથે જોડવામાં આવશે. GLPC મહિલાઓની ઓળખ, ધિરાણ માર્ગદર્શન અને ઉત્પાદક જૂથોના મજબૂતીકરણની કામગીરી સંભાળશે.- મહિલા જૂથો દ્વારા પશુઆહારની સામૂહિક ખરીદી, દૂધનું એકત્રીકરણ, ગુણવત્તા સુધારો, પેકેજિંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ અને સામૂહિક માર્કેટિંગ જેવી મૂલ્યવર્ધક પ્રવૃત્તિઓ હાથ ધરાશે, જેથી મહિલાઓ માત્ર દૂધ ઉત્પાદક ન રહેતાં વ્યવસાયના તમામ તબક્કે સક્રિય ભાગીદાર બનશે.- આ યોજનાના યોગ્ય અમલીકરણ અને પ્રગતિની સમીક્ષા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે સંકલન તથા મોનિટરિંગ સમિતિઓની રચના કરવામાં આવશે. આ સંદર્ભે કૃષિ, પશુપાલન અને સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, સ્વસહાય જૂથો, સંસ્થાકીય ધિરાણ અને ડેરી સહકારી માળખાના ત્રિવેણી સંગમથી ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકતાને નવી પાંખો મળશે. વૈજ્ઞાનિક પશુપાલન, પશુઆરોગ્ય સંભાળ અને મૂલ્યવર્ધન મારફતે મહિલાઓની આવકમાં ટકાઉ વૃદ્ધિ એ રાજ્ય સરકારનો મુખ્ય સંકલ્પ છે.રાજ્ય સરકારની આ સુગ્રથિત પહેલથી ગ્રામીણ મહિલાઓની પશુપાલનમાં સક્રિયતા વધશે, સંસ્થાકીય ધિરાણ સુધીની પહોંચ સરળ બનશે અને દૂધ ઉત્પાદકતા તથા ગુણવત્તામાં સુધારા સાથે ગ્રામ્ય પરિવારોની આવકમાં ટકાઉ વૃદ્ધિ થશે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.



# ગિફ્ટ સિટી ગ્રાઉન્ડ ખાતે વિવિધ રાજ્યો અને સુરક્ષાદળોના આશરે ૫,૫૦૦ જવાનો દ્વારા પરેડ રિહર્સલ

### જવાનોના રહેઠાણ અને આરોગ્યલક્ષી સુવિધાઓ સુનિશ્ચિત કરવા તંત્ર સજ્જ; રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિક દ્વારા સમીક્ષા કરાઈ

ગાંધીનગર | આગામી તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતા નગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે યોજાનાર ભવ્ય પરેડની પૂર્વતૈયારીઓ ગાંધીનગર ખાતે પૂરજોશમાં ચાલી રહી છે. આ પરેડમાં વિવિધ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોની ૨૦ માર્ચિંગ કન્ટીજન્ટ્સ, ૧૦ બેન્ડ કન્ટીજન્ટ્સ, ગાર્ડ ઓફ ઓનર અને ધ્વજવાહકો સહિત અંદાજે ૫,૫૦૦ જેટલા અધિકારીઓ અને જવાનો તારીખ ૨૧મી સપ્ટેમ્બરથી ગાંધીનગરના ગિફ્ટ સિટી ગ્રાઉન્ડ ખાતે નિયમિત પરેડ પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ તમામ ટુકડીઓ તા. ૨૦મી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ એકતા નગર જવા રવાના થશે અને ત્યાં આખરી રિહર્સલ કરશે.પરેડ પ્રેક્ટિસમાં જોડાયેલા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ગાંધીનગરના સેક્ટર-૨૮ અને સેક્ટર-૨૯ ખાતે આવેલા R&B ક્વાર્ટર્સમાં સુચારુ રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવી છે. રહેઠાણ સ્થળે શુદ્ધ પીવાનું પાણી, પૌષ્ટિક ભોજન, સ્વચ્છતા તેમજ તાત્કાલિક પ્રાથમિક સારવારની પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સાથે ગિફ્ટ સિટી ગ્રાઉન્ડ ખાતે પ્રેક્ટિસ દરમિયાન પણ જરૂરી તબીબી ટીમ અને એમ્બ્યુલન્સ સહિતની જરૂરી વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે.પરેડ સાથે સંકળાયેલા જવાનોમાં તા. ૨૬/૦૯/૨૦૨૬ની આસપાસ ડેન્ગ્યુના લક્ષણો જણાતાં ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક સઘન પગલાં લેવામાં આવ્યા છે. સેક્ટર-૨૮ અને સેક્ટર-૨૯ના રહેઠાણ વિસ્તારો તેમજ પરેડ ગ્રાઉન્ડ ખાતે મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોની નિયમિત ચકાસણી કરવામાં આવી રહી છે. સાવચેતીના પગલારૂપે સમગ્ર પરિસરમાં નિયમિત ફોગિંગ અને એન્ટિ-લાર્વા કામગીરી હાથ ધરાઈ છે તેમજ નિયમિત સફાઈ કામગીરી ચાલુ છે. તમામ જવાનોને મચ્છરદાની પૂરી પાડવામાં આવી છે અને દરેક રૂમમાં મોસ્કિટો રિપેલન્ટ સાધનોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજરાત પોલીસ, બી.એસ.એફ. અને મ્યુનિસિપલ કોર્પોરેશનની સંયુક્ત મેડિકલ ટીમ દ્વારા સમગ્ર પરિસ્થિતિનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તાવ કે શરદીના લક્ષણો ધરાવતા જવાનો માટે રહેઠાણ સ્થળે જ અલગથી મેડિકલ દેખરેખ અને સારવારની વ્યવસ્થા ઊભી કરાઈ છે. તા. ૦૭/૧૦/૨૦૨૬ના રોજ CRPF CoBRA બટાલિયનના કોન્સ્ટેબલ અમલ રામમોહન બર્મનનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું હતું. તેઓ તા. ૦૫/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. આ બનાવની જાણ થતાં જ રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ તેમજ સેક્ટર-૨૮ અને ૨૯ ખાતેના રહેઠાણ સ્થળોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને તમામ જવાનોની આરોગ્ય સુરક્ષા અને સુવિધાઓમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તે માટે કડક સૂચનાઓ આપી હતી.

## સુરત SVNIT ખાતે આયોજિત ઈ-રક્ષક હેકેથોનના ગ્રાન્ડ ફિનાલેમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ



માહિતી બ્યુરો,સુરત | સુરત શહેર પોલીસ અને સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (SVNIT)ના નેક્સસ યુનિટ દ્વારા આયોજિત ઈ-રક્ષક હેકેથોનના ગ્રાન્ડ ફિનાલેમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને હેકેથોનના ભાગ લઈ રહેલ ૬ રાજ્યોની ૧૩થી વધુ યુનિવર્સિટીઓ સંલગ્ન કોલેજોની ૩૧ ટીમો દ્વારા સાયબર સિક્યુરિટી અને ડિજિટલ પડકારોના સોલ્યુશન માટે તૈયાર કરવામાં આવેલા પ્રોટોટાઈપ મોડેલ્સને નિહાળ્યા હતા.નાયબ મુખ્યમંત્રીશ્રીએ દેશભરમાંથી SVNIT ખાતે આવેલા ૧૫૦થી વધુ યુવા 'પ્રૉબ્લેમ સોલ્વર્સ' એવા તકનીકી નિષ્ણાત વિદ્યાર્થીઓને સુરતમાં આવકારી જણાવ્યું હતું કે, ટેકનોલોજી જેટલી ઉપયોગી છે તેટલી જ તે પડકારો અને સમસ્યાઓ પણ સર્જે છે. મોટી કંપનીઓ દ્વારા વારંવાર હાર્ડવેર અને કેમેરાના મોડેલ બદલાય છે, જેથી સરકારી સિસ્ટમ પર બોજ ન પડે એ માટે વડાપ્રધાનશ્રીના વિઝન મુજબ હેકેથોન દ્વારા યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી સોફ્ટવેર આધારિત ઉકેલો લાવવાની દિશામાં અમે આગળ વધી રહ્યા છીએ.ટ્રાફિક સિગ્નલ પર નાગરિકોની માત્ર ૧૫ સેકન્ડ બચાવીને લાખો લોકોનો કિંમતી સમય અને ઈંધણ બચાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તથા કેમેરા ઈન્ટિગ્રેશન અત્યંત કારગર નીવડશે એમ જણાવી શ્રી સંઘવીએ સમગ્ર ગુજરાતના તમામ સીસીટીવી કેમેરાને એક જ ડેશબોર્ડ સાથે કનેક્ટ કરવાનું પોતાનું સ્વપ્ન હોવાનું જણાવ્યું હતું.

# નવરાત્રિનો શુભ આરંભ.....



પ્રથમ શૈલ પુત્રી ચ.. ૧૧મી ઓક્ટોબરના રવિવારે ધામધૂમથી શારદીય નવરાત્રિનો શુભ આરંભ થઈ રહ્યો છે.ભારત ભર માં માતૃશક્તિ ની આરાધના ની રીત અલગ અલગ છે પણ મૂળ માં માઁ જગદંબા ની આરાધના રહેલી છે. ક્યાંક આરાધના અને ભક્તિ તો ઉપાસકો નું ધ્યેય એ ધ્યાન અને સાધના દ્વારા સિદ્ધિઓ પ્રાપ્તિ નું હોય છે. નિર્દોષ ગરબા ની રમઝટ મા ખુદ ને ભૂલી ને આખી રાત ઘૂમવા નો આનંદ નો થાક પણ અનેરી અનુભૂતિ સમજો.. પ્રથમ નોરતે માઁ શૈલ પુત્રી સ્વયં માતા પાર્વતીની આરાધના કરવા માં આવે છે. શૈલ શબ્દ નો અર્થ પર્વત થાય છે શૈલ પુત્રી એટલે હિમાલય ની પુત્રી ને ભગવાન શિવ ની પ્રાણપ્રિયા પાર્વતી એવો થાય છે.જીવન નું સાચું સત્ય શક્તિ વગર પ્રાણ ટકતા નથી શક્તિ નો સંચાર શરીર માંથી તૂટતા જ નિષ્પ્રાણ થઈ જાય છે. માતાજી ના મંદિર અંદર શિવલિંગ ના દર્શન કરું છું ત્યારે મારું મન માં "જગત ના માતાપિતા" નો પડઘો પડતા જ એ સકારાત્મક ઉર્જા થી ભરાઈ જાય છે ત્યારે વિચારું છું કે જેમણે ખરેખર "શક્તિ નો સાક્ષાત્કાર" કર્યો હશે એના આનંદ ની સ્થિતિ શું હશે? રામ કૃષ્ણ પરમહંસ એ માઁ મહાકાળી ના પરમ ઉપાસક હતા એ ક્યારેય પથ્થર ની માઁ મહાકાળી ની પ્રતિમા માં ને નિર્જીવ માનતા નહતા એને એમાં સિદ્ધ માઁ મહાકાળી ના દર્શન થતા હતા. જ્યારે એ દક્ષિણેશ્વર મંદિર ના પૂજારી બન્યા ત્યારે એનાં મનમાં માઁ ના સાક્ષાત દર્શન કરવાની ઈચ્છા તીવ્ર બનતા એ ધ્યાન માં એટલા લિન બની ગયા હતા કે ભૂખ,તરસ, નિંદ્રા બધું જ ઘણા દિવસો મહિનાઓ વિસરી ચૂક્યા હતા.

ભક્ત ને ભગવાન નો સાક્ષાત્કાર વિના પરિશ્રમ મળતો નથી જ્યારે ભક્ત અનેક કસોટીઓ માંથી પસાર થઈને એની ભક્તિ સિદ્ધ કરે છે ત્યારે જ માતાજી ના સાક્ષાત દર્શન નો અનુભવ થાય છે. માઁ મહાકાળી ના સાક્ષાત દર્શન ની અપેક્ષાએ એ ઘણીવાર ધ્રૂસકે ધ્રૂસકે રડી પડતા હતા છતાંય એના મનની તીવ્ર ઈચ્છા પૂરતી થતી નહતી. એકવાર રામકૃષ્ણ પરમહંસ એ માઁ મહાકાળી ના હાથ માં શોભી રહેલ ખડગ ઉઠાવી ને ખુદ ની બલી આપવા નો નિર્ણય કર્યો.મનોમન કરેલ નિર્ણય નો અમલ કરતા જેવું માતાજી નું ખડગ હાથ માં લીધું એ ભેગા માઁ મહાકાળી એ સાક્ષાત દર્શન આપ્યા હતા. કહેવાય છે કે રામકૃષ્ણ પરમહંસ એ માઁ મહાકાળી સાથે સંવાદ પણ કરી શકતા હતા. નવરાત્રિ ના નવ દિવસ માં ભક્ત માતાજી ની કૃપા પ્રાપ્તિ મેળવવા દુર્ગા સપ્તશતી ના પાઠ,નવ દિવસ ગરબા ની જ્યોત ને રાખવી,જવારા



- રુપાલી દવે

વાવવા,નિયમ લેવા,ગરબે ઘૂમવું વગેરે કરતા હોય છે,કેમ? ચાલો આપણે જાણીએ:

દુર્ગા સપ્તશતી :

સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥ ૩ ॥

નવરાત્રિના નવ દિવસ માં માતાજીના નવ સ્વરૂપની આરાધના કરવામાં આવે છે.આ દુર્ગા સપ્તશતી ગ્રંથ ની રચના સુતપા અને ઋષિ મુકુંદ ના પુત્ર માર્કન્ડેય એ માતા પાર્વતી અને ભગવાન શિવ ના કૃપા પ્રસાદ ની પ્રાપ્તિ બાદ કરી હતી. પુત્ર નું અલ્પાયું વિશે જાણી ને ઋષિ મુકુંદ અને સૂતપા એ પોતાના પુત્ર માર્કન્ડેય ને લઈને શિવ મંદિર ની અંદર આશ્રય લીધો હતો. બાળપણ થી જ માર્કન્ડ ઋષિ નું શિવ ભક્તિ માં વધારે લાગતું હતું જ્યારે એની આયુ ની ઘડી સમાપ્ત થવા આવી ત્યારે યમદૂત ઓ એ માર્કન્ડ મુનિ ને યમલોક લઈ જવા માટે ખૂબ પ્રયત્નો કર્યા હતા પરંતુ શિવલિંગ ને ભેટી ને "ૐ નમઃ શિવાય" ના સ્મરણ માં લિન માર્કન્ડ ઋષિ ને યમદૂતો હાનિ પહોંચાડી શકતા નહતા. ભગવાન શિવ એ પત્ની પાર્વતી સાથે સ્વયં પ્રગટ થઈ ને ઋષિ માર્કન્ડેય ના આયુષ્ય ની તૂટેલી રેખા જોડી ને એને પૂર્ણ આયુષ્ય નું વરદાન આપ્યું હતું. જ્યારે ઋષિ માર્કન્ડેય એ માતા પાર્વતીજી ની આગળ દુર્ગા સપ્તશતી ગ્રંથ ની રચના કરવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે ભગવાન શિવ અને પાર્વતીજી એ માર્કન્ડેય ઋષિ ને આશીર્વાદ આપતા કહ્યું હતું કે જે કોઈ ભક્ત નવરાત્રિ ના વિશેષ પર્વ માં દુર્ગા સપ્તશતી નો પાઠ કરશે એની મનોકામના પૂર્ણ થશે. માતા પાર્વતીજી એ માર્કન્ડ ઋષિ ને પુત્ર માની ને આશીર્વાદ આપ્યા હતા કે દુર્ગા સપ્તશતી નો પાઠ કરનારા પર માઁ મહાકાળી, માઁ મહા લક્ષ્મી અને માઁ મહા સરસ્વતી ની વિશેષ કૃપા થશે.

દર વર્ષે નવરાત્રિ ના નવ નોરતા માં માતાજી ના નવ સ્વરૂપ ની આરાધના દુર્ગા સપ્તશતી ના પાઠ દ્વાર કરવામાં આવે છે.ઘણા લોકો નિયમિત નવરાત્રિ ના નવ દિવસ શક્રાદય નું કે દુર્ગા સપ્તશતી નું પઠન કરતા હોય છે પણ માતાજી ની અસરાધના કે ઊપાસના કરતી વખતે જેમ નીતિ નિયમો નું ચુસ્તપણે પાલન કરવું પડે છે એજ રીતે દુર્ગા સપ્તશતી નો પાઠ કરવાનો પણ નિયમ છે.દુર્ગા સપ્તશતી માં આપેલ કોઈપણ પાઠ એ કવચ, અર્ગલા અને કિલક કર્યા વગર અધૂરો છે.શરૂઆત માં કવચ,અર્ગલા અને કિલક કરવું ફરજિયાત હોય છે,કેમ? સાચું કહું તો મને પણ આ વિશે ખાસ જાણકારી નહતી સંસ્કૃત સાહિત્ય અને ગ્રંથો ના જાણકાર વિદ્વાન મારા સસરાજી એ મને કવચ, અર્ગલા અને કિલક નું મહત્વ સમજાવવા ઉદાહરણ આપી સમજાવ્યું હતું કે જે રીતે ઘર ના દરવાજા પર લાગેલ તાળું એ ચાવી વગર ખુલતું નથી એ જ રીતે કવચ, અર્ગલા અને કિલક વગર માઁ જગદંબા નો કૃપા પ્રસાદ પ્રાપ્ત થતો નથી.

ગરબો :

જે રીતે માટી ના ગરબા માં અસંખ્ય છિદ્રો છે એ જ રીતે પૃથ્વી ને પણ અસંખ્ય છિદ્રો હોય છે.ગરબા ને ધરા સાથે સરખાવવા માં આવે છે.જ્યારે માતાજી એ રક્તબીજ, મહિષાસુર, ચંડ મુંડ વગેરે જેવા અસંખ્ય દૈત્યો નો વધ કર્યો ત્યારે માઁ જગદંબા, માઁ ભગવતી,માઁ દુર્ગા એ પૃથ્વી રૂપી ગરબા ને માથે મૂકીને ચોસઠ જોગણીઓની વચ્ચે ગરબે ઘૂમ્યા હતા.અસુરો નું નિકંદન નીકળી જતા સમગ્ર સૃષ્ટી માં ચારેય બાજુ આનંદ ઉમંગ છવાઈ ગયો હતો. ગરબો એ ધરતી સાથે વિજય નું પણ પ્રતીક માનવામાં આવે છે. તો ચાલો ત્યારે નવરાત્રિ ના નવ દિવસ થાક્યા વગર માતાજી ની ગરબી ના ફરતે આખી રાત ગરબે ઘૂમવા સજ્જ થઇ જઈએ રિધ્ધિ દે સિદ્ધિ દે અષ્ટ નવ નિધિ દે કુટુંબ કલ્યાણ દે, વંશ માં વૃદ્ધી દે બાકબાની, હૃદય માં જ્ઞાન દે ચિત માં ધ્યાન દે અભય વરદાન દે, શંભુ રાની..



# રણવીર સિંહની 'ધુરંધર 2'ની ગ્રેમીમાં ધમાકેદાર એન્ટ્રી

## ફિલ્મનું સાઉન્ડટ્રેક અનેક કેટેગરીમાં સબમિટ, 'આરી આરી' અને 'ફિર સે' સહિત અનેક સૉંગ્સ સામેલ

(એજન્સી) મુંબઈ | તા.10

રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' ગ્રેમી અવૉર્ડ્સની રેસમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મના સાઉન્ડટ્રેકને અનેક કેટેગરીમાં સબમિટ કરવામાં આવ્યો છે. ટી-સિરીઝ અને B62 સ્ટુડિયોઝ ફિલ્મના સંગીત અને અનેક ગીતો માટે કેમ્પેઈન ચલાવી રહ્યા છે. તેમાં કમ્પોઝર શાશ્વત સચદેવના કામને મુખ્યતા આપવામાં આવી છે.

ફિલ્મને બેસ્ટ કમ્પાઈલેશન સાઉન્ડટ્રેક ફૉર વિઝ્યુઅલ મીડિયા સહિત અનેક કેટેગરીમાં કેમ્પેઈન કરવામાં આવશે. જોકે, આ એન્ટ્રીઓથી ગ્રેમી નૉમિનેશન નિશ્ચિત થતું નથી.

કેમ્પેઈનમાં 'ફિર સે', 'આરી આરી' અને 'જાઈએ સજના' જેવા ગીતો સામેલ છે. તેનાથી ફિલ્મના સંગીતને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળવાની તક મળી શકે છે. ગ્રેમી નામાંકન માટે આ એન્ટ્રીઓએ રેકોર્ડિંગ એકેડેમીના પાત્રતા માપદંડો પૂર્ણ કરવા પડશે અને ત્યારબાદ મતદાન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

'ફિર સે'ને બેસ્ટ સૉંગ રિટન ફૉર વિઝ્યુઅલ મીડિયા કેટેગરીમાં રાખવામાં આવ્યું છે. 'જાન સે ગુજરતે હૈં' અને 'કન્હૈયા'ને બેસ્ટ ગ્લોબલ મ્યુઝિક પરફૉર્મન્સ કેટેગરીમાં જમા કરવામાં આવ્યા છે. 'આરી આરી'ને બેસ્ટ એશિયન પૉપ મ્યુઝિક પરફૉર્મન્સ કેટેગરીમાં મોકલવામાં આવ્યું છે. ફિલ્મની સમગ્ર મ્યુઝિક એન્ટ્રીમાં શાશ્વત સચદેવનું કામ કેન્દ્રસ્થાને છે.

ફિલ્મ 'ધુરંધર 2'ના મ્યુઝિક કમ્પોઝર શાશ્વત સચદેવને તાજેતરમાં નેશનલ ફિલ્મ એવૉર્ડ મળ્યો હતો. તેમને આ સન્માન ફિલ્મ 'આર્ટિકલ 370'માં શ્રેષ્ઠ સંગીત નિર્દેશન માટે આપવામાં આવ્યું હતું.

આના પર શાશ્વતે કહ્યું, "હું એટલું જ કહીશ કે તમે આશીર્વાદ આપતા રહો. તમે આશીર્વાદ આપો કે મારું માથું મારા ખભા પર રહે અને હું સારું કામ કરતો રહું. આ એવૉર્ડ મારા માતા-પિતાના આશીર્વાદનું પરિણામ છે. પરંતુ અસલી કારણ સારું સંગીત છે. આશા છે કે હું આગળ પણ સારું કામ કરતો રહીશ."

આગામી ગ્રેમી એવોર્ડ્સ શો 7 ફેબ્રુઆરી 2027ના રોજ યોજાશે. તેમાં લેટિન, એશિયન પોપ અને આર&બી જૉનર સહિત પાંચ નવી કેટેગરી સામેલ થશે. આ આયોજનમાં બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ અને બેસ્ટ આલ્બમ કેટેગરી સાથે જોડાયેલા ઘણા મહત્વપૂર્ણ અપડેટ્સ પણ હશે.

### ગીતકારોને પણ મળશે સન્માન

આ સાથે જોડાયેલા એક ફેરફાર હેઠળ મોટા ભાગના જૉનરની આલ્બમ કેટેગરી જીતનાર આલ્બમના યોગદાનકર્તાઓને હવે ગ્રેમી ટ્રોફી અને અચીવમેન્ટ સર્ટિફિકેટ મળશે.

અત્યાર સુધી આ ટ્રોફી અને સર્ટિફિકેટ પ્રોડ્યુસર્સ અને એન્જિનિયર્સને મળતા રહ્યા છે. ભારતીય સંગીતકારોએ ગ્રેમી એવોર્ડ્સમાં પોતાની ખાસ ઓળખ બનાવી છે. પંડિત રવિ શંકર, ઝાકિર હુસૈન, એ. આર. રહેમાન અને રિકી કેજ જેવા કલાકારોએ ગ્રેમી જીતીને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મેળવી છે. બીજી તરફ, ઘણા ભારતીય અને ભારતીય મૂળના કલાકારો નૉમિનેશન સુધી પહોંચ્યા છે.

ગ્રેમીના સત્તાવાર રેકોર્ડ મુજબ, પંડિત રવિ શંકરે 4 ગ્રેમી એવોર્ડ જીત્યા છે. ઝાકિર હુસૈને 4, રિકી કેજે 3 અને એ.આર. રહમાને 2 ગ્રેમી એવોર્ડ પોતાના નામે કર્યા છે. સંગીતકાર પી.એ. દીપક અને વાંસળીવાદક રાકેશ ચૌરસિયાએ પણ 2-2 ગ્રેમી એવોર્ડ જીત્યા છે.

આ ઉપરાંત વિશ્વ મોહન ભટ્ટ, શંકર મહાદેવન, વી. સેલ્વગણેશ, ગણેશ રાજગોપાલન, ગુલઝાર, તન્વી શાહ અને નીલા વાસવાણી પણ ગ્રેમી જીતનારા કલાકારોમાં સામેલ છે. ટી.એચ. વિનાયકરામે પણ ગ્રેમી એવોર્ડ જીત્યો છે. ભારતીય અને ભારતીય મૂળના ઘણા કલાકારો ગ્રેમી માટે નામાંકિત થઈ ચૂક્યા છે. તેમાં સંગીત નિર્દેશક ઝુબિન મહેતા, સિતારવાદક અનુષ્કા શંકર અને ગાયિકા આશા ભોસલેનો સમાવેશ થાય છે. ઝુબિન મહેતાને 18 વખત ગ્રેમી માટે નામાંકિત કરવામાં આવ્યા છે. અનુષ્કા શંકરને પણ ઘણી વખત નામાંકન મળ્યું છે. વાંસળીવાદક વરિજાશ્રી વેણુગોપાલને 2025માં ગ્રેમી માટે નામાંકન મળ્યું હતું. તાજેતરના વર્ષોમાં રિકી કેજ અને શંકર મહાદેવન જેવા કલાકારોએ પણ ગ્રેમી મંચ પર ભારતની ઓળખ મજબૂત કરી છે.

(એજન્સી) મુંબઈ | તા.10 સલમાન ખાને શુક્રવારે પોતાની ઑફિશિયલ યુટ્યુબ ચેનલ લોન્ચ કરી. જેમાં તે ફેન્સ સાથે પર્સનલ, પ્રોફેશનલ અને બિહાઈન્ડ-ધ-સીન્સ કન્ટેન્ટ શેર કરશે. સલમાને ચેનલના લોન્ચની જાહેરાત એક મજેદાર ટીઝર સાથે કરી. તેમાં તે ઈંગ્લિશ આલ્ફાબેટ બોલતા જોવા મળ્યા. તેમણે વીડિયો શેર કરતાં લખ્યું, "શરૂઆતથી શરૂ કરીએ... મારી ઑફિશિયલ યુટ્યુબ ચેનલ. A ટુ Z સુધી બધું અહીં મળશે." સમાચાર લખાયા ત્યાં સુધીમાં તેના સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા 16 હજારને પાર થઈ ગઈ હતી. સલમાનની ઑફિશિયલ ચેનલના બાયોમાં લખ્યું છે, "ફિલ્મ એક્ટર. આર્ટિસ્ટ. પેન્ટર. હ્યુમેનિટેરિયન. આ મારી ઑફિશિયલ ચેનલ છે." હાલમાં ચેનલ પર અનેક શોર્ટ્સ ઉપલબ્ધ છે. યુટ્યુબના માધ્યમથી સલમાન લાંબા વીડિયો શેર કરી શકે છે. તેનાથી ચાહકોને તેમના કામ, રોજિંદા જીવન અને સિનેમાથી બહારની પસંદગીઓ વિશે નજીકથી જાણવાની તક મળશે. તે ટૂંક સમયમાં ફિલ્મ 'માતૃભૂમિ'માં જોવા મળી શકે છે. આ ફિલ્મનું નામ પહેલાં 'બેટલ ઑફ ગલવાન' હતું. તેનું દિગ્દર્શન અપૂર્વ લાખિયાએ કર્યું છે. ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ પણ મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મની નવી રિલીઝ તારીખની જાહેરાત હજુ સુધી થઈ નથી.

# સલમાન ખાને યુટ્યુબ ચેનલ લોન્ચ કરી...!

આ મોટા બોલિવૂડ સ્ટાર્સની પણ યુટ્યુબ ચેનલ્સ છે

સલમાન ખાન ઉપરાંત બોલિવૂડના અનેક મોટા સ્ટાર્સની પોતાની યુટ્યુબ ચેનલ્સ પણ છે. આ ચેનલ્સ દ્વારા કલાકારો પોતાના ચાહકો સાથે સીધા જોડાય છે.

કોઈ પોતાની અંગત જિંદગીના વીડિયો શેર કરે છે, તો કોઈ ફિટનેસ, રસોઈ અને ફિલ્મોના શૂટિંગ સાથે જોડાયેલા વીડિયો બતાવે છે. જોકે, મોટા ભાગના સ્ટાર્સ પોતાની ચેનલ પર નિયમિત રીતે વીડિયો અપલોડ કરતા નથી.

સ્થાપક દ્વારા શરૂ કરવામાં આવેલા આ પ્રેરણાદાયી અભિયાનને વિશ્વભરમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે. તાજા આંકડાઓ પર નજર કરીએ તો, અત્યાર સુધીમાં દુનિયાભરના ૧૧૫ કરતા વધુ દેશોના ૨.૬૬ લાખથી પણ વધુ ઉત્સાહી યુઝર્સ આ પ્લેટફોર્મને ફરીથી લોન્ચ કરવાના સમર્થનમાં પોતાના મત આપ્યા છે. વર્ષ ૨૦૦૪માં ગૂગલ દ્વારા જ્યારે ઓરકૂટની શરૂઆત કરવામાં આવી ત્યારે ખાસ કરીને બ્રાઝિલ અને ભારતના યુવાનોમાં આ પ્લેટફોર્મ અત્યંત લોકપ્રિય બન્યું હતું. તે સમય દરમિયાન કમ્યુનિટીઝ, ટેસ્ટિમોનિયલ્સ અને સ્ક્રેપ્સ જેવી અદ્ભુત સેવાઓ આ સોશિયલ નેટવર્કની મુખ્ય ઓળખ બની ગઈ હતી, જે આજે પણ જૂના યુઝર્સની યાદોમાં તાજી છે.

# US દ્વારા આં.રા. ગુનાહિત ન્યાયાલય પર કડક પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

આંતરરાષ્ટ્રીય રાજકારણ અને વૈશ્વિક અદાલતોના ક્ષેત્રમાંથી એક અત્યંત ચોંકાવનારા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાના કારણે અકળાયેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને સીધો મોટો પલટવાર કરતા આંતરરાષ્ટ્રીય ગુનાહિત ન્યાયાલય એટલે કે આઈસીસી પર સખત પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી દીધી છે. આ સમગ્ર ઘટનાક્રમ પાછળનું મુખ્ય કારણ ભારતીય મૂળના પૂર્વ ન્યાયાધીશ નવનીતમ નાવી પિલ્લઈને નોબેલ શાંતિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલ વિરુદ્ધ યુદ્ધ અપરાધોના મામલે પૂર્વગ્રહ રાખવાનો આરોપ મૂકીને લેવાયેલા આ કડક પગલાથી વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જાગી છે. ચાલો વિગતવાર સમજીએ કે આ સમગ્ર ઘટના પાછળના રાજકીય સમીકરણો અને અદાલતી કાર્યવાહીના અસલ પડકારો શું છે.

ભારતીય મૂળના પૂર્વ ન્યાયાધીશ નવનીતમ નાવી પિલ્લઈને પ્રતિષ્ઠિત નોબેલ શાંતિ પુરસ્કાર મળવાની જાહેરાત થતાં જ અમેરિકી પ્રશાસને આંતરરાષ્ટ્રીય ગુનાહિત ન્યાયાલય પર આર્થિક હથિયારો ઉગામી દીધા છે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ એક વીડિયો સંદેશ દ્વારા આ નિર્ણયની જાહેરાત કરતા સ્પષ્ટ કર્યું હતું કે અમેરિકા અને તેના નાગરિકો આ અદાલતના અધિકારક્ષેત્ર હેઠળ આવતા નથી. ટ્રમ્પ પ્રશાસને આઈસીસીના તમામ નાણાકીય વ્યવહારો પર રોક લગાવી દીધી છે, તેની સંપત્તિઓ અને સંસાધનો જપ્ત કરી લીધા છે તેમજ અમેરિકન કંપનીઓને આ અદાલત સાથેના તમામ પ્રકારના વેપારી કારોબાર પૂરા કરવા માટે માત્ર છ મહિનાનો સમય આપવામાં આવ્યો છે.

### આંગણવાડી વર્કર્સ, ફ્રન્ટલાઈન કાર્યકરોની વૃદ્ધ સંભાળ, સંભાળની જરૂરિયાતોની વહેલી ઓળખ અને વરિષ્ઠ નાગરિકો માટે સમુદાય-આધારિત સહાયને મજબૂત કરવા માટે રેફરલ સપોર્ટ ક્ષમતા નિર્માણ કરવાનો કાર્યક્રમ

# કેન્દ્રીય સચિવ MoSJE શ્રી સુધાંશ પંતે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના કેન્દ્ર શાસિત પ્રદેશમાં પાંચ દિવસીય વૃદ્ધ સંભાળ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું




(એજન્સી) દાદરા નગર હવેલી | તા.10

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના કેન્દ્રીય સચિવ શ્રી સુધાંશ પંતે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (DNH&DD) કેન્દ્રશાસિત પ્રદેશમાં કેવડી, દીવ ખાતે એજ્યુકેશન હબમાં પાંચ દિવસીય વૃદ્ધ સંભાળ (ગેરિયાટ્રિક કેર) તાલીમ કાર્યક્રમનું આજે ઉદ્ઘાટન કર્યું હતું.આ કાર્યક્રમનું આયોજન ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ ડિફેન્સ (NISD) દ્વારા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (DNH&DD) કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસનના કલેક્ટર કાર્યાલય, દીવના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. સંદીપ આર રાઠોડ, શ્રી સજીશ કુમાર એન. અને એનઆઈએસડીના નિયામક શ્રી ગૌરવ સિંહ રાજાવતે પણ ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપી હતી. કલેક્ટર, દીવ શ્રી રાહુલ દેવ બૂરાએ મહાનુભાવો અને સહભાગીઓનું ઔપચારિક સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે બોલતા શ્રી પંતે જણાવ્યું હતું કે આ પહેલનો ઉદ્દેશ્ય મૂળભૂત ગેરિયાટ્રિક કેર પૂરી પાડવા, ઉભરતી સંભાળની જરૂરિયાતોની ઓળખ કરવા, યોગ્ય સરકારી યોજનાઓ અને સેવાઓ સુધી પહોંચ સુગમ બનાવવા અને સમુદાય સ્તરે વરિષ્ઠ નાગરિકોને ભાવનાત્મક અને મનોસામાજિક ટેકો આપવા માટે સક્ષમ તાલીમબદ્ધ, સંવેદનશીલ અને સ્થાનિક રીતે ઉપલબ્ધ ફ્રન્ટલાઈન કાર્યકરોનો એક સમૂહ તૈયાર કરવાનો છે.તેમણે જણાવ્યું હતું કે આ તાલીમને દીવ જિલ્લામાં વરિષ્ઠ નાગરિકોની ચોક્કસ જરૂરિયાતો અને પરિસ્થિતિઓને સંબોધવા માટે યોગ્ય રીતે સંદર્ભિત કરવામાં આવી છે, જેમાં સ્થાનિક રીતે ઉપલબ્ધ સહાયક પ્રણાલીઓને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.સચિવે જણાવ્યું હતું કે એકલા રહેતા વરિષ્ઠ નાગરિકો, દૈનિક જીવનની પ્રવૃત્તિઓ (ADLs) માં સહાયની જરૂરિયાત ધરાવતા લોકો અને પરિવાર-આધારિત સંભાળ સુધી મર્યાદિત પહોંચ ધરાવતા વૃદ્ધો સહિત વયસ્ક વસ્તીની વિકસતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ વિશેષ મહત્વ ધરાવે છે.શ્રી પંતે ઉમેર્યું હતું કે આ તાલીમ એક વ્યવહારુ, સહભાગી અને ક્ષેત્ર-ઉન્મુખ અભિગમ અપનાવશે, જે સહભાગીઓને તેમના સંબંધિત સમુદાયોમાં મેળવેલા જ્ઞાન અને કૌશલ્યોને અસરકારક સહાયમાં રૂપાંતરિત કરવા સક્ષમ બનાવશે.સચિવ પંતે જણાવ્યું હતું કે 5 દિવસીય તાલીમ સહભાગીઓને વૃદ્ધાવસ્થાના શારીરિક, મનોવૈજ્ઞાનિક, ભાવનાત્મક અને સામાજિક પરિમાણોની સમજ પૂરી પાડશે, જ્યારે તેમને વૃદ્ધ વ્યક્તિઓની સુરક્ષિત, ગૌરવપૂર્ણ અને કરુણાપૂર્વકની સંભાળ માટે વ્યવહારુ ક્ષમતાઓથી સજ્જ કરશે. કેન્દ્રીય સચિવે જણાવ્યું હતું કે આ કાર્યક્રમથી દીવ જિલ્લામાં આશરે 50 તાલીમબદ્ધ અને સંવેદનશીલ આંગણવાડી વર્કર્સ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને જમીની સ્તરના કાર્યકરોનો સમૂહ તૈયાર થવાની અને વૃદ્ધ વ્યક્તિઓને મૂળભૂત સંભાળ અને ટેકો આપવાની તેમની ક્ષમતામાં વધારો થવાની અપેક્ષા છે.તેમણે કહ્યું કે વધારાની સંભાળ અથવા રેફરલની જરૂરિયાત ધરાવતા વરિષ્ઠ નાગરિકોની વહેલી ઓળખમાં સુધારો થશે, સરકારી યોજનાઓ અને સપોર્ટ મિકેનિઝમ્સ વિશે જાગૃતિ મજબૂત થશે અને એકલા અથવા મર્યાદિત કૌટુંબિક સહાય સાથે રહેતા વૃદ્ધ લોકો માટે સમુદાય-સ્તરની સહાયમાં સુધારો થશે તેવી અપેક્ષા છે.શ્રી પંતે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ દીવ જિલ્લામાં વૃદ્ધોની સંભાળની સ્થાનિક ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે કેન્દ્રિત ક્ષમતા-નિર્માણ હસ્તક્ષેપનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે કહ્યું કે તાલીમબદ્ધ અને સંવેદનશીલ કર્મચારીઓનો સ્થાનિક રીતે ઉપલબ્ધ સમૂહ વિકસાવીને, આ પહેલ વરિષ્ઠ નાગરિકો માટે વધુ પ્રતિભાવશીલ, સમાવેશી અને સહાયક વાતાવરણને પ્રોત્સાહન આપવા અને તેમના ગૌરવ, સુરક્ષા, સ્વતંત્રતા, સામાજિક સમાવેશ અને જીવનની ગુણવત્તામાં યોગદાન આપવા માંગે છે.સચિવે વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકો માટે સમુદાય-આધારિત સપોર્ટ સિસ્ટમ્સને મજબૂત કરવાનો અને છેવાડાના માનવી સુધી સેવા વિતરણમાં રોકાયેલા કર્મચારીઓની ક્ષમતામાં વધારો કરવાનો છે.મુખ્ય ક્ષેત્રોમાં વૃદ્ધાવસ્થાની પ્રક્રિયા અને વરિષ્ઠ નાગરિકોની બદલાતી જરૂરિયાતો; વૃદ્ધ વ્યક્તિઓના અધિકારો, ગૌરવ અને કલ્યાણ; પરિવારો, સમુદાયો અને ફ્રન્ટલાઈન સંભાળ રાખનારાઓની ભૂમિકાઓ; મૂળભૂત ગેરિયાટ્રિક કેરના સિદ્ધાંતો; દૈનિક પ્રવૃત્તિઓ અને ADLsમાં સહાય; વ્યક્તિગત સ્વચ્છતા; પોષણ અને હાઈડ્રેશન; દવા સંબંધિત સહાય; ગતિશીલતા સહાય; સુરક્ષિત સ્થાનાંતરણ તકનીકો; પડી જવાથી બચાવ અને ઘરની સુરક્ષાનો સમાવેશ થશે.આ કાર્યક્રમમાં મૂળભૂત પ્રાથમિક સારવાર અને સામાન્ય કટોકટીઓનો પ્રતિસાદ, સંચાર કૌશલ્ય, મનોસામાજિક સહાય, એકલતા અને સામાજિક અલગતા, ભાવનાત્મક કલ્યાણ, અને ડિમેન્શિયા જાગૃતિ તેમજ મૂળભૂત સંભાળ પદ્ધતિઓને પણ આવરી લેવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન ખાનગીપણું, ગૌરવ, આદર અને કરુણાપૂર્વકની સંભાળના સિદ્ધાંતોને મજબૂત કરતી વખતે, વરિષ્ઠ નાગરિકોની ઉપેક્ષા, શોષણ અને દુરુપયોગની રોકથામ, ઓળખ અને રિપોર્ટિંગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. સહભાગીઓને વરિષ્ઠ નાગરિકો માટે ઉપલબ્ધ સરકારી યોજનાઓ, કાર્યક્રમો, સંસ્થાકીય પ્રણાલીઓ અને સહાયક સેવાઓથી પણ માહિતગાર કરવામાં આવશે, જે તેમને સંબંધિત લાભો અને સેવાઓ સુધી સમયસર પહોંચ સુગમ બનાવવા સક્ષમ બનાવશે.

## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દીવમાં પશ્ચિમ ઝોનની પ્રાદેશિક સમીક્ષા બેઠકનું આયોજન

### બેઠકમાં મંત્રાલયના અધિકારીઓ, ગોવા, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશની સરકારોના વરિષ્ઠ પ્રતિનિધિઓએ હાજરી આપી

(એજન્સી) દાદરા નગર હવેલી | તા.10

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દેશના પશ્ચિમ ઝોનમાં મુખ્ય કલ્યાણ, સામાજિક સશક્તિકરણ અને સામાજિક સુરક્ષા યોજનાઓના અમલીકરણની વ્યાપક સમીક્ષા કરવા માટે આજે અહીં દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ (DNH&DD) કેન્દ્રશાસિત પ્રદેશમાં દિવસભરની પ્રાદેશિક સમીક્ષા બેઠક (RRM) યોજવામાં આવી હતી. આ બેઠકમાં રાજસ્થાન, ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યોના વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે દાદરા અને નગર હાવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસનના વરિષ્ઠ અધિકારીઓ એકત્ર થયા હતા.સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયના સચિવ, શ્રી સુધાંશ પંતે બેઠકની અધ્યક્ષતા કરી હતી અને પ્રાદેશિક સમીક્ષા બેઠકના મુખ્ય અમલીકરણ અગ્રતાઓ અને ઉદ્દેશ્યોની રૂપરેખા આપી હતી. DNH&DD ના કેન્દ્રશાસિત પ્રદેશના માનનીય પ્રશાસક શ્રી પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ, પ્રાદેશિક સમીક્ષા બેઠકમાં અનેક વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.સમીક્ષા બેઠકમાં હાજરી આપનાર કેન્દ્રશાસિત પ્રદેશના અન્ય વરિષ્ઠ અધિકારીઓમાં સામાજિક કલ્યાણ વિભાગના સચિવ શ્રી આશિષ મોહન, દીવના કલેક્ટર શ્રી રાહુલ દેવ બૂરા અને સામાજિક કલ્યાણ વિભાગના નિયામક તથા નાયબ સચિવ શ્રી પુનીત કુલશ્રેષ્ઠનો સમાવેશ થતો હતો.આ ચર્ચામાં સહભાગી થયેલા રાજ્યોના વરિષ્ઠ પ્રતિનિધિઓમાં રાજસ્થાન સરકારના સામાજિક કલ્યાણ વિભાગના નિયામક શ્રી લલિત




કુમાર; ગોવા સરકારના સામાજિક કલ્યાણ વિભાગના નિયામક શ્રી દીપક દેસાઈ; મહારાષ્ટ્ર સરકારના સામાજિક કલ્યાણ વિભાગના કમિશનર સુશ્રી દીપા મુધોલ મુંઢે; અને મહારાષ્ટ્ર સરકારના નિયામક સુશ્રી સોનાલી મુલેનો સમાવેશ થતો હતો.સામાજિક કલ્યાણ વિભાગના સચિવ શ્રી આશિષ મોહન, દીવના કલેક્ટર શ્રી રાહુલ દેવ બૂરા અને સામાજિક કલ્યાણ વિભાગના નિયામક-સહ-નાયબ સચિવ શ્રી પુનીત કુલશ્રેષ્ઠ, સમીક્ષા બેઠકમાં હાજરી આપનારા કેન્દ્રશાસિત પ્રદેશના અન્ય વરિષ્ઠ અધિકારીઓમાં સામેલ હતા.આ દિવસભરની બેઠકમાં ગુજરાત સરકારના ઓબીસી (OBC) વિભાગના સંયુક્ત નિયામક ડૉ. જગદીશ વઢવાણા; સામાજિક સુરક્ષા વિભાગના નાયબ નિયામક ડૉ. પ્રાર્થના શેરશિયા; અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નાયબ નિયામક શ્રી હિરેન એલ. ચૌધરી; અને ઓબીસી વિભાગના સમાજ કલ્યાણ અધિકારી શ્રી દીપક ચાવડા પણ ઉપસ્થિત રહ્યા હતા.આ બેઠકમાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ પણ ભાગ લીધો હતો, જેમાં અધિક સચિવ શ્રીમતી દેબોલિના ઠાકુર; સંયુક્ત સચિવો શ્રી સજીશ કુમાર એન., શ્રી પરવીન કુમાર થિંડ અને ડૉ. સંદીપ રેવાજી રાઠોડ; નાયબ મહાનિયામક શ્રીમતી પ્રતિમા ગુપ્તા; તથા નિયામક શ્રી ગૌરવ સિંહ રાજાવતનો સમાવેશ થાય છે.બેઠકની અધ્યક્ષતા કરતા શ્રી સુધાંશ પંતે જણાવ્યું હતું કે પ્રાદેશિક સમીક્ષા બેઠકનો ઉદ્દેશ્ય મંત્રાલય, સહભાગી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન વચ્ચે સંસ્થાકીય સંકલનને મજબૂત કરવાનો છે અને સામાજિક ન્યાય અને સશક્તિકરણ કાર્યક્રમોના અસરકારક, પારદર્શક, જવાબદારીપૂર્વક અને પરિણામ-લક્ષી અમલીકરણને સુનિશ્ચિત કરવાનો છે, જેમાં છેવાડાના માનવી સુધી પહોંચાડવા, લાભાર્થી કવરેજ અને સેચ્યુરેશન, સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ અને માપી શકાય તેવા પરિણામો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.તેમણે જણાવ્યું હતું કે આ બેઠક પ્રગતિના યોજનાવાર મૂલ્યાંકન, અમલીકરણની ખામીઓ અને પડકારોની ઓળખ, શ્રેષ્ઠ પદ્ધતિઓની વહેંચણી અને પાત્ર લાભાર્થીઓને લાભો પહોંચાડવામાં સુધારો કરવા માટે સમયબદ્ધ સુધારાત્મક અને ફોલો-અપ પગલાં ઘડવા માટે એક સંસ્થાકીય મંચ પૂરો પાડે છે.શ્રી પંતે આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રાદેશિક સમીક્ષા બેઠકની પદ્ધતિથી પશ્ચિમ ક્ષેત્રમાં સામાજિક ન્યાય, સામાજિક સશક્તિકરણ અને સામાજિક સુરક્ષા કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે સંસ્થાકીય માળખાને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

## NFR દ્વારા તહેવારોની મોસમમાં કનેક્ટિવિટી વધારવા માટે ચાર જોડી વિશેષ ટ્રેનો શરૂ; ઉત્તર-પૂર્વ, પૂર્વ અને ઉત્તર ભારતના મુસાફરોને થશે લાભ

(એજન્સી) માલીગાંવ | તા.10

નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) એ પૂજા, દિવાળી અને છઠ તહેવારોની મોસમ દરમિયાન આ વિસ્તાર માટે મુસાફરીના વધારાના વિકલ્પો પૂરા પાડવા માટે ચાર જોડી વિશેષ ટ્રેનો શરૂ કરી છે. આ ટ્રેનો નારંગી-ગોરખપુર, કટિહાર-સબૌર, ફિરોઝપુર કેન્ટ-પૂર્ણિયા અને ભાગલપુર-કટિહાર વચ્ચે દોડશે, જેનાથી ઉત્તર-પૂર્વ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને ચંદigarhના મુસાફરોને લાભ થશે. ઉત્તર-પૂર્વ અને દેશના પૂર્વીય તથા ઉત્તરીય ભાગો વચ્ચે કનેક્ટિવિટી વધારીને, આ ટ્રેનો મુસાફરો માટે તેમના વતન જવાનું સરળ બનાવશે અને તેઓ તેમના પરિવારો સાથે તહેવારોની ઉજવણી કરી શકશે. ટ્રેન નંબર ૦૫૬૩૩ (નારંગી-ગોરખપુર) સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ૧૬ ઓક્ટોબરથી ૨૭ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન દર શુક્રવારે દોડશે. નારંગીથી ૨૦:૦૦ કલાકે ઉપડીને, આ ટ્રેન શનિવારે ૨૧:૪૦ કલાકે ગોરખપુર પહોંચશે. પરત મુસાફરીમાં, ટ્રેન નંબર ૦૫૬૩૪ (ગોરખપુર-નારંગી) સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ૧૮ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન દર રવિવારે દોડશે. ગોરખપુરથી ૦૧:૧૦ કલાકે ઉપડીને, તે સોમવારે ૦૩:૦૦ કલાકે નારંગી પહોંચશે. આ સેવા ૨૨ કોચ સાથે કાર્યરત રહેશે અને દરેક દિશામાં ૭ ફેરા (ટ્રિપ્સ) પૂર્ણ કરશે. ટ્રેન નંબર ૦૫૭૮૨ (કટિહાર-સબૌર) પૂજા સ્પેશિયલ ઈન્ટરસિટી એક્સપ્રેસે ૮ ઓક્ટોબરથી તેની



સેવા શરૂ કરી છે અને તે ૩૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી દોડશે. આ ટ્રેન ગુરુવાર, રવિવાર અને સોમવારે ૧૯:૫૦ કલાકે કટિહારથી ઉપડે છે અને તે જ દિવસે ૨૩:૦૦ કલાકે સબૌર પહોંચે છે. પરત દિશામાં, ટ્રેન નંબર 05781 (સાબૌર-કટિહાર) પૂજા સ્પેશિયલ ઈન્ટરસિટી એક્સપ્રેસે 9 ઓક્ટોબરથી સેવા શરૂ કરી છે અને તે 1 ડિસેમ્બર, 2026 સુધી દોડશે. તે શુક્રવાર, સોમવાર અને મંગળવારે સવારે 04:50 વાગ્યે સાબૌરથી ઉપડે છે અને તે જ દિવસે સવારે 10:55 વાગ્યે કટિહાર પહોંચે છે. આ સેવા બંને દિશામાં 24 ટ્રિપ્સ માટે 22 કોચ સાથે ચલાવવામાં આવશે.ટ્રેન નંબર 04634 (ફિરોઝપુર કેન્ટ - પૂર્ણિયા) ફેસ્ટિવલ સ્પેશિયલ એક્સપ્રેસે 8 ઓક્ટોબરથી સેવા શરૂ કરી છે અને તે 26 નવેમ્બર, 2026 સુધી દોડશે. તે ગુરુવારે સાંજે 17:30 વાગ્યે ફિરોઝપુર કેન્ટથી ઉપડે છે અને શનિવારે સવારે 03:00 વાગ્યે પૂર્ણિયા પહોંચે છે. પરત મુસાફરીમાં, ટ્રેન નંબર 04633 (પૂર્ણિયા - ફિરોઝપુર કેન્ટ) ફેસ્ટિવલ સ્પેશિયલ એક્સપ્રેસ 10 ઓક્ટોબરથી 28 નવેમ્બર, 2026 સુધી દર શનિવારે દોડશે; તે સવારે 06:00 વાગ્યે પૂર્ણિયાથી ઉપડે છે અને રવિવારે સાંજે 16:35 વાગ્યે ફિરોઝપુર કેન્ટ પહોંચે છે. આ સેવા બંને દિશામાં 8 ટ્રિપ્સ માટે 18 કોચ સાથે ચલાવવામાં આવશે.ટ્રેન નંબર 03409 (ભાગલપુર - કટિહાર) સ્પેશિયલની દૈનિક સેવા 7 ઓક્ટોબરથી શરૂ થઈ છે અને તે 30 નવેમ્બર, 2026 સુધી ચાલુ રહેશે. તે સાંજે 17:30 વાગ્યે ભાગલપુરથી ઉપડે છે અને તે જ દિવસે રાત્રે 23:10 વાગ્યે કટિહાર પહોંચે છે. પરત મુસાફરીમાં, સ્પેશિયલ ટ્રેન (ટ્રેન નંબર 03410: કટિહાર-ભાગલપુર)ની દૈનિક સેવા 8 ઓક્ટોબરથી શરૂ થઈ છે અને તે 1 ડિસેમ્બર, 2026 સુધી ચાલુ રહેશે. તે સવારે 06:35 વાગ્યે કટિહારથી ઉપડે છે અને તે જ દિવસે બપોરે 12:05 વાગ્યે ભાગલપુર પહોંચે છે. આ સેવા બંને દિશાઓમાં ૫૫ ફેરા (ટ્રિપ્સ) માટે કાર્યરત રહેશે.આ ટ્રેનોના નિર્ધારિત સ્ટોપ્સ અને સમય અંગેની માહિતી IRCTCની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને તે વિવિધ સમાચારપત્રો તેમજ નોર્થ ઈસ્ટ ફ્રન્ટીયર રેલવેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા પણ પ્રસારિત કરવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી છે કે તેઓ મુસાફરી શરૂ કરતા પહેલા આ વિગતોની ચકાસણી કરી લે.

## મહારાષ્ટ્રમાં 2.7 લાખ મતદારોની ઉંમર 100 વર્ષથી વધુ નોંધાઈ

(એજન્સી) મુંબઈ | તા.10

મહારાષ્ટ્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR-2026) હેઠળ તૈયાર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં એક ચોંકાવનારી ટેકનિકલ ખામી સામે આવી છે. સિસ્ટમની મોટી ગરબડને કારણે રાજ્યના 2,70,313 મતદારોનું જન્મ વર્ષ સીધું 1900 નોંધાઈ ગયું હતું, જેના કારણે ડ્રાફ્ટ રોલમાં તેમની ઉંમર 101થી 150 વર્ષની વચ્ચે દેખાવા લાગી હતી. આટલી ગંભીર ભૂલ હોવા છતાં, કેન્દ્રીય ચૂંટણી પંચને આ ટેકનિકલ ખામી સુધારવામાં એક મહિના કરતાં પણ વધુ સમય લાગી ગયો હતો. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર આ સમગ્ર છબરડામાં સૌથી મોટો હિસ્સો નાસિક જિલ્લામાં જોવા મળ્યો હતો. અસરગ્રસ્ત 2,70,313 મતદારોમાંથી 2,37,974 એટલે કે પૂરા 88% મતદારો માત્ર નાસિક જિલ્લાના 3 વિધાનસભા મતવિસ્તારોમાં નોંધાયા હતા. આ વિસ્તારોમાં કલવણ ચાંદવડ અને દેવલાલીનો સમાવેશ થાય છે. જ્યારે બાકીના 32,339 મતદારો સમગ્ર રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયા હતા. ડ્રાફ્ટ યાદીમાં મોટી સંખ્યામાં મતદારોની ઉંમર સીધી 126 વર્ષ દેખાડવામાં આવી હતી. પોતાના જ રાજ્યના મતદારોનો સાચો ડેટા મેળવવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને દિલ્હી સ્થિત મુખ્યાલય સમક્ષ સતત પાંચ અઠવાડિયા સુધી પત્રવ્યવહાર કરવો પડ્યો હતો. આ ભૂલ સુધારવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે ચૂંટણી પંચના IT વિભાગ પાસે એક્સેલ ફોર્મેટમાં જૂનો અને નવો ડેટા માંગ્યો હતો. 2 સપ્ટેમ્બર અને 8 સપ્ટેમ્બરે પત્રો લખ્યા છતાં ડેટા ન મળતાં તેમણે સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગને તાકીદ કરી હતી કે IT સેક્શન કોઈપણ વિલંબ વિના ડેટા આપે. આખરે 5 ઑક્ટોબરે મીડિયા દ્વારા નવી દિલ્હીમાં પ્રવક્તા સમક્ષ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા ત્યારે દિલ્હીથી જવાબ મળ્યો હતો અને 6 ઑક્ટોબરે સિસ્ટમમાંથી આ ટેકનિકલ ખામી દૂર કરવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ સિસ્ટમમાં જન્મ વર્ષનું ડિફોલ્ટ ફિલ્ડ 1900 સેટ થઈ જતાં આ ગરબડ ઊભી થઈ હતી.

## ભારતમાં અઘોષિત ઈમરજન્સી જેવી હાલત, પ્રદર્શનકારીઓને છોડ્યા નહીં તો અનશન કરીશ': સોનમ વાંગચૂકનું સરકારને અલ્ટિમેટમ

(એજન્સી) નવી દિલ્હી | તા.10

દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શન પહેલાં CJPના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને અટકાયતમાં લેવાયા બાદ ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે દિલ્હીમાં ભારે ઘેરાબંધી અને સુરક્ષાના નામે વિરોધ કરવા પહોંચેલા લોકોની અટકાયત પર સરકાર સામે સવાલો કર્યા છે. સોનમ વાંગચુકે કહ્યું કે- દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત ઈમરજન્સીની સ્થિતિમાં ચાલી રહ્યું છે. તેમણે આ વાત સોશિયલ મીડિયા પર ત્યારે કહી જ્યારે જંતર-મંતર પર યુવા નેતૃત્વવાળી 'કોકરોચ જનતા પાર્ટી'ના મોટા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયોના માધ્યમથી વાંગચુકે દિલ્હી આવી રહેલા વિદ્યાર્થી નેતાઓ, એક્ટિવિસ્ટો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને અગાઉથી જ કસ્ટડીમાં લેવા અને રોકવા પર ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું. વાંગચુકે કસ્ટડીમાં લેવાયેલા તમામ પ્રદર્શનકારીઓને ત્વરિત મુક્ત કરવાની માંગ કરી. તેમણે ચેતવણી આપી કે જો પ્રશાસનની સખત કાર્યવાહી ચાલુ રહેશે, તો તેમને મજબૂર થઈને નવું અનશન કે પદયાત્રા શરૂ કરવી પડશે. CJPના જંતર-મંતર પ્રદર્શનને પોતાનું પૂર્ણ સમર્થન આપતા, વાંગચુકે સ્પષ્ટ કર્યું કે આ વખતે તેઓ દિલ્હીના વિરોધ પ્રદર્શનમાં વ્યક્તિગત રીતે સામેલ નહીં થાય. લદ્દાખ પરત ફર્યા બાદ, તેમણે જણાવ્યું કે તેઓ પર્યાવરણ સંરક્ષણના મહત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન આપી રહ્યા છે, ખાસ કરીને કૃત્રિમ ગ્લેશિયર બનાવવા અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF)ના જોખમોનો સામનો કરવા પર કવિ ફૈઝ અહેમદ ફૈઝની પ્રખ્યાત પંક્તિઓ સંભળાવી એ, 'રાજકારણ સિવાય પણ દુનિયામાં બીજા ઘણા દુ:ખો છે.' સાથે જ, તેમણે યુવાનો અને Gen Z પ્રદર્શનકારીઓને સંપૂર્ણપણે અહિંસા જાળવી રાખવાની અપીલ કરી.

## મણિપુરના કોંગ્રેસી સાંસદ અને પ્રોફેસરની JNUમાંથી હકાલપટ્ટી

મણિપુર | જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી(JNU) ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે એક કડક અને ઐતિહાસિક નિર્ણય બાબતે. યુનિવર્સિટીએ પોતાના વરિષ્ઠ પ્રોફેસર અને વર્તમાન કોંગ્રેસ સાંસદ 'અંગોમચા બિમોલ અકોઈજામ'ને વિદ્યાર્થીનીઓની જાતીય સતામણીના ગંભીર આરોપો હેઠળ નોકરીમાંથી કાઢી મૂક્યા છે. શિક્ષણ જગત અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવનાર આ ઘટના માત્ર કેમ્પસ પૂરતી સીમિત ન રહેતા રાષ્ટ્રીય મુદ્દો બની ગઈ છે. આવો જાણીએ આ સમગ્ર વિવાદની વિગતવાર માહિતી. 9 ઑક્ટોબર 2026ના રોજ JNU ના વાઈસ-ચાન્સેલર શાંતિશ્રી ડી. પંડિતે એક આદેશ પર હસ્તાક્ષર કર્યા, જેના દ્વારા પ્રોફેસર અંગોમચા બિમોલ અકોઈજામને તાત્કાલિક અસરથી બરતરફ કરવામાં આવ્યા. અકોઈજામ યુનિવર્સિટીની 'સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સિસ' હેઠળ આવતા 'સેન્ટર ફોર ધ સ્ટડી ઑફ સોશિયલ સિસ્ટમ્સ'માં ભણાવતા હતા. યુનિવર્સિટીની આંતરિક સમિતિ(IC)ની તપાસ અને કડક સજાની ભલામણ બાદ આ નિર્ણય લેવાયો છે. કાર્યવાહી પહેલા આરોપી પ્રોફેસરને બચાવ માટે 90 દિવસનો સમય પણ આપવામાં આવ્યો હતો. આ હકાલપટ્ટી સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (ક્લાસિફિકેશન, કંટ્રોલ ઍન્ડ અપીલ) નિયમોના નિયમ 11(ix) હેઠળ કરવામાં આવી છે.

**ઈ-ઓક્શન સૂચના**

"પૂર/ભારે વરસાદના પાણીના ભરાવાથી અસરગ્રસ્ત કાચો માલ અને તૈયાર માલ", જેમાં એલ્યુમિનિયમ કોઇલ, PET ફિલ્મ, LDPE ગ્રેન્યુલ્સ, સરફેસ પ્રોટેક્ટિવ ફિલ્મ અને એડહેસિવ ફિલ્મ જેવા કાચા માલ તથા ACP અને ACP ઓફ-કટ્સ જેવા તૈયાર માલનો સમાવેશ થાય છે, જેનો કુલ અંદાજિત જથ્થો 10,04,305.42 કિગ્રા છે અને જેનો નિકાલ પ્રતિ કિગ્રા ધોરણે કરવામાં આવશે.

રસ ધરાવતા ખરીદદારોને "પૂર/ભારે વરસાદના પાણીના ભરાવાથી અસરગ્રસ્ત કાચો માલ અને તૈયાર માલ", જેમાં એલ્યુમિનિયમ કોઇલ, PET ફિલ્મ, LDPE ગ્રેન્યુલ્સ, સરફેસ પ્રોટેક્ટિવ ફિલ્મ અને એડહેસિવ ફિલ્મ જેવા કાચા માલ તથા ACP અને ACP ઓફ-કટ્સ જેવા તૈયાર માલનો સમાવેશ થાય છે, જેનો કુલ અંદાજિત જથ્થો 10,04,305.42 કિગ્રા છે અને જેનો નિકાલ પ્રતિ કિગ્રા ધોરણે કરવામાં આવશે, તેના નિકાલ માટે યોજાનાર ઈ-ઓક્શનમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત સલ્વેજ સામગ્રીનું વેચાણ "જ્યાં છે, જેવી છે", "જે કંઈ છે, તે બધું" અને "કોઈ ફરિયાદ નહીં" ના ધોરણે કરવામાં આવશે અને આ સામગ્રી M/s. Pioneer Panels ની માલિકીની છે. ઉપરોક્ત સામગ્રીનું નિરીક્ષણ Survey No. 718/1/A/1/1, Village Khattalvada, Umbergaon, Valsad, Gujarat - 396120 ખાતે 12/10/26 થી 20/10/26 દરમિયાન સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરી શકાશે. નિરીક્ષણ માટે કૃપા કરીને શ્રી સુનિલ કુમાર મહેતા - +91 94298 70002 નો સંપર્ક કરવો. ઈ-ઓક્શન 22/10/26 ના રોજ www.b2bsalvage.com પર યોજાશે. ઈ-ઓક્શનના નિયમો અને શરતો ધરાવતું ભાગીદારી ફોર્મ મેળવવા માટે કૃપા કરીને શ્રી હેમંત બિરલા નો સંપર્ક કરવો. ફોર્મ તથા EMD રકમ જમા કરવાની અંતિમ તારીખ 21/10/26 ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી રહેશે.

**લિલાવકર્તા: B2B Salvage Auctioneers India LLP**
**નોંધાયેલ કાર્યાલય: 121, Lavkush Colony, Manglia, Indore, Madhya Pradesh - 453771**
**સંપર્ક નંબર: +91 9754706071**

**મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ**
**(સામાન્ય મૂળ દીવાની અધિકારક્ષેત્ર) લવાદ અરજી (વ્યાવસાયિક વિભાગ) ક્રમાંક ૨૬૩/૨૦૨૬**

લવાદ અને સમાધાન અધિનિયમ, ૧૯૯૬ના સંદર્ભમાં
અને
લોન કરાર ક્રમાંક XVFPABD00005968672 (તારીખ ૩૧.૦૮.૨૦૨૩) હેઠળ ઉદ્ભવેલા M/s. ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ અને M/s. HP કુરિયર એન્ડ લોજિસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ વચ્ચેના વિવાદોના સંદર્ભમાં.
M/s. ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ, 'ચોલા ક્રેસ્ટ', C 54 અને 55, સુપર B-4, થિરુ વી કા ઔદ્યોગિક વસાહત, ગિન્ડી, ચેન્નાઈ-600032
તેમના અધિકૃત હસ્તાક્ષરકર્તા દ્વારા પ્રતિનિધિત્વ
વિરુદ્ધ
... અરજદાર
M/s. HP કુરિયર એન્ડ લોજિસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, 204, જીત કોમ્પ્લેક્સ, નવરંગપુરા C.G. રોડ, મ્યુનિસિપાલિટી માર્કેટની સામે, C.G. રોડ, અમદાવાદ, ગુજરાત - 380009
પ્રતિ
... પ્રતિવાદી
M/s. HP કુરિયર એન્ડ લોજિસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ, બીજો માળ, 204, જીત કોમ્પ્લેક્સ, નવરંગપુરા C.G. રોડ, મ્યુનિસિપાલિટી માર્કેટની સામે, C.G. રોડ, અમદાવાદ, ગુજરાત - 380009
ઉપરોક્ત લવાદ અરજીની સુનાવણી માનનીય મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ ૨૭.૧૦.૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે રાખવામાં આવી છે. કૃપા કરીને નોંધ લેશો અને તે તારીખે રૂબરૂ અથવા તમારા વકીલ મારફતે હાજર રહેશો; તેમ કરવામાં નિષ્ફળ જશો તો તમારી ગેરહાજરીમાં કાર્યવાહી આગળ વધારવામાં આવશે (એક્સ-પાર્ટે આદેશ થઈ શકે છે) અને તમારી ગેરહાજરીમાં બાબતનો નિર્ણય લેવામાં આવશે.

**M/s. ડી. પ્રદીપ કુમાર,**
**અરજદારના વકીલ**

## નાના પાટેકરના મોત પાછળનું રહસ્ય ખુલ્યું

(એજન્સી) મુંબઈ | તા.10

નાના પાટેકરના પોસ્ટમોર્ટમ અહેવાલમાં હૃદયરોગના તીવ્ર હુમલાને મૃત્યુનું કારણ ગણાવાયું. પોલીસે પરિવારનાં નિવેદનો નોંધી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી. અભિનેતા નાના પાટેકરના મૃત્યુ અંગેના પોસ્ટમોર્ટમ અહેવાલમાં તેમના નિધનનું કારણ હૃદયરોગનો તીવ્ર હુમલો હોવાનું જણાવાયું છે. ગોવાના બાંબોલી સ્થિત ગોવા મેડિકલ કોલેજના નિષ્ણાત તબીબોની સમિતિએ પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ કરીને અહેવાલ પોલીસને સોંપ્યો હતો. અહેવાલ મુજબ, 75 વર્ષીય નાના પાટેકરનું મૃત્યુ કુદરતી રીતે થયું હતું. પોલીસને આપવામાં આવેલી તબીબી વિગતો અનુસાર, નાના પાટેકર હૃદયની ધમનીઓને અસર કરતી બીમારીથી પીડાતા હતા. આ સ્થિતિમાં હૃદય સુધી લોહી પહોંચાડતી મુખ્ય ધમનીમાં અચાનક લોહીનો ગઠ્ઠો જામ્યો હતો. તેના કારણે હૃદયને લોહી અને પ્રાણવાયુ મળવાનું બંધ થતાં તેમને હૃદયરોગનો તીવ્ર હુમલો આવ્યો હતો. નાના પાટેકરના મૃતદેહને બાંબોલી સ્થિત ગોવા મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાં પરિવારજનો અને સાક્ષીઓની હાજરીમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારબાદ વરિષ્ઠ તબીબોની સમિતિએ પોસ્ટમોર્ટમ કરીને અહેવાલ પોલીસને સોંપ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, રાત્રે આશરે 2:30 વાગ્યે નાના પાટેકરને ડોના પાઉલા સ્થિત પોતાના નિવાસસ્થાને ગભરામણ અને છાતીમાં તકલીફ અનુભવાઈ હતી. તેમણે પોતાના નજીકના મિત્ર અમેય નાઈકને સંદેશ મોકલીને તબિયત સારી ન હોવાની જાણ કરી હતી.

# સિટી એક્સપ્રેસ

SUNDAY 11 OCTOBER-2026

AHMEDABAD


## રાજ્યમાં 22 હજારથી વધુ સ્થળે ગરબાનું આયોજન

અમદાવાદ | આસ્થા, ઉલ્લાસ અને પરંપરાગત ગરબાના મહાપર્વ નવરાત્રિ દરમિયાન રાજ્યભરમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ગુજરાત પોલીસે ચુસ્ત બંદોબસ્ત પ્લાન તૈયાર કર્યો છે. જેમાં રાજ્યના સંવેદનશીલ મહાનગરોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી નોંધાયેલા કુલ 22 હજારથી વધુ ગરબા મહોત્સવોમાં લાખો ખેલૈયાઓ ગરબે ઘૂમશે. તેને ધ્યાને રાખીને રાજ્ય પોલીસ વડાએ તમામ જિલ્લા પોલીસ વડાઓ તેમજ પોલીસ કમિશનરને એલર્ટ રહીને પેટ્રોલિંગ વધારવા સ્પષ્ટ આદેશો આપ્યા છે.

## 11 વોર્ડની 44 બેઠકો માટે 11 ઓક્ટોબરે મતદાન

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટેની તમામ તૈયારીઓ આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. 11 ઓક્ટોબરના રોજ ગાંધીનગર મનપાના 11 વોર્ડની 44 બેઠકો માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મતદાનનો સમય સવારે 7:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યા સુધીનો રહેશે. આ સાથે જ ઓખા અને થરા નગરપાલિકાની ખાલી પડેલી બેઠકો સહિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કુલ 31 વોર્ડની 109 બેઠકો પર મતદાન યોજાશે, જેમાં રાજ્યના કુલ 3,38,700 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.



## પોલીસ અને ભાજપની મહિલા કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ....

# ‘એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યા ભરોસા ’:ભાજપ મહિલા મોરચાનો કોંગ્રેસ સામે વિરોધ, રાજીવ ગાંધી ભવન જતાં રોકતા પોલીસ સાથે ઘર્ષણ

(એજન્સી) ગાંધીનગર | તા.10

અમદાવાદના પાલડીમાં રાજીવ ગાંધી ભવન બહાર આજે ભાજપ મહિલા મોરચાના વિરોધ પ્રદર્શનને લઈ પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવાયો હતો. JNUના પ્રોફેસર અને કોંગ્રેસના સાંસદ અંગોમચા બિમોલ અકોઈજાન સામે વિદ્યાર્થિનીઓની જાતીય સતામણીના આરોપોને લઈને ભાજપ મહિલા મોરચાએ કોંગ્રેસ સામે મોરચો માંડ્યો હતો. ડીજે અને સાઉન્ડ સિસ્ટમ સાથે ‘એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યા ભરોસા’ અને ‘કોંગ્રેસ હાય હાય, રાહુલ ગાંધી હાય હાય’ના નારા લગાવ્યાં હતાં.

વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને એક DCP, બે ACP, છ PI સહિત 600થી વધુ પોલીસકર્મીઓ તહેનાત કરાયા હતા. મોટી સંખ્યામાં ભાજપ મહિલા મોરચાની કાર્યકર્તાઓ રાજીવ ગાંધી ભવન તરફ આગળ વધતા પોલીસે રોકતા ઘર્ષણ થયું હતું. બાદમાં રસ્તામાં ધરણા પર બેસી વિરોધ પૂર્ણ કર્યો હતો.

ભાજપ મહિલા મોરચાના કાર્યકર્તાઓને રાજીવ ગાંધી ભવન તરફ જતા અટકાવવામાં આવતા હવે ધરણા પર બેસીને વિરોધ કરી રહ્યા છે. ભાજપ મહિલા મોરચાના કેટલાક કાર્યકર્તાઓ બેરિકેટ કૂદીને રાજીવ ગાંધી ભવન તરફ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ કાર્યાલયની બહાર વિરોધ કરવા આવેલી ભાજપની મહિલા કાર્યકર્તાને નેતાઓને પોલીસ દ્વારા દંડા વડે ઘસેડીને દૂર કરવામાં



આવ્યા. ‘હાય રે કોંગ્રેસ હાય હાય, હાય રે રાહુલ હાય હાય’ના નારા લગાવી રાજીવ ગાંધી ભવન તરફ જવાનો પ્રયાસ કરતી મહિલાઓને પોલીસ દ્વારા અટકાવીને ધક્કા મારીને પાછળ ધકેલવામાં આવી છે. ભાજપના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રીને પોલીસ દ્વારા રોકી લેવામાં આવ્યા છે. આગળ જતા તમામને અટકાવવામાં આવ્યા છે. મહિલાઓ માટે 200થી વધુ મહિલા પોલીસ રાખવામાં આવી છે. ભાજપ મહિલા મોરચાના કાર્યકર્તાઓ રાજીવ ગાંધી ભવન તરફ દોટ મૂકી છે.

’એક કચોરી દો સમોસા, રાહુલ તેરા ક્યાં ભરોસા’ના નારા સાથે મહિલા મોરચા દ્વારા વિરોધ અને ધરણા પ્રદર્શન શરૂ કરવામાં આવ્યું છે. મંત્રી દર્શનાબેન વાઘેલા, ધારાસભ્ય પાયલ કુકરાણી સહિત મોટી સંખ્યામાં મહિલા મોરચાના કાર્યકર્તાઓ વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે. કેરીકેટિંગ આગળ મહિલા પોલીસ સ્ટાફ ખડકી દેવાયો JCP નીરજ બડગુજર સહિતના પોલીસ અધિકારીઓ રાજીવ ગાંધી ભવન પહોંચ્યાં વિશાળ બેનર સાથે મોટી સંખ્યામાં મહિલા મોરચાના કાર્યકર્તાઓ વિરોધ કરવા માટે રાજીવ ગાંધી ભવન ખાતે એકઠા થઈ રહ્યા છે.

ઝોન-7 DCP શિવમ વર્માએ જણાવ્યું કે, ભાજપના મહિલા મોરચાના વિરોધ પ્રદર્શનને લઈ એક DCP, બે ACP, છ PI સહિત 600થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત કરાયા છે. ભાજપ મહિલા મોરચાના કાર્યકર્તાઓના વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ત્રણ સ્તરે બેરિકેડિંગ ગોઠવવામાં આવ્યું છે. શાંતિપૂર્ણ માહોલમાં બધું પૂર્ણ થઈ જાય તેવી વ્યવસ્થા કરાઈ છે. વિરોધ પ્રદર્શન માટે પોલીસ પરવાનગી લેવામાં આવી છે. જે પણ કાર્યક્રમ રાખવામાં આવ્યા છે, તેની પૂરી તૈયારી છે જે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવશે.

# ચાંદખેડામાં ચોથા માળેથી કૂદીને પરિણીતાએ આપઘાત કર્યો...

## છેલ્લો ફોન બહેનને કરીને કહ્યું-પતિ,સાસુ-સસરા અને નણંદ ટોર્ચર કરે છે, 15 મિનિટ બાદ મોતના સમાચાર મળ્યાં...

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતી 30 વર્ષીય પરિણીતાએ પતિ સહિત સાસરિયાઓના ત્રાસથી કંટાળીને આપઘાત કર્યો છે. શરૂઆતમાં પતિ અને સાસરિયાઓ દહેજ માંગતા હતા. જે બાદ પતિ દારૂ પીને મારઝૂડ કરતો હતો. આખરે કંટાળીને યુવતીએ 8 ઓક્ટબરે બહેનને ફોન કરી પતિ અને સાસરિયાઓના ત્રાસ અંગે જાણ કરી, 15 મિનિટમાં ફ્લેટમાં ચોથા માળેથી કૂદીને આપઘાત કરી લીધો. આ અંગે ચાંદખેડા પોલીસે પતિ સહિત ચાર સામે ગુનો દાખલ કર્યો છે.નવા વાડજમાં રહેતા ડાહ્યાભાઈ રાવતની 30 વર્ષીય દીકરી જયાના ચાંદખેડામાં રહેતા સુનિલ જાદવ સાથે પ્રેમ લગ્ન કરાવ્યા હતા. લગ્નના થોડા સમય બાદથી સુનિલે જયાને દેવું થયું છે કહીને પિતાના ઘરેથી બે લાખ લાવવાનું કહ્યું હતું. જયાના પિતાએ બે લાખ રૂપિયા આપ્યા પણ હતા. પૈસા આપ્યા બાદ પણ જયાનો પતિ સુનિલ, સસરા ગિરીશ જાદવ, સાસુ જશોદા અને નણંદ હિના અવારનવાર ત્રાસ આપતા હતા.થોડા સમય બાદ સુનિલ દારૂના રવાડે ચઢી ગયો હતો. સુનિલ દારૂ પીને જયા સાથે



મારઝૂડ કરતો હતો. જયા દારૂ પીવાથી રોકતી તો સુનિલ જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. સુનિલ અને સાસરીના અન્ય લોકો જયાનો પગાર લેવા હેરાન કરતા હતા.8 ઓક્ટોબરે રાતના સમયે જયાએ તેની બહેનને ફોન કરીને જાણ કરી હતી કે, તેનો પતિ, સાસુ, સાસરા અને નણંદ બહુ ટોર્ચર કરે છે. આથી બહેને તેને પિયરમાં આવી જવાનું કહ્યું હતું, પરંતુ બાદમાં જયાનો ફોન લગતો નહતો. બાદમાં જયાના સસરાને ફોન કરતા જાણ થઈ કે, જયાએ ફલેટના ચોથા માળેથી કૂદીને આપઘાત કર્યો છે. જયાના આપઘાત મામલે પતિ, સાસુ, સસરા અને નણંદ સામે આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

## રાજકોટ 39.7°C સાથે બીજા દિવસે સૌથી ગરમ : રાજ્યમાં ગરમીનો પારો 40 ડિગ્રી પાર જવાની સંભાવના



રાજકોટ 39.7C અને સુરેન્દ્રનગર 38.3C સાથે સતત બીજા દિવસે રાજ્યના સૌથી ગરમ શહેર રહ્યાં. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે બાકીના વિસ્તારોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળ્યો ન હતો. ઓક્ટોબરમાં ગરમીનો પારો 40 ડિગ્રી પાર પહોંચે તેવી સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ રાજ્યમાં વરસાદની કોઈ શક્યતા નથી. સાથે તાપમાનમાં પણ કોઈ મોટો બદલાવ થવાની શક્યતા નથી, પરંતુ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી બે ડિગ્રી સેલ્સિયસ ઊંચું રહી શકે છે. સમગ્ર રાજ્યમાં પવનોની દિશા સામાન્ય રીતે પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ તરફની રહી છે. આગામી દિવસોમાં પણ હવામાન યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

# ડોમ ધરાશાયી થતા કિર્તીદાનના ગરબા ખુલ્લામાં યોજાશે : 12થી 20 ઓક્ટો.સુધી ગરબા થશે

(એજન્સી) અમદાવાદ | તા.10

ડોમ ધરાશાયી થયા બાદ અમદાવાદમાં યોજાનારા પરંપરાના ગરબા 12 થી 20 ઓક્ટોબર દરમિયાન ગરબા યોજાશે. કિર્તીદાન ગઢવીએ સોશિયલ મીડિયા પર રીલ મૂકી જાહેરાત કરી. હવે ખુલ્લામાં ગરબા યોજાશે.

કિર્તીદાને રીલ બનાવી જણાવ્યું કે, ગઈકાલ સાંજથી એવા ન્યૂઝ ફરી રહ્યા છે કે, પરંપરા નવરાત્રિના કિર્તિદાન ગઢવીના ગરબાના ડોમને નુકસાન થયું છે. નુકસાન જરૂર થયું છે પણ મારા, અમારી ટીમના કે તમારા ઉત્સાહને બિલકુલ નુકસાન થયું નથી. તમારા મેસેજ ખૂબ મળી રહ્યા છે, તમારા આ પ્રેમ થકી આ શક્ય બન્યું છે અને અમારો ઉત્સાહ વધી ગયો છું. ડોમને બદલે હવે આપણે ખુલ્લા ગ્રાઉન્ડમાં નવરાત્રિ કરીશું. બીજા નોરતાથી દશેરા સુધી ગરબા રમીશું. સાઉન્ડ, લાઈટ સહિતની વ્યવસ્થા એ જ છે. આપણે પરંપરા સાથે છીએ. જય માતાજી.

9 ઓક્ટબરની સાંજે અમદાવાદના એસ.પી રીંગ રોડ પર આવેલા ગોપાલ ફાર્મમાં કિર્તીદાન ગઢવીના ‘પરંપરા’ નવરાત્રિ નામથી યોજાનારા ગરબાનો AC ડોમ ધરાશાયી થયો હતો. 11 ઓક્ટોબરથી ગરબા શરૂ થવાના હતા. જેને લઈને એસી ડોમમાં કામગીરી ચાલી રહી હતી, ત્યારે બે મહિને બનેલો ડોમ અચાનક જ પડી ગયો હતો. .આ નવરાત્રિ આયોજન 9 લાખ સ્કવેર ફૂટ જગ્યામાં કરવામાં આવ્યું હતું. તેમજ એક સાથે 12000 લોકો ગરબા નિહાળી શકે એટલી ક્ષમતા હતી.

આખો ડોમ સંપૂર્ણ તૈયાર થઈ ગયો હતો. લાઈટિંગ સહિત તમામ વસ્તુઓ લગાવી દેવામાં આવી હતી. પરંતુ કેટલાક લોકો કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ડોમ ધરાશાયી થતા કેટલાક શ્રમિકોને સામાન્ય ઈજા પહોંચી છે. જો બે દિવસ બાદ ઘટના બની હોત તો મોટી જાનહાનિ થઈ શકે તેમ હતી.

આ વર્ષે ઘણા જાણીતા સિંગર પરફોર્મ કરી ખેલૈયાઓનો ડોલાવવા તૈયાર થઈ ગયા છે. ખાસ કરીને અમદાવાદમાં આદિત્ય ગઢવી, દિવ્યા ચૌધરી, જિગ્નેશ કવિરાજ, હાર્દિક દવે, ઈશાની દવે સહિતના અનેક સિંગર અમદાવાદમાં નવરાત્રિ કરવા આવવાના છે, ત્યારે આ વર્ષે નવરાત્રિમાં ખેલૈયાઓને નવું શું જોવા મળશે. કયા સિંગર કયા વેન્યૂ પર પર્ફોર્મ કરશે તે જણાવી રહ્યા છીએ.

# ગુજરાતમાં NPS થી OPS રૂપાંતરણમાં ઐતિહાસિક સફળતા: ૧૯,૦૦૦થી વધુ કેસોનો ઝડપી નિકાલ...

(એજન્સી) ગાંધીનગર: તા.10

ગુજરાત સરકાર દ્વારા ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ કર્મચારીઓને જૂની પેન્શન યોજના (OPS)નો લાભ આપવા માટે લેવાયેલા પ્રજાભિમુખ નિર્ણયના સફળ અમલીકરણમાં નાણા વિભાગ દ્વારા અભૂતપૂર્વ અને પારદર્શક કામગીરી હાંસલ કરવામાં આવી છે. આ કામગીરી માન. કેબિનેટ નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ તથા માન. રાજ્ય કક્ષાના નાણાં મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવી છે. મુખ્ય સિદ્ધિઓ અને સઘન કામગીરી ૧૯,૨૨૯ કેસોનો ત્વરિત નિકાલ: NPS ઉપાડ શાખા દ્વારા NPS થી OPS રૂપાંતર, નિવૃત્તિ અને અવસાનના કુલ ૧૯,૨૨૯ કેસો પૂર્ણ કરવામાં આવ્યા છે. જે પૈકી અવસાન અથવા નિવૃત્તિના ૧,૦૩૭ કેસોમાં રૂ. ૧૨૪.૦૮ કરોડની પેન્શન ઓથોરિટી સમયસર ઈસ્યુ કરવામાં આવી છે. રૂ. ૧,૦૧૯ કરોડથી વધુનું સરકારી વળતર જમા: NPS સરકારી ફાળા પર પ્રાપ્ત થયેલ રૂ. ૧,૦૧૯.૬૯ કરોડનું વળતર હપ્તે-હપ્તે વિભાજિત કરવાને બદલે એકસાથે સરકારશ્રીના ‘૦૦૪૯ - વ્યાજની પ્રાપ્તિ‘ સદરે જમા કરાવી બજેટ અને વિકાસ કાર્યો માટે ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. રૂ. ૨,૨૩૦ કરોડનું D.D. ચૂકવણું: કુલ ૩૨૭ ડિમાન્ડ ડ્રાફ્ટ (D.D.) મારફતે રૂ. ૨,૨૩૦.૨૨ કરોડની રકમનું DEO, DPEO અને શાસનાધિકારીઓને સુચારુ ચુકવણું કરવામાં આવ્યું છે. QR અને બાર કોડથી પારદર્શકતા: નાણાકીય ગેરરીતિ અટકાવવા માટે ઓથોરિટી અને D.D. ડિસ્પેચ લેટરમાં QR તથા બાર કોડ ટેકનોલોજીનો ઉપયોગ કરી સંપૂર્ણ પારદર્શકતા જાળવવામાં આવી છે. બલ્ક પ્રોસેસિંગ પદ્ધતિ: જિલ્લા કચેરીવાર બલ્ક પ્રોસેસિંગ પદ્ધતિ અપનાવીને વિલંબ અને ભ્રષ્ટાચારમુક્ત વહીવટ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. માન. નાણાં મંત્રીશ્રીઓના નેતૃત્વમાં નાણાં વિભાગ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગરના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા આટલી વિશાળ અને સંવેદનશીલ હિસાબી કામગીરી અત્યંત નિષ્ઠા, પારદર્શકતા અને જવાબદારીપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.




## કોંગ્રેસના સિનિયર નેતા દીપક બાબરિયાનું નિધન : લાંબા સમયથી બીમાર હતા...



(એજન્સી) અમદાવાદ | તા.10

અખિલ ભારતીય કોંગ્રેસના પૂર્વ મહામંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા દીપક બાબરિયાનું આજે અવસાન થયું છે. બાબરિયા એક સમર્પિત કોંગ્રેસી નેતા હતા, તેમણે સંગઠનમાં વિવિધ સ્તરે પોતાની જવાબદારીઓ નિભાવી હતી. તેમના અવસાનથી કોંગ્રેસ પરિવારમાં શોકની લાગણી વ્યાપી છે.

દીપક બાબરિયાના પાર્થિવ દેહને કોંગ્રેસ કાર્યાલય લવાશે. બપોરે 1:30 કલાકે કોંગ્રેસ કાર્યાલય લાવ્યા બાદ અંતિમ સંસ્કાર એલિસબ્રિજ સ્મશાન ગૃહમાં કરાશે. બાબરિયા છેલ્લા ત્રણ મહીનાથી બીમાર હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા દીપક બાબરિયા પક્ષમાં લાંબા સમયથી સંગઠનાત્મક કામગીરી માટે જાણીતા રહ્યા છે. જાહેર જીવનમાં મોટા ભાગે પડદા પાછળ રહીને કામ કરવાનું પસંદ કરનારા બાબરિયાએ પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીમાં વિવિધ જવાબદારીઓ સંભાળી હતી.

# અમદાવાદના નવરંગપુરામાં ‘સિટી વાઈબ –શોપિંગ & લાઈફસ્ટાઈલ એક્ઝિબિશન’નો પ્રારંભ




અમદાવાદ | અમદાવાદના હૃદયસમા નવરંગપુરા વિસ્તારમાં આજથી ત્રણ દિવસીય ‘સિટી વાઈબ - શોપિંગ & લાઈફસ્ટાઈલ એક્ઝિબિશન’ નો ભવ્ય પ્રારંભ થયો છે. નવરાત્રીના પવિત્ર અને આનંદમય તહેવારને આવકારવા માટે સી.જી. રોડ પર સ્વાસ્તિક ક્રોસ રોડ નજીક આવેલા શ્રી સત્યાવીસ દશા પોરવાડ વિદ્યા મંદિર હોલ ખાતે આ વિશેષ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. 9, 10 અને 11 ઓક્ટોબર 2026 દરમિયાન યોજાઈ રહેલા આ ઉત્સવમાં અમદાવાદના નાગરિકો માટે તહેવારોની ખરીદીનો એક અનોખો સંગમ રજૂ કરવામાં આવ્યો છે. આ એક્ઝિબિશનમાં 59થી વધુ વિવિધ બ્રાન્ડ્સ અને સ્ટોલ્સનો સમાવેશ થાય છે, જેમાં ટ્રેડિશનલ અને ટ્રેન્ડી ફેશન, ડિઝાઈનર આભૂષણો, લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ, બ્યુટી અને ઘરવપરાશની સામગ્રીનું વિશાળ કલેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. શહેરના નાગરિકો શાંતિપૂર્ણ અને અનુકૂળ વાતાવરણમાં ખરીદીનો આનંદ માણી શકે તે માટે સમગ્ર આયોજન સંપૂર્ણપણે એર-કન્ડીશન્ડ હોલમાં કરવામાં આવ્યું છે. એક જ સ્થળેથી નવરાત્રી તથા આગામી તહેવારો માટેની તમામ જરૂરી વસ્તુઓ મળી રહેતી હોવાથી મુલાકાતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. માત્ર શોપિંગ જ નહીં પરંતુ સમગ્ર પરિવાર માટે મનોરંજન મળી રહે તે હેતુથી પ્રદર્શનમાં ગરબા કલ્ચરલ વાઈબ્સ, ફૂડ કોર્ટ, અને બાળકો માટે ખાસ કિડ્સ એક્ટિવિટી ઝોન તૈયાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આયોજકો દ્વારા દરેક મુલાકાતી માટે ખાસ સરપ્રાઈઝ હોમ-કેર ગિફ્ટ, શોપિંગ ખરીદી પર આકર્ષક ભેટ અને દૈનિક લકી ડ્રો જેવી સુવિધાઓ પણ રાખવામાં આવી છે. આ ત્રણ દિવસ દરમિયાન હજારો મુલાકાતીઓ આ પ્રદર્શનનો લાભ લેશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.આ શોપિંગ ઉત્સવ અમદાવાદના સંગીતમય અને ઉત્સવપ્રેમી વાતાવરણમાં નવરાત્રીની રોનક વધારવાનું કાર્ય કરી રહ્યો છે. સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવાની સાથે સાથે શ્રદ્ધાળુઓ અને શોપિંગ પ્રેમીઓ માટે આ એક્ઝિબિશન તહેવારોની ખરીદીનું એક મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે.

# દીકરીના MBBSમાં પ્રવેશના બહાને આચાર્ય સાથે ₹22 લાખની ઠગાઈ : બી.જે. મેડિકલ કોલેજનો નકલી એલોટમેન્ટ લેટર આપી ગઠિયાઓએ પૈસા પડાવ્યાં...

અમદાવાદ | અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા અને સ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા 46 વર્ષીય આધેડ સાથે સાયબર ગઠિયાઓએ તેમની દીકરીને સરકારી મેડિકલ કોલેજમાં MBBSમાં પ્રવેશ અપાવવાની લાલચ આપી 22.75 લાખ પડાવી લીધા હોવાની ગંભીર ઘટના સામે આવી છે. દીકરીએ ધોરણ 12 સાયન્સ અને NEETની પરીક્ષા પાસ કર્યા બાદ સોશિયલ મીડિયા પર એડમિશન અંગેની જાહેરાત જોઈ હતી, જેની પિતાને જાણ કરી હતી.

આ જાહેરાતના આધારે આચાર્યએ સંપર્ક કરતાં ગઠિયાઓએ નકલી કન્સલ્ટન્સીના માલિક અને કર્મચારી બનીને આચાર્યનો વિશ્વાસ જીત્યો હતો. ગઠિયાઓએ સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવવા માટે કુલ 30 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ એડમિશન પ્રક્રિયા અને વિવિધ ફીના બહાના હેઠળ લગભગ બે મહિના દરમિયાન ટુકડે-ટુકડે કુલ 22.75 લાખ પડાવી લીધા હતા.

નાણાં મેળવ્યા બાદ ગઠિયાઓએ આચાર્યને એક એલોટમેન્ટ લેટર આપ્યો હતો. આચાર્યએ જ્યારે અમદાવાદ સ્થિત બી.જે. મેડિકલ કોલેજમાં જઈને આ લેટરની ખરાઈ કરી ત્યારે તે નકલી હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે ભારે ઠગાઈ થઈ હોવાનું માલૂમ પડતાં આચાર્યએ તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. જુહાપુરાના રહીશ શાહિદ મીરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ થલતેજ ખાતે ભાગીદાર સાથે મળીને મોબાઈલ અને DTH રિચાર્જ સહિતની ડિજિટલ સેવાઓ પૂરી પાડે છે. તાજેતરમાં હિસાબ મિલાવતી વખતે જાણવા મળ્યું




હતું કે કંપનીના વોલેટમાંથી કરાયેલા રિચાર્જ સામે રકમ પરત જમા થઈ નહોતી. વધુ તપાસમાં કોઈ અજાણ્યા શખસે અનાધિકૃત રીતે સિસ્ટમ લોગીન કરીને 17.45 લાખના કુલ 496 ફેક ટ્રાન્ઝેક્શન કર્યા હોવાનું સામે આવ્યું હતું.

# અમદાવાદના એજન્ટે ₹23 લાખમાં 6 માસના વર્ક પરમિટ વિઝાની લાલચ આપી ટુકડે-ટુકડે નાણાં પડાવ્યા

અમદાવાદ | નવસારીમાં રહેતા અને બરોડા ક્રિકેટ એસોસિએશનમાં કોચ તરીકે ફરજ બજાવતા રાજેશ પંચાલ તથા તેમના પરિવાર સાથે કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને 16.80 લાખની છેતરપિંડી થઈ હોવાનો મામલો સામે આવ્યો છે. અમદાવાદના શ્યામલ વિસ્તારમાં ઓફિસ ધરાવતા એજન્ટે 23 લાખમાં વિઝા અપાવવાની ખાતરી આપી હતી. જોકે, તબક્કાવાર નાણાં વસૂલ્યા બાદ પણ વિઝા ન આપતાં પરિવારે સેટેલાઈટ પોલીસનો સંપર્ક કર્યો છે. રાજેશ પંચાલનાં પત્ની રાજેશ્રીબેને ઈન્સ્ટાગ્રામ પર ’બ્રાઈટ વે ઈમિગ્રેશન’ નામની જાહેરાત જોઈ હતી. ત્યારબાદ દંપતી અમદાવાદના શ્યામલ વિસ્તારમાં આવેલી ઓફિસે પહોંચ્યું હતું, જ્યાં તેમની મુલાકાત દીપક ઉપાધ્યાય નામના એજન્ટ સાથે થઈ હતી. એજન્ટે છ મહિનામાં પરિવારના કેનેડા વર્ક પરમિટ વિઝા આવી જશે તેમ જણાવી કુલ 23 લાખનો ખર્ચ કહ્યો હતો. આ ખાતરીના આધારે દંપતીએ એજન્ટને તબક્કાવાર નાણાં આપ્યાં હતાં. ફરિયાદ મુજબ, એજન્ટે વિવિધ પ્રોસેસિંગ ફી અને અન્ય ખર્ચના બહાને કુલ 16.80 લાખ મેળવી લીધા હતા.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 12 October, 2026 | 6:30 PM | Palanpur |

Venue: Hotel Lajwanti, Aroma Circle, Highway Cross Road, Palanpur, Gujarat - 385001

Name: Deepak Ainani | Mobile : 7208070359

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.